# સ્વામિનારાયણ ચરિત્ર

ભગવાન સ્વામિનારાયણના દિવ્ય જીવનનું વૃત્તાંત

**ભાગ-3**





પૂર્ણ પુરુષોત્તમ
ભગવાન સ્વામિનારાયણ



જીવનપ્રાણ
અબજીબાપાશ્રી

## સ્વામિનારાયણ મંદિર વાસણા સંસ્થા (SMVS)

સત્ય, અહિંસા, પ્રામાણિકતા, કૌટુંબિક એકતા આદિ સામાન્ય આચરણથી લઈને આધ્યાત્મિક દિવ્ય આચરણોનું સિંચન કરવું તેમજ સનાતન ભગવાન સ્વામિનારાયણની સર્વોપરી ઉપાસના અને અનાદિમુક્તની આધ્યાત્મિક અલૌકિક સ્થિતિનો આસ્વાદ માણતા એક દિવ્ય સમાજની રચના કરી શ્રીજીમહારાજનો વ્હાલો સમાજ તૈયાર કરવો એ જ એકમાત્ર આ આધ્યાત્મિક સ્વામિનારાયણ સંસ્થાનો લક્ષ્ય છે.

દેશ અને સમાજની પ્રત્યેક વ્યક્તિમાં આધ્યાત્મિકતાની નવી ચેતના પ્રગટાવી જીવનપરિવર્તનના મહામૂલા કાર્યમાં આ **SMVS** સંસ્થા સતત પ્રવૃત્ત રહે છે. સંસ્થાના ૧૦૦ જેટલા સંતો-પાર્ષદો તથા ૧૦૧ જેટલાં ત્યાગી મહિલામુક્તો, ૧૦,૦૦૦થી પણ વધુ કાર્યકરો અને સ્વયંસેવકો સંસ્થા દ્વારા ચાલતાં સેંકડો બાળ-બાલિકા મંડળો, યુવા-યુવતી મંડળો તથા પુરુષ-મહિલાના સંયુક્ત મંડળોમાં જીવનપરિવર્તનની દિવ્ય પ્રેરણા આપી પોતાના જીવનની સાફલ્યતાને અનુભવી રહ્યાં છે. અવનવાં આધ્યાત્મિક અભિયાનો દ્વારા જન જન સુધી પહોંચી અજ્ઞાન ને દુ:ખરૂપી તિમિરને દૂર કરી જ્ઞાન ને સુખરૂપી પ્રકાશ પાથરી રહ્યાં છે.

ભારત, યુ.કે., અમેરિકા, કેનેડા, ઑસ્ટ્રેલિયા, ન્યૂઝીલેન્ડ, કુવૈત, દુબઈ, કેન્યા, યુગાન્ડા, ઝામ્બિયા આદિ દેશોમાં આધ્યાત્મિક સેવાઓનાં સોપાન સર કરવાની સાથે સર્વજનહિતાવહ એવા સામાજિક સેવાકાર્યોમાં પણ આ સંસ્થા ભાગીરથી બની રહી છે. શિક્ષણ, સંસ્કાર અને સત્સંગનો ત્રિવેણી સંગમ ખડો કરી, ગુરુકુલ જેવાં પરિસરો બાંધી અનેક તરુણોના જીવનને ઘાટ આપવાનું સેવાકાર્ય તો વળી જરૂરિયાતમંદોને શૈક્ષણિક તેમજ તબીબી સહાયની સેવાથી માંડી વસ્ત્રદાન, રોગનિદાન કેમ્પ, રક્તદાન કેમ્પ જેવી અનેક સેવાઓ તેમજ તબીબી સેવામાં વિશેષ રૂપે મેડિકલ સેન્ટરો તથા **SMVS** સ્વામિનારાયણ હોસ્પિટલ આદિ સેવાઓ પણ આ સંસ્થા દ્વારા કરવામાં આવે છે. ભૂકંપની હોનારત હોય કે પછી પૂરની તારાજી હોય પરંતુ જનહિતાવહ કાજે રાહતકાર્યની સેવામાં આ સંસ્થા સર્વત્ર ખડે પગે હાજર રહે છે.

સંસ્થાની આવી મહામૂલી આધ્યાત્મિક, સામાજિક તેમજ સર્વજનહિતાવહ સેવા-પરિચર્યાનાં અજવાળાં સર્વત્ર જનમાનસમાં ફેલાયાં છે. દેશ અને સમાજના જન જન પ્રત્યે આ સંસ્થા પોતાનાં સેવાકાર્યો અને આધ્યાત્મિક મૂલ્યોની સુવાસ પ્રસરાવવામાં સદાય અગ્રેસર રહી છે ને રહેશે.

# સ્વામિનારાયણ ચરિત્ર

ભગવાન સ્વામિનારાયણના દિવ્યજીવનનું વૃત્તાંત

**ભાગ-૩**


**લેખનકાર્ય**

સાહિત્ય લેખન વિભાગ



**પ્રકાશક**

સત્સંગ સાહિત્ય ડિપાર્ટમેન્ટ

સ્વામિનારાયણ ધામ, ગાંધીનગર–૩૮૨૪૨૧

# સ્વામિનારાયણ ચરિત્ર

ભગવાન સ્વામિનારાયણના દિવ્યજીવનનું વૃત્તાંત

**ભાગ-૩**


**રજૂકર્તા** : સ્વામિનારાયણ મંદિર વાસણા સંસ્થા (SMVS)

**આદ્ય સ્થાપક** : શુદ્ધ ઉપાસના પ્રવર્તક
પ.પૂ. અ.મુ. સદ્. શ્રી દેવનંદનદાસજી સ્વામી
(ગુરુદેવ પ.પૂ. બાપજી)

**પ્રેરક** : પ.પૂ. અ.મુ. સદ્. શ્રી સત્યસંકલ્પદાસજી સ્વામી
(ગુરુવર્ય પ.પૂ. સ્વામીશ્રી)

**પ્રકાશક** : સત્સંગ સાહિત્ય ડિપાર્ટમેન્ટ,
સ્વામિનારાયણ ધામ, ગાંધીનગર-૩૮૨૪૨૧
ફોન : ૯૯૨૫૨૩૭૦૦૪, Email : ssd@in.smvs.org

**આવૃત્તિ** : પ્રથમ, ફેબ્રુઆરી – ૨૦૨૫

# ગુરુવર્ય પ.પૂ. સ્વામીશ્રીના આશીર્વાદ

આપણા સૌના જ્ઞેય, ધ્યેય અને ઉપાસ્ય મૂર્તિ એવા શ્રી સ્વામિનારાયણ ભગવાન છે. જે સમગ્ર સંપ્રદાયના તમામ આશ્રિતગણનું લક્ષ્ય છે, નિશાન છે અને મુકામ છે. સૌએ એમના દિવ્ય સ્વરૂપમાં જોડાઈ છતે દેહે મૂર્તિસુખના અનુભવી થવું અર્થાત્ અનાદિમુક્તની સ્થિતિને પામવી એ જ અંતિમ લક્ષ્ય સેવવાનું છે. છતાં શ્રીજીમહારાજના પ્રાગટ્યથી માંડીને આ લોકમાં દેખાતો ભાવ અદૃશ્ય કર્યો ત્યાં સુધીના તેઓના તમામ ચરિત્રો પણ અતિ દિવ્ય ને કલ્યાણકારી જ છે. એ ચરિત્રોનું વાંચન, મનન અને ચિંતન પણ અંતઃકરણને શુદ્ધ અને પવિત્ર કરનાર છે.



આ વાતને સમર્થન આપતાં શ્રીજીમહારાજે ગઢડા મધ્યના ૫૮મા વચનામૃતમાં કહ્યું છે, ‘અમે જે જે ચરિત્ર કર્યાં હોય અને જે જે આચરણ કર્યાં હોય તે આચરણને વિષે ધર્મ પણ સહેજે આવી જાય અને અમારો મહિમા પણ આવી જાય.’

આમ, સ્વામિનારાયણ મહાપ્રભુના દિવ્યજીવનનું વૃત્તાંત સૌના માટે સદાય સુખિયા થવા પથદીપક સમાન છે. માટે સ્વામિનારાયણ ભગવાનના દિવ્ય ચરિત્રો સર્વેએ એકાગ્રતાથી વાંચવા... તો મહાપ્રભુ સ્વામિનારાયણ ભગવાનનો જેમ છે તેમ મહિમા જરૂર સમજાશે અને તેમની મૂર્તિનું ખૂબ ખૂબ સુખ આવશે...

દાસાનુદાસ સેવક<br>
સાધુ સત્યસંકલ્પદાસના<br>
જય સ્વામિનારાયણ

# પ્રસ્તાવના

'મૂળો નાસ્તિ કુતો શાખા' એમ જેમણે દેહ ધર્યો જ નથી તો પછી ચરિત્રો શાનાં..? તેથી સૌને જરૂર પ્રશ્ન થાય કે સંવત ૧૮૩૭ની સાલમાં છપૈયામાં ધર્મપિતા-ભક્તિમાતાને ઘેર ઘનશ્યામ પ્રભુ પ્રગટ્યા. અગિયાર વર્ષ સુધી અનેક બાળચરિત્રો કર્યાં, સાત વર્ષ સુધી વનવિચરણ કર્યું. સદ્. રામાનંદ સ્વામી પાસે દીક્ષા લીધી, ધર્મધુરા ગ્રહણ કરી. સ્વામિનારાયણ સંપ્રદાય સ્થાપ્યો, ૩૦ વર્ષ સુધી સત્સંગમાં વિચર્યા ને સંવત ૧૮૮૬માં દેહ મૂક્યો. તો શું એ બધું ખોટું ?

ના. આમાંનું કશું જ ખોટું નથી. અવરભાવની દૃષ્ટિએ બધું સાચું જ છે. પરંતુ જેણે ભગવાન સ્વામિનારાયણના સ્વરૂપને જેમ છે તેમ સર્વોપરી, સનાતન, સર્વાવતારી, અજોડ, દિવ્યાતિદિવ્ય, સર્વ કારણના કારણ, ભવ્યાતિભવ્ય, સદા સાકાર અને સદા પ્રગટ ને પ્રત્યક્ષ જાણી સર્વે અંગે નિશ્ચય કર્યો હોય, મહારાજના પરભાવના સ્વરૂપની દૃઢતા કરી હોય એના માટે એ નર-નાટક જ છે.

જેને દિવ્યભાવ છે તેને મહારાજના અવરભાવના ચરિત્રોમાં પણ પરભાવ જ જણાય. માત્ર જરૂર છે અવરભાવની દૃષ્ટિ અને સમજણ છોડવાની. કેમ જે પરભાવનું સ્વરૂપ ગમે તેટલું પોતાનું સર્વોપરીપણું, દિવ્યપણું છુપાવવા તથા દબાવવા પ્રયત્ન કરે તોપણ એ પ્રગટ્યા વિના છાનું રહે નહીં. પરંતુ દિવ્યભાવ વગર તેને ઓળખી કે પામી શકાય નહીં.

મહારાજનો મનુષ્યોને મનુષ્ય જેવાં દર્શન આપવા પાછળનો હેતુ એક જ હતો : અનંત જીવોને પોતા જેવા પુરુષોત્તમરૂપ પાત્ર કરવા. તો સ્વાભાવિક છે કે એમના અવરભાવનાં ચરિત્રો પણ પોતાના મૂળભૂત સંકલ્પને પૂરો કરવા માટે જ હોય.

સર્વોપરી મહાપ્રભુના દિવ્ય ચરિત્રોને વાંચી, માણી, તેમનાં ચરિત્રો સાથે સંલગ્ન થતાં હૃદયમાં શાંતિનો તથા સુખનો મહાસાગર ઘૂઘવવા લાગે છે.

માત્ર લીલાચરિત્રો વાંચી, સાંભળી એમાં જ આનંદ માણવો અને એમાં જ રાચવું એ કાર્ય સત્સંગની રીત છે. મહારાજ કયા ગામથી કયા ગામ ગયા અને

કેવી રીતે કોનો મોક્ષ કર્યો કે કોને સુખ આપ્યું એટલું માત્ર જાણવાથી પુરુષોત્તમરૂપ પાત્ર નથી થવાતું. અને એટલું કરવાથી મહારાજના એ ચરિત્રોનો જે હેતુ છે એ પણ પાર પડતો નથી. એ તો જ્યારે એ ચરિત્રોના માધ્યમથી મહારાજના પરભાવના સ્વરૂપનો અધિકાધિક મહિમા સમજાય. ત્યારબાદ આપણે પણ પરભાવમાં પહોંચીએ ત્યારે જ સ્વામિનારાયણ ભગવાનનાં ચરિત્રો વાંચ્યાં ને જાણ્યાંનો હેતુ પાર પડ્યો કહેવાય.

ભગવાન સ્વામિનારાયણના જીવનનું વિસ્તૃત દર્શન કરાવતી આ પુસ્તકની શ્રેણી ‘સ્વામિનારાયણ ચરિત્ર’ સંપ્રદાય માટે એસ.એમ.વી.એસ. સંસ્થાનું સૌથી મોટું યોગદાન ગણાશે. વળી, મૂળભૂત ગ્રંથ ભગવાન સ્વામિનારાયણમાંથી સંકલિત કરેલ આ પુસ્તકને સ્વામિનારાયણ ભગવાનના અવરભાવના સમગ્ર જીવનના સમયકાળ મુજબ વિવિધ ભાગમાં વિભાજિત કરવામાં આવી છે. અને વર્ષ દરમ્યાન નિયમિતપણે એના વિવિધ ભાગ પણ PDF રૂપે પ્રકાશિત કરવામાં આવશે. આ ભાગનું વાંચન તથા મનન કરીને આપણે શ્રીજીમહારાજના પ્રત્યેક ચરિત્રના હેતુને સ્વજીવનમાં લક્ષ્યાર્થ કરીએ. અપેક્ષા છે કે સ્વામિનારાયણ સંપ્રદાયના આશ્રિતમાત્રને ભગવાન સ્વામિનારાયણનું આવું દિવ્ય જીવનદર્શન અવશ્ય ગમશે જ...

- સાહિત્ય લેખન વિભાગ

# અનુક્રમણિકા

## વનવિચરણ


નીલકંઠવર્ણીનું વનવિચરણ નહિ, કલ્યાણયાત્રા........................૧

વનવિચરણનો પ્રારંભ........................................ ૪

નીલકંઠવર્ણી લોધેશ્વરમાં.......................................૬

શેર લોટના બદલામાં......................................... ૧૦

નીલકંઠવર્ણી નૈમિષારણ્યમાં.................................. ૧૨

નીલકંઠવર્ણી સહેજાપુરમાં..................................... ૧૪

નીલકંઠવર્ણી બરેલીમાં....................................... ૧૫

વૈરાગીઓનો મોક્ષ........................................... ૧૭

નીલકંઠવર્ણી બહાદુરપુરમાં.................................... ૧૯

નીલકંઠવર્ણી હરદ્વારમાં...................................... ૨૨

નીલકંઠવર્ણી તપોવનમાં...................................... ૨૩

નીલકંઠવર્ણી શ્રીપુરમાં....................................... ૨૪

વિચરણ સંદર્ભ.............................................. ૩૦

નીલકંઠવર્ણીનાં દર્શન રાજા રણજિતસિંહે કર્યાં........................ ૩૧

નીલકંઠવર્ણી હરૈયામાં....................................... ૩૩

નીલકંઠવર્ણી વંશીપુરમાં.......................................૩૫

## **નેપાળ પ્રદેશમાં** (આ.સં.૧૮૫૦-સન ૧૭૯૨-૯૩)


નીલકંઠવર્ણી નીલગિરિ-ધવલગિરિ પર્વત પર........................ ૪૧

પાંચસો નાગા વૈરાગીઓની જમાત.................................૪૬

નીલકંઠવર્ણી પુલહાશ્રમમાં......................................... ૪૯

મોહનદાસ સાધુનો મેળાપ...........................................૫૧

નીલકંઠવર્ણી બુટ્ટોલપુરમાં......................................... ૫૫


માનના આધારે જીવતા ગુરુ......................................... ૫૮

ગોપાળ યોગી પાસે...................................................૬૦

નીલકંઠવર્ણી બાંસી શહેરમાં.......................................૬૨

નીલકંઠવર્ણી પોખરા શહેરમાં...................................... ૬૩

ધાર્યું ધણીનું થાય................................................... ૬૪



# ૧

# વનવિચરણ

**(આ.સં. ૧૮૪૯, ઈ.સ. ૧૭૯૨)**

## નીલકંઠ વર્ણીનું વનવિચરણ નહિ, કલ્યાણયાત્રા

જેના રોમસુછિદ્રમાં આગુસમાં બ્રહ્માંડ કોટિ ફરે...

જેમના એક રોમમાં અનંતકોટિ બ્રહ્માંડો પરમાણુની માફક ઊડતાં ફરતાં હોય એવા અલૌકિક સામર્થ્યયુક્ત મહાપ્રભુ આ બ્રહ્માંડમાં... પૃથ્વીને વિષે ભારતભૂમિના સાવ નાનકડા એવા ગામને વિષે કેમ સમાય ?

તેઓ કેવળ કૃપા કરી છપૈયામાં સમાયા કહેતાં પ્રગટ થયા અને એટલે જ તો પરભાવની મૂર્તિનું અવરભાવવાળાને અવરભાવમાં દર્શન સુલભ થયું.

છપૈયા-અયોધ્યા તેમજ આસપાસના અનેક ગામોની ભૂમિને પ્રભુએ પોતાના કોમળ ચરણોથી પ્રસાદીભૂત કરી. અગિયાર વર્ષ સુધી અવનવાં ચરિત્રો કરી પોતાના સંબંધમાં આવેલાને ખૂબ સુખ દીધાં. ખૂબ દિવ્ય સ્મૃતિઓ આપી. પોતાના પ્રાગટ્ય પૂર્વે અને પછી પણ મહાપ્રભુ પોતાના સર્વોપરીપણાની, સર્વાવતારીપણાની અને પોતાના સનાતન પૂર્ણ પુરુષોત્તમ નારાયણપણાની વારે વારે પ્રતીતિ કરાવતા હતા. કારણ કે તેમનો પ્રાગટ્યનો હેતુ જ આ હતો કે, પોતાના સર્વોપરી સ્વરૂપની અનંત જીવોને ઓળખાણ કરાવી, અનાદિમુક્તની સ્થિતિ પમાડી પોતાની દિવ્યાતિદિવ્ય મૂર્તિના સુખભોક્તા કરવા. પોતાના આ પ્રાગટ્યના હેતુને સિદ્ધ કરવા તેઓ ખૂબ ઉત્સુક હતા. એમાં એમની અધીરાઈ પણ હતી. તેઓની માત્ર ૮ વર્ષની ઉંમરે યજ્ઞોપવીત પ્રસંગે જ તેઓએ નિશ્ચય

કરી લીધો હતો કે સહુ સગાં-સ્નેહીને છોડી જલદીથી અનંત જીવોના આત્યંતિક કલ્યાણ કરવા કલ્યાણયાત્રા શરૂ કરી દેવી અને તેથી જ તેઓ બડવો દોડતી વખતે ખૂબ જ દૂર ચાલ્યા ગયા અને મામાના હાથમાં પકડાયા જ નહીં.

જો તેઓએ માત્ર ૮ વર્ષની કુમળી વયે જ કલ્યાણયાત્રા શરૂ કરી દીધી હોત તો...!? એમણે ૧૧ વર્ષની કુમળી વયે શરૂ કરેલી કલ્યાણયાત્રા પણ જો આટલી બધી કલ્પનાતીત હતી તો પછી તેમાં વિશેષ બીજાં ત્રણ વર્ષ ભળ્યાં હોત તો ?? સમગ્ર ભારત ભૂમિનું કોઈ રાજ્ય કે કોઈ ખૂણો એમના અડવાણા ચરણથી પ્રસાદીભૂત થયા વગર બાકી રહેત નહીં...!

તેઓએ કરેલો ગૃહત્યાગ કે એમણે આરંભેલું મહાભિનિષ્ક્રમણ એ કોઈ બૃહદ વૈરાગ્ય ઊપજ્યાથી કે કોઈના ઉપદેશથી કે કોઈ સાંસારિક છળ-દગા અથવા આવી પડેલી કોઈ આપત્તિ નિવારવા અર્થે નહોતું. એ માત્ર ને માત્ર એમનો જ એક દિવ્ય સંકલ્પ હતો. સ્વયં એમણે જ નિર્મિત કરેલ આ દિવ્ય કલ્યાણયાત્રા હતી. અને એટલે એમાં એમને કોઈની પરવાનગી લેવાની નહોતી અને લીધી પણ નહોતી. સૌને મધ્ય રાત્રે સૂતા મૂકી વનવિચરણ દ્વારા કલ્યાણ કરવાનાં મંડાણ કર્યાં. તેઓએ પોતાના આ વિચરણમાં અનેક પ્રાચીન તીર્થ સ્થળોને સમાવ્યાં હતાં. કેમ ?? શા માટે ?

શું તેઓ ત્યાં દર્શન કરવા માટે જતા હતા ? ના. એ એમનો હેતુ નહોતો. પ્રસિદ્ધ તીર્થ સ્થળોએ અનેક મુમુક્ષુજનો ઊમટતા હોય જેથી એકસાથે અનેક મુમુક્ષુઓને પોતાની કૃપાદૃષ્ટિમાં સમાવવાનો સહેલો ઉપાય આ જ હતો. તેથી તેઓ ત્યાં પધારતા અને રોકાતા પણ ખરા...! તેમજ એવા સ્થાનને પોતાના સંબંધયુક્ત કરી તીર્થત્વ પણ બક્ષતા હતા. નદી-સરોવરોને વિષે સ્નાન કરી તેને પણ તીર્થત્વ પ્રદાન કરતા હતા.

નીલકંઠ વર્ણીની આ કલ્યાણયાત્રા અતિ વિકટ હતી. દેહધારી વ્યક્તિનું આ કાર્ય જ નહોતું. માનવી માટે કલ્પનાતીત અને અશક્ય હતી. તેઓની આ કલ્યાણયાત્રાની જો તેમણે આ વિકટ કેડી ન કંડારી હોત તો અનંત જીવો માટે આત્યંતિક કલ્યાણ કેટલું વિકટ હોત ? તેમણે સ્વયં વિકટતા વેઠી મુમુક્ષુઓને ખૂણેખાંચરેથી શોધી કાઢી પોતાના સંબંધમાં લઈ સુખિયા કર્યા હતા.

તેમની કલ્યાણયાત્રામાં વધુ ને વધુ મુમુક્ષુઓ સમાઈ શકે તેથી તેઓ ક્યાંય વધુ સમય રોકાતા નહીં. તેમણે ગોદોહન સમય જ એટલે કે ગાયને દોહવાનો સમય; સામાન્ય રીતે ગાયને સવાર-સાંજ દોહવામાં આવે છે. અર્થાત્ તેઓ

સવારે હોય ત્યાં સાંજે ન રહે અને સાંજે રોકાયા હોય તો ત્યાંથી સવારે નીકળી જાય એવી રીતે વિચરતા. કેવળ જીવોનાં કલ્યાણ માટે જ !!

કલ્યાણયાત્રા દરમ્યાન શરીર પર એકમાત્ર કૌપીન સિવાય કોઈ વસ્ત્ર નહોતું. તપ કરીને, વાયુ ભક્ષણ કરીને શરીર કૃશ કરી નાખ્યું હતું. ચરણને સાવ અડવાણા રાખ્યા હતા. આવા વર્ણી વેશે માત્ર ૧૨ વર્ષની કુમળી વયે હિમાલયના દરિયાઈ સપાટીથી ૧૨,૫૦૦ ફૂટના ઉત્તુંગ શિખરો પર વિચરતા હતા. એ વખતે ચોમાસાના દિવસો હતા. ઠંડાગાર પવન અને વાવાઝોડાના સુસવાટાની ઝીંક ઝીલતા હતા. કોઈ વખત ઝીણી તો કોઈ વખત મુશળધાર વરસાદની ધારાને ઉઘાડા બદને ખમતા હતા. પર્વત પરથી પથ્થરની કે બરફની મોટી મોટી શિલાઓ સામેથી તેમની તરફ ધસી આવતી હતી. આવા સમયે હિમાલયના પર્વતોને વિષે વિચરવું એ મૃત્યુને સામે ચાલી નિમંત્રણ આપવા બરાબર હતું. તેમ છતાં તેઓ અવિરત વિચર્યા ને કલ્યાણ કર્યાં. આ બધી બાબતો જ એમની સર્વોપરીતાનો ને અલૌકિકતાનો નિઃશંક પુરાવો છે.

તેઓએ પોતાની આ કલ્યાણ પદયાત્રા અવરભાવના ૧૧થી ૧૮ વર્ષ સુધીની કુમળી કિશોરાવસ્થામાં કરી હતી. તેઓએ ૭ વર્ષ, ૧ માસ અને ૧૧ દિવસ સુધી આ અવિરત કલ્યાણયાત્રા ખેડી. દરમ્યાન સમગ્ર ભારત ભૂમિને પોતાના ચરણથી પ્રસાદીભૂત કરી. ભૂમિ ઉપર રહેલા અનંત જીવ-પ્રાણીમાત્રને મોક્ષભાગી કરવાનો તેઓનો શુભ સંકલ્પ હતો તેથી જ તેઓએ ચરણને અડવાણા રાખ્યા હતા. આ સમગ્ર વિચરણ દરમ્યાન ભારતભૂમિ ઉપર ભવ્ય ને દિવ્ય પ્રચંડ સંકલ્પોનાં વાવેતર કર્યાં હતાં.

તેમની આ દીર્ઘ કલ્યાણયાત્રા આશરે ૧૩૦૦૦ કિલોમીટર જેટલી લાંબી રહી હતી. આશરે ૨૫૬૨ દિવસોની આ ‘ન ભૂતો ન ભવિષ્યતિ’ કલ્યાણયાત્રામાં તેમણે ભારત, નેપાળ, ચીન, ભૂતાન, બર્મા, બાંગ્લાદેશ, શ્રીલંકા જેવા ૭ દેશોને પણ સમાવ્યા હતા ને ત્યાં પણ અવિરત વિચરણ કર્યું હતું.

ભારત દેશના આશરે ૧૪ રાજ્યોના ૧૭૦થી વધુ ગામો ને શહેરો સુધી તેઓએ એકલ પંડે જઈ અનેક મુમુક્ષુઓને મોક્ષપદ આપ્યું. વળી, તે તે ગામ, શહેર કે સ્થળોને વિષે પણ અનેક ભાવિ સંકલ્પો વેરતાં વેરતાં તેઓ વિચરી રહ્યા હતા. તેઓની આ છૂટા હાથે મોક્ષપદ પ્રદાન કરતી કલ્યાણયાત્રા ગુજરાતમાં લોજ ગામે અટકી. અહીં એમણે વિસામો લીધો. તેમને પૂર્ણ રીતે પ્રકાશવાનું સંકલ્પ સ્થાન અહીં હતું.

આ વિરલ પરિવ્રાજક નીલકંઠ વર્ણીની કલ્યાણયાત્રા કેવી વિકટ હતી ? કેવી કઠિનાઈ ભરી હતી ? કેવી કેવી યાતનાઓ સહેવી પડતી ? તેઓ કેવી રીતે વિચરતા ? ક્યાં ક્યાં વિચરતા ? કેવા કેવા મુમુક્ષુને કેવી કેવી રીતે પોતાના સંબંધમાં લેતા ? કેવી રીતે તીર્થને તીર્થત્વ બક્ષતા અને તેમાં કેવો રોમાંચ હતો ? કેવી દિવ્યતા હતી ? એ જોવા, જાણવા ને માણવા ચાલો તેમની વનવિચરણની અદ્‌ભુત કલ્યાણયાત્રામાં અવગાહન કરીએ નીલકંઠ વર્ણીની સાથે સાથે... એમના ડગલે ડગલે...

## વનવિચરણનો પ્રારંભ

સ્વયં સર્વોપરી પ્રભુએ નિર્ધાર્યા મુજબ સરયૂ નદીએ ૧૧ વર્ષની કુમળી વયના ઘનશ્યામને બાર ગાઉ દૂર કાંઠા પર લાવી દીધા. આજથી હવે તેઓ ધર્મ-ભક્તિના દીકરા તેમજ રામપ્રતાપભાઈ-ઇચ્છારામભાઈના ભાઈ અને સુવાસિનીભાભીના લાડકા દિયર આદિ સર્વે સંબંધોને તોડી નિર્બંધ થયા હતા.

આજથી તેઓ છપૈયા-અયોધ્યાના નિવાસી કે ધર્મ-ભક્તિના પુત્ર ઘનશ્યામ મટી અનંતને આત્યંતિક કલ્યાણના મોક્ષભાગી કરવાની કલ્યાણયાત્રાએ વર્ણી રૂપે નીલકંઠ બન્યા હતા. આજથી તેઓએ વર્ણી રૂપે પોતાના વનવિચરણનો શુભારંભ કર્યો. વનવિચરણ ક્યાંથી શરૂ કરવું એ એમણે જ સુનિશ્ચિત કર્યું હશે. તેથી જ તેઓ નદીના પ્રચંડ પ્રવાહમાં અફળાવા છતાં સરયૂએ સ્વઇચ્છાથી તેઓને આટલા અંતરે હેમખેમ પોતાના પ્રચંડ ઉન્મત્ત પ્રવાહથી અળગા કરી કાંઠા પર લાવી દીધા. જોકે ઘડીભર ઘનશ્યામ પ્રભુને અળગા કરવા સરયૂને પણ ગમ્યું નહોતું. પણ ધણીનો સંકલ્પ હતો ને વળી, એની એટલી જ સેવા સુનિશ્ચિત હતી એટલે એણે એ પ્રમાણે સેવા બજાવવી જ રહી.

નીલકંઠ વર્ણી કાંઠા પર આવતાં તુરત સ્વસ્થ થઈ ઊભા થયા. જેવી રીતે કાંઠા પરથી નદીમાં ઝંપલાવ્યું હતું એ જ સ્થિતિમાં તેઓ અત્યારે નદી બહાર કાંઠા પર ઊભા હતા. તેઓ નદીના પ્રચંડ પ્રવાહમાં અફળાવા છતાં સુરક્ષિત ને સ્વસ્થ મુદ્રામાં ઊભા હતા. આ જોઈ સરયૂ નદીએ હાશકારો અનુભવ્યો. યથાસમયે યથાયોગ્ય સેવા બજાવી ઘનશ્યામ પ્રભુને એમના માર્ગ પર લાવી દીધાની સેવા મળવાથી સરયૂ રાજી રાજી થઈ ગઈ હતી. સેંકડો વર્ષોથી વહેતી આ સરયૂ નદીએ મહાપ્રભુની ઇચ્છા અને કૃપાથી મળેલી સેવા કરી તેથી તેને તેનું વહેવું સાર્થક થયું લાગ્યું. તેનો સેંકડો વર્ષોનો ભાર આજ હળવો થયો હોય તેમ તેનું ઉન્મત્તપણું-

ચંચળપણું મૂકી હળવી ધીર-ગંભીરપણે તે વહેવા લાગી.

નીલકંઠ વર્ણીને ક્યાં જવું ? કઈ દિશામાં જવું ? કેમ જવું ? એવું નક્કી કરવાનું ક્યાં હતું ? બધું જ તેમના સંકલ્પો પ્રમાણે સુનિશ્ચિત જ હતું. તેથી તેઓએ કઈ દિશામાંથી આવ્યા એ તરફ પાછું વળીને જોયું જ નહીં. બસ તેઓએ ઉત્તર દિશા તરફ મુખ રાખી ઉત્તર તરફ જ ધીરે ધીરે ડગ માંડ્યાં. અડવાણા ચરણે વનના પહાડોની બંજર ભૂમિને દિવ્ય સ્પર્શ આપતાં વર્ણી ચાલતા હતા. ધીરે ધીરે તેઓ વનની કેડી પર ચઢી ગયા. હવે તેમણે ખરી વનની વાટ પકડી લીધી હતી. કાંટા-ઝાંખરા-પથ્થરોને ખૂંદતા-ઓળંગતા તેમણે સઘન વનમાં પ્રવેશ કર્યો.

નીલકંઠ વર્ણીના આગમનથી વનની લીલી વનરાઈઓ સ્વાગત કરવા ઝૂમી ઊઠી. પવનના સથવારે વનરાઈઓ લળી લળીને ઝૂકી વંદન કરતી હતી. વર્ણીને પોતાની ગોદમાં સમાવવા પ્રકૃતિ ચેતનવંતી બની હતી તેથી પ્રકૃતિનું સૌંદર્ય આજ સોળે કળાએ ખીલી ઊઠ્યું હતું. અષાઢી માહોલ હતો, વરસાદ ઝીણી ઝીણી બુંદ વરસાવી માટીની મહેકને મહેકાવી વર્ણીને પ્રસન્ન કરવાની ચેષ્ટા કરી રહ્યો હતો. લીલી વનરાજીમાં વસતાં પંખીઓ સામૂહિક કલરવ કરી વર્ણીને વધાવવા મીઠડાં ગાન કરી રહ્યાં હતાં.

વર્ણી અલમસ્ત રીતે નિશ્ચિતપણે ચાલતા હતા. આવી નિરાળી ચેતનવંતી પ્રકૃતિને નિહાળી પોતાના સંકલ્પોને વર્ણીરાજ છૂટા મૂકવા માંડ્યા. સૌને અભયદાન આપતાં થકા તેઓ બે કોસ જેટલું ચાલ્યા હશે ત્યાં થોડે દૂર અમરાપુર ગામની નિર્જન સીમમાં આવી પહોંચ્યા.

વસ્તીમાં ન જવું એમ તેમણે નક્કી કરેલું હતું. જેથી તેઓએ વનમાં જ એક વિશાળ વડના વૃક્ષ નીચે વિશ્રામ કરવા વિચાર્યું. વડના વૃક્ષ નીચે મૃગચર્મ બિછાવી તે પર બિરાજ્યા. સાથે લીધેલા જળપાત્રમાંથી જળને ગાળી મુખપ્રક્ષાલન કર્યું. બંને ચરણોને ધોયા. તેમણે જોયું તો ચરણોમાં લોહીની ટશરો બાઝી ગઈ હતી. પ્રથમ વાર જ આવું વિકટ ચાલ્યા હોવાથી કોમળ ચરણોમાં છાલા પડવા શરૂ થયા હતા. તેને તેમણે ગણકાર્યું નહીં. તેઓ કશું ફળ-ફૂલ કે અન્ન જમ્યા નહિ, માત્ર જળપાન કર્યું.

સ્વયં પોતે આજથી જ, પ્રથમ દિવસથી જ આકરા તપની એંધાણી આપવા માંડ્યા હતા. આવી પરિસ્થિતિ તેમને પસંદ હતી. તેઓ તેમની મસ્તીમાં ખૂબ ખુશ હતા. હવે અહીં કોઈ જ પ્રકારના દેહનાં (અવરભાવનાં) સગાંસંબંધી કે મિત્રોનું બંધન નહોતું. તેમને કોઈ પ્રકારનો ભય નહોતો. સંપૂર્ણ નિર્ભયપણું

જણાવતા ને પોતાને ખૂબ સુખ, સુખ ને સુખ છે એમ જણાવતા હતા. એવી રીતે એમણે વનને વિષે વડના વૃક્ષ નીચે રાત્રિરોકાણ કર્યું.

જંગલમાં આજે નીલકંઠ વર્ણીની પ્રથમ રાત્રિ હતી. રોજ સુવાસિનીભાભી પથારી તૈયાર કરી આપતાં. લાડકોડ લડાવી પોઢાડી પણ દેતાં. આજે જંગલમાં કોણ પથારી કરી આપવાનું હતું ! કોણ ‘પોઢી જાવ હવે’ એવું કહેવાનું હતું !!

પરંતુ આ બધાનું એમને મન હવે કોઈ મૂલ્ય નહોતું કારણ કે તેઓ હવે અનંતને તપ, ત્યાગ, વૈરાગ્યની પ્રેરણા આપવા જ તો નીકળ્યા હતા. દેહાતીત રીતે વર્તતા વર્ણીએ કાંટા-કાંકરાવાળી જમીન હસ્ત વડે સાફ કરી. મૃગચર્મ પાથરી તે પર હસ્તનું ઓશીકું કરી આડે પડખે સૂતા.

“એક કમલ પર શિર ધરે, ઊભય કમલ સકુચાય;
એક કમલ શીશ દૂર, યોગ નિદ્રા યે જાય.”

માત્ર અગિયાર વર્ષની કુમળી વયે ઘોર જંગલમાં કાળી ડિબાંગ રાત્રિમાં નિશાચરોની વસ્તીમાં નિર્ભયપણે તેઓ પોઢી ગયા. આ રીતે એમણે પ્રથમ રાત્રિ ગુજારી.

## નીલકંઠ વર્ણી લોધેશ્વરમાં

બીજા દિવસનું પ્રભાત થયું. અષાઢ સુદ એકાદશીનું મંગળ પ્રભાત ઊઘડે એ પહેલાં વર્ણી ઊઠી ગયા હતા. પ્રાતઃ વિધિ પતાવી વડના ઝાડ તળે મૃગચર્મ પર ધ્યાનસ્થ મુદ્રામાં બેસી ગયા. બ્રાહ્મમુહૂર્તના મૂલ્યવાન સમયને બિનજરૂરી પ્રવૃત્તિમાં કે સંસારની આળપંપાળમાં ન ફેરવવો કે અન્ય ઉદ્યમ કે પ્રવૃત્તિ ન કરવી જોઈએ. એ સમયને માત્ર પ્રભુમાં જોડાવા માટે, એમના દિવ્ય સ્વરૂપમાં ગરકાવ થવામાં કે એમની સાથે આગવી પ્રીતિ કેળવવામાં વિતાવવો જોઈએ. દિવ્ય મહાપ્રભુની મૂર્તિમાં આપોપું કરવા જ પ્રવૃત્ત થવું જોઈએ. એવું વર્ણી એમની આ ક્રિયા દ્વારા જણાવતા હતા.

આકાશે ઉદિત વર્ણીનાં દર્શન કાજે આવી પહોંચ્યા હતા. પોતાની કોમળ કિરણો વડે વર્ણીનો સ્પર્શ કરી તે પાવન થયા. વનરાજી પણ જાગી ગઈ હતી. પંખીડાંઓ પ્રભાતિયાં ગાવા લાગ્યાં હતાં. અમરાપુર ગામમાં વસતા લોકો પણ ઊઠીને કામમાં પ્રવૃત્ત થવા મથતા હતા. એમાંના કેટલાકે વર્ણીને વડના વૃક્ષ નીચે ભાળ્યા. કોમળ કાયા, કોમળ વય, મુખ પરની તેજસ્વી કાંતિ જોઈ ગ્રામજનોને

કુતૂહલ થયું. ગામમાં ખબર પડતાં જ લોકોમાં વર્ણીનાં દર્શનથી અહોભાવનો ઉમળકો આવ્યો. ઘણાક વર્ણી માટે ફળો-મીઠાઈઓ વગેરે સામગ્રી લાવ્યા. થોડી વારમાં વર્ણી સમક્ષ જમવા માટે ઘણીક સામગ્રી ભેગી થઈ ગઈ. ગામલોકોએ જમાડવા માટે પ્રેમપૂર્વક વર્ણીને આજીજી કરી. વર્ણી આ બધાનો પ્રેમ જોઈ, શુદ્ધ ભાવ જોઈ તેમની સેવાથી રાજી થયા. જમવાની સામગ્રીના ઢગલામાંથી લોકોના આગ્રહને વશ થઈ તેમની સેવા અંગીકાર કરવા અલ્પ જમ્યા. બાકીનું વધેલું હતું તે વર્ણીને સાથે લઈ જવા લોકોએ આગ્રહપૂર્વક કહ્યું. ''આગળ જતાં આપને કામ આવશે, ભૂખ લાગે ત્યારે જમી લેવાશે.'' એમ ખૂબ આગ્રહ કર્યો. ત્યારે વર્ણી બોલ્યા, ''ભૂખ-તરસ, સવાર-સાંજ કે આજ-કાલ્યનો વિચાર કરવાનો હોત તો ઘરનો ત્યાગ શું કામ કરત ?'' પછી વર્ણીએ તે સર્વે પદાર્થોને પ્રસાદીભૂત કરી તેને પ્રસાદ તરીકે દર્શને આવેલા લોકોમાં થોડા થોડા વહેંચી દીધા. વર્ણીના દિવ્ય હસ્તે અમરાપુર ગામના લોકોને પ્રસાદીનો અણમોલ લહાવો પ્રથમ મળ્યો.

વર્ણીનું આ અપરિગ્રહપણું જોઈ ગામજનોને ખૂબ નવાઈ ઊપજી !!! નીલકંઠ વર્ણીએ આસન પરથી ઊઠી સૌની વિદાય માગી. વર્ણી ચાલતા થયા. ગામલોકોને-મુમુક્ષુઓને વર્ણીનું ઘેલું લાગ્યું હતું. બાળવર્ણીનું સામીપ્ય બહુ જ ગમતું હતું. તેથી તેમની સાથે ગામલોકોનો, નરનારીનો સમૂહ પણ ચાલવા માંડ્યો. થોડે દૂર ચાલ્યા પછી વર્ણીએ કહ્યું, ''તમે પાછા વળો. ક્યાં સુધી મારી પાછળ આવશો ?'' ગામજનોને વર્ણીને ઘોર જંગલમાં એકલા-અટૂલા છોડવામાં બીક લાગતી હતી. તેમણે તે ચિંતા વ્યક્ત કરી.

વર્ણીએ ભાવિક ગામજનો પ્રત્યે કહ્યું, ''તમે અમારી ચિંતા છોડો. અમને બાળક જાણીને ચિંતા કરો તે સ્વાભાવિક છે. પરંતુ અમે બાળક નથી. અમે મનુષ્ય જેવા દેખાઈએ છીએ પણ મનુષ્ય નથી. અમને મનમાં કશો ભય નથી.''

"વ્યાપ્ય વ્યાપક હે શકિત મેરી, અણુઅણુ પ્રતિ રહી હે હરિ;
જડ ચૈતન ઓર શકિત કહાવે, મેરી અગ્યા મેં થર થર રહાવે,
ન્યામક શકિત હે મેરી જેહા, જડ ચેતનકું નિયમ રખે એહા;
ભરન પોષણ શકિત હે જોઉ, તેહી મેરી કહાવત સોઉ,
મેરી શકિત અનંત અપારા, અક્ષર જાકે લહત ન પારા." ૧

---

૧. શ્રીહરિચરિત્રામૃતસાગર : પૂર-૨, તરંગ-૭

"સમગ્ર બ્રહ્માંડના સ્થૂળ, સૂક્ષ્મ અણુ અણુમાં મારી અન્વય શક્તિ વ્યાપી રહી છે. સમગ્ર બ્રહ્માંડનું ધારણ કરવું ને તેનું પોષણ કરવું તે મારી અન્વય શક્તિ થકી થાય છે. આ મારી અન્વય શક્તિનો પાર અનંત અક્ષરો સુધ્ધાં કોઈ પામી શકતા નથી. સર્વેનાં નાડીપ્રાણ મારા હાથમાં છે. માટે મારી ચિંતા કરવાનું તમારે કોઈ કારણ નથી."

આવી પોતાના સર્વોપરી સ્વરૂપસંબંધી ઉચ્ચ વાતો લોકો સમજ્યા-ન સમજ્યા ત્યાં આકાશે અષાઢી વાદળો ચઢી આવ્યાં. મેઘ ગર્જના કરવા લાગ્યા. વીજળીના ચમકારા થવા લાગ્યા ને કડાકા-ભડાકા વચ્ચે વરસાદ શરૂ થયો. થોડી વારમાં જ લોકો વિખરાઈ ગયા. નીલકંઠ વર્ણી વરસતા વરસાદે વરસાદની ધારાઓ કોમળ અંગે ઝીલતાં ઝીલતાં આગળ વધી રહ્યા હતા. તેઓ આવી રીતે રોજ ઓછામાં ઓછા પાંચ-દશ કોસ (૧૫થી ૩૦ કિ.મી.) તો અવશ્ય ચાલતા જ ! જ્યાં સંધ્યા સમય થાય અથવા કોઈ સારું સ્થળ જણાય તો ત્યાં વિશ્રામ કરતા ને રાતવાસો પણ કરતા.

નીલકંઠ વર્ણી જ્યાં રાતવાસો કરતા કે વિશ્રામ લેતા તે સ્થળ પ્રસાદીરૂપ તીર્થ બની જતું. આસપાસ વસતા લોકોને વર્ણી પધાર્યા છે એવી ખબર કરવી પડતી નહોતી. સ્વયં તેઓ નીલકંઠ વર્ણી પ્રત્યે ખેંચાણ અનુભવતા ને ત્યાં ખેંચાઈ આવતા ને તેમનાં દર્શન કરી ધન્ય થઈ જતા. તેઓ આ વર્ણીની સૌમ્ય મૂર્તિ નિહાળી સેવા કરવા આતુર થઈ જતા. ફળ-ફૂલ કે અનાજ લાવી આપતા. વર્ણી પણ પોતે સીધું-સામાન ગ્રહણ કરી જાતે રસોઈ બનાવતા. એટલું જ નહિ, તેઓ ઠાકોરજીને થાળ કરી પછી જ જમતા. સ્વયં પોતે જ ઠાકોરજી હતા, સ્વયં પોતે જ પૂર્ણ પુરુષોત્તમ નારાયણ હતા તેમને બીજા કોને થાળ કરવાના હોય ? તેમ છતાં અવરભાવમાં મુમુક્ષુજનોને શીખવવા માટે આવી રીત દર્શાવી પ્રભુભક્તિની પ્રેરણા આપતા.

તેઓ સ્વઆનંદમાં વર્તતા ને પોતાનું ગંતવ્ય કરતા. નીલકંઠ વર્ણી ચાલતાં ચાલતાં એક ગામ પહોંચ્યા. તે ગામ બારાબંકી જિલ્લાનું લોધેશ્વર ગામ હતું. ગામની બહાર પાદરમાં જ સુંદર મોટું વિશાળ લોધેશ્વર સરોવર હતું. આજુબાજુ સરોવરના કિનારે અનેક વૃક્ષોની ઘટા જામેલી હતી. સુંદર ને રળિયામણું સ્થળ દીસતું હતું. નીલકંઠ વર્ણી આ સ્થળને, સરોવરને પાવન કરી તીર્થત્વ આપવા માગતા હોય તેમ તેમણે સરોવરમાં સ્નાન કરવા ઇચ્છ્યું. સરોવરમાં ગામવાસી નર-નારીઓ પણ નહાતાં હતાં. વર્ણી સ્ત્રી-પુરુષોથી અલગ એવી જુદી જગ્યા

શોધી, સરોવરમાં સ્નાન કરવા ઊતર્યા. ઘણી વાર સુધી જલક્રીડા કરી પછી સરોવરમાંથી બહાર નીકળ્યા.

સરોવરને કાંઠે ઊભા રહી કોરા થયા. આસપાસ વિશ્રામ લેવા માટે તેમણે દૃષ્ટિ ફેરવી. ત્યાં જ સરોવરના કિનારે એક સુંદર ધર્મશાળા તરફ એમની દૃષ્ટિ પડી. તે તરફ ચાલ્યા. જગ્યા ખાલી પણ હતી અને રળિયામણી પણ હતી. તેમણે ત્યાં મુકામ કર્યો. આસન બિછાવી બિરાજમાન થયા. દરમ્યાન જેમ ચુંબકને દેખી લોઢું ખેંચાય તેમ મુમુક્ષુઓ સ્વયં નીલકંઠ વર્ણી પ્રત્યે ખેંચાયા. બાળ નીલકંઠ વર્ણીનાં દર્શન કર્યાં. જેમને જેમને ખબર પડતી તેઓ સહુ ત્યાં દર્શન કરવા આવતા. દર્શન કરી સહુ આશ્ચર્યચકિત થતા. ગામજનોમાંના કેટલાક ભાવિકો સીધું-સામાન પણ લાવ્યા. સદ્.આધારાનંદ સ્વામીએ લખ્યું છે કે,

“નીલકંઠ વર્ણીએ સીધું-સામાનમાંથી રસોઈ બનાવી અને તેનો ઠાકોરજીને થાળ ધરાવ્યો. પછી તે તે પ્રસાદીને સ્વયં મેળવીને જમ્યા. અલગ અલગ વસ્તુઓ જમતા નહીં. પોતે ત્યાગીની રીત રાખતા. તેમને ત્યાગમાં ઘણો પ્રેમ હતો. સ્વયં દિવસમાં એક વાર જમતા. જે મળે તેનાથી ગુજરાન કરતા. ખુલ્લી જમીન ઉપર મૃગચર્મ બિછાવીને તેના ઉપર સૂતા. તે સિવાય બીજું કંઈ પાથરતા નહીં. આવી તેમની હંમેશની રીત હતી. તેમને નિરંતર ત્યાગમાં જ અપાર રુચિ હતી. ક્યારેય દેહની સંભાળ રાખતા નહીં. જાણીજોઈને દેહનો અનાદર કરતા અને મનમાં અપાર વૈરાગ્ય રાખતા. કોઈ પાસેથી કોઈ પણ વસ્તુને માગીને લેતા નહીં. સદાચારમય ધર્મમાં અને એકાંતિકી ભક્તિમાં પોતે પ્રવીણ હતા. લેશમાત્ર તેનો લોપ કરતા નહીં. કોઈ પણ પદાર્થને માટે કોઈને ઉપદેશ કરતા નહીં.”[૨]

નીલકંઠ વર્ણીની આવી અલૌકિક રીત જોઈ લોધેશ્વર ગામના લોકોએ તેમને પરમેશ્વર માન્યા ને ખૂબ હેતભાવથી પૂજા કરી. કેટલાક સાધુ-સંતો વર્ણીનાં દર્શને આવ્યા. તેમને બ્રહ્મચારી વર્ણીની સેવા કરવાની ઇચ્છા જાગી. વર્ણીની સાથે જે જરૂરિયાતની ચીજો હતી તે સરયૂ નદીમાં તણાઈ ગઈ હતી. તેથી આ સાધુ-સંતોએ મૃગચર્મ, તુંબડી અને માળાની સેવા એમના ચરણોમાં ધરી વર્ણીને રાજી કર્યા. વર્ણી પોતે એક રાત્ય ત્યાં જ રોકાઈ ગયા. બીજે દિવસે વહેલી સવારે નિત્યક્રમ પતાવી સૂરજ ઊગે કે ગામજનો જાગે તે પહેલાં તો એમણે આગળ પ્રયાણ શરૂ કર્યું.

---

૨. શ્રીહરિચરિત્રામૃતસાગર : પૂર-૨, તરંગ-૮

## શેર લોટના બદલામાં

ગોરખપુર ગામની સીમમાં નીલકંઠ વર્ણીએ પ્રવેશ કર્યો. ગામના પાદરમાં જ એક ખેતર હતું. ખેતરમાં કૂવો હતો. ઘટાદાર આંબલીનું એક વૃક્ષ પણ ત્યાં હતું. તેની ઘટાદાર છાયાને વિષે વિશ્રામ લેવા વર્ણી ખેતરમાં પ્રવેશ્યા ને આંબલીના વૃક્ષની છાયા તળે બિરાજ્યા.

વણતેડ્યા પ્રભુ સ્વયં પધાર્યા હતા. સામે ચાલીને પધાર્યા હતા. તે ખેતર પર, તેના માલિક પર આંબલીના વૃક્ષ પર, કૂવા પર અપાર કૃપા નહિ તો બીજું શું? વર્ણી કૂવામાંથી પાણી સિંચવા લાગ્યા. ખેતરના માલિક શિવપ્રસાદ ભાટ એ સમયે જ ત્યાં આવી પહોંચ્યા. નીલકંઠ વર્ણીની તપસ્વી મૂર્તિનાં દર્શન કરતાં જ તેમના હૈયામાં શાતા વળી. વર્ણી પ્રત્યે સ્નેહનું ને સુખનું ઝરણું તેમના અંતરમાં વહેવા લાગ્યું. તેઓ વર્ણીની સમીપે જઈ દર્શન કરી આનંદિત થયા.

આવા બાળ બ્રહ્મચારીનાં પ્રથમ વાર જ દર્શન કર્યાં હતાં. આ બ્રહ્મચારી વધુ વાર રોકાશે નહિ ને અહીંથી ચાલી નીકળશે તો ? મને તો એમનાં દર્શન થયાં, પણ મારી પત્નીને દર્શન નહિ થાય ને રહી જશે તો ? તેમ વિચારી ઝડપથી ગામમાં જઈ ઘરેથી પોતાની સ્ત્રીને બોલાવી બંને ખેતરમાં આવ્યાં. નીલકંઠ વર્ણીનાં દર્શનથી બંને અભિભૂત થયાં. પગે લાગી નમસ્કાર કર્યા ને પ્રાર્થના કરી કે, ‘‘હે બ્રહ્મચારી ! આપે કેવળ કૃપા કરી અમારા ખેતરમાં પધારી ખેતરને પાવન કર્યું. તો આપ હવે ગામમાં અમારા ઘેર પધારી અમારા ઘરને પણ પાવન કરો. ને અમારા ઘેર જ ભોજન કરો.’’

નીલકંઠ વર્ણીએ કહ્યું, ‘‘અમે ગામમાં કે કોઈના ઘરે જતા નથી. આપનો પ્રેમ ને ભાવના ઘણી છે તેથી તમારી સેવા અંગીકાર કરીશું. પણ આપના ઘરે આવીને નહીં. આપ જ અમને થોડો લોટ લાવી આપો. તેમાંથી અમે બાટી બનાવી ઠાકોરજીને થાળ ધરાવીને પછી જમાડીશું.’’ નીલકંઠ વર્ણી પોતે સર્વોપરી પ્રભુ હતા. એમણે શીખવ્યું કે ભગવાનને ધરાવ્યા વિના કંઈ જમાય નહીં.

શિવપ્રસાદ ભાટ તથા તેમનાં પત્ની પાસેથી વર્ણીએ એક શેર લોટ ગ્રહણ કર્યો. તેની બાટી બનાવી ઠાકોરજીને ધરાવી પોતે જમ્યા. વર્ણીએ સેવાનો સ્વીકાર કર્યો જોઈ દંપતી અતિ રાજી થયાં. તેઓને વર્ણી પ્રત્યે અપાર પ્રેમ ઊપજ્યો.

બંનેને થયું કે આ વર્ણીને અહીં જ રોકી રાખવા જોઈએ, આવા તેજસ્વી, કાંતિમાન વર્ણીનો ભેટો પછી ક્યાંથી થશે ? બંનેને થયું આપણે ઘેર આપણી

દીકરી કુંવારી ને સુંદર કન્યા છે. તેને આ વર્ણી સાથે પરણાવીએ અને નીલકંઠ વર્ણીને રોકી રાખીએ. નીલકંઠ વર્ણીને આ વાત કરવી કેમ ? તેઓ વિચારવા લાગ્યાં. પ્રખર તેજસ્વી મુખાકૃતિ ને તપ-ત્યાગ-વૈરાગ્યથી લથપથ એવા વર્ણીને વાત કરવાની હિંમત ચાલતી નથી. મનમાં ઉચાટ થયો.

નીલકંઠ વર્ણી અંતર્યામીપણે તેમના મનોભાવને કળી ગયા. તેથી તેમણે જ કહ્યું, ‘‘તમારો એક સંકલ્પ અમને ભાવથી જમાડવાનો હતો તે પૂરો કર્યો. પણ બીજો સંકલ્પ તમારી દીકરી સાથે અમારાં લગ્નનો પૂરો નહિ થાય. અમે તમને દેહધારી દેખાઈએ છીએ. મનુષ્ય અમને મનુષ્ય જેવા દેખે એટલે મનુષ્યની પેઠે અમારે વિષે સંકલ્પ કરે, પરંતુ અમે સાક્ષાત્ સર્વોપરી પૂર્ણ પુરુષોત્તમ સનાતન ભગવાન છીએ. અમે અનંત મુમુક્ષુઓને કૃતાર્થ કરવા, અભયદાન આપવા નીકળ્યા છીએ. અમને કોઈ સ્થાન, સ્થળ કે કોઈ ભૌતિક પદાર્થ લોભાવી શકતાં નથી. અમારે વિષે દેહના કોઈ ભાવો નથી. અમે દેહ ધર્યો જ નથી પછી દેહના ભાવો ક્યાંથી ?’’

શિવપ્રસાદ ભાટ તેમજ તેમનાં પત્નીનો, વર્ણીની આવી વાણી સાંભળી વર્ણી પ્રત્યેનો આખો ભાવ જ બદલાઈ ગયો. વર્ણી પ્રત્યે આવું વિચારવા બદલ પસ્તાવો થયો. હવે એમને વર્ણી વિષે ભગવાનપણાના ભાવો સહેજે જાગ્યા ને પ્રેમવિભોર થઈ પ્રભુને વંદન કરવા લાગ્યાં. મનોમન પસ્તાવો થયો કે આવા બાળ બ્રહ્મચારી સર્વોપરી પ્રભુને વિષે માયિક સંસારી ભાવો પરઠી ભૂલ્ય કરી બેઠા છીએ. એમને ઓળખી ન શક્યા એ પણ મોટી ભૂલ્ય જ હતી. તેમ છતાં વર્ણીએ પોતાના સ્વરૂપની ઓળખાણ તેમજ ઘેડ્ય પોતે જ પડાવી તેથી આનંદિત પણ થયાં. તેમણે વર્ણીને પોતાના ઘેર હજુ થોડા દિવસ વધુ રોકાઈ જવાનો ને વધુ સેવા કરવાનો મોકો આપવા ખૂબ આગ્રહ કર્યો.

નીલકંઠ વર્ણી આ દંપતીનો પ્રેમાગ્રહ જોઈ તેમજ તેમને વિષે દિવ્યભાવ ને ભગવાનપણાની પ્રતીતિ થયેલી જોઈ ખૂબ રાજી થયા હતા. તેમણે દંપતીને ખૂબ આશીર્વાદ આપી બીજા જન્મે સત્સંગમાં જન્મ ધરાવી સર્વોપરી સ્વરૂપનો નિશ્ચય કરાવવાનો કોલ આપ્યો તેમજ તેમનું દરિદ્ર દૂર કરવાનો સંકલ્પ કર્યો.

આ શિવપ્રસાદ ભાટને એકમાત્ર નાનકડું ખેતર હતું. પોતે દરિદ્ર હતા. વ્યવહાર સામાન્ય હતો. ખેતરમાં માંડ સાત મણ જુવાર થતી હતી. નીલકંઠ વર્ણીએ ખેતર પર કૃપાદૃષ્ટિ રેલાવી દીધી હતી. તેથી ખેતરમાં જ ઊગેલી જુવાર જે માંડ સાત મણ થાય તેમ હતી તે જુવાર તે જ ખેતરમાં સાતસો મણ જેટલી

પાકી. શેર લોટના બદલામાં પ્રભુએ એમને આટલું બધું આપી દીધું !

આવા સર્વોપરી પ્રભુની તેમજ એમના સંબંધવાળા સત્પુરુષની સેવા કરવામાં આપણું તન-મન-ધન સર્વસ્વ અર્પી દેવું જોઈએ, હોમી દેવું જોઈએ. આવા સર્વોપરી મહાપ્રભુની સેવા મળે ક્યાંથી ? આપણા સુધી હોય ક્યાંથી ? શિવપ્રસાદ ભાટને આ લોકમાં ન્યાલ કરી પરલોકમાં સુખિયા કરવાનો સંકલ્પ કરી નીલકંઠ વર્ણી ત્યાંથી ચાલી નીકળ્યા.

## નીલકંઠ વર્ણી નૈમિષારણ્યમાં

નીલકંઠ વર્ણી પરિભ્રમણ કરતાં કરતાં આગળ જેતપુર પધાર્યા. ત્યાં થોડો વિશ્રામ લઈ આગળ ચાલતાં એમના પંથમાં પથેપુર ગામ આવ્યું. ત્યાં સંધ્યા ઢળવા આવી હોવાથી વર્ણીએ એકાંત સ્થળ મળતાં રાત્ય તે ગામમાં વિતાવી. બીજે દિવસે વહેલા ઊઠી ફરી ભ્રમણ કર્યું તે સવાર સવારમાં તો ખેરીલાપુર પહોંચી ગયા. ત્યાં પણ ન અટકતાં થોડે આગળ ચાલ્યા.

વનરાજીની ઘેઘૂર ઘટા... અષાઢી માહોલ ને આકાશે ઘટાટોપ વાદળોની રૂમઝૂમ કરતી થતી આવનજાવન ને ચમત્કૃતિ વેરતી તથા વીજળીના નાદે ગુંજતી હરિયાળી પ્રકૃતિની ગોદમાં વસેલા પશુ-પક્ષીઓના કલરવ સંગાથે નીલકંઠ વર્ણી પોતાના કોમળ ચરણ કઠોર પથ્થર પર મૂકી ચાલી રહ્યા હતા. વર્ણીના પધારવાથી, એમના પાવન સ્પર્શથી, તેમની હાજરીમાત્રથી પ્રકૃતિ ચેતનવંતી બની જતી હતી. જડ પદાર્થોમાં ચેતના લહેરાવા માંડતી. વર્ણી પણ પોતાના દિવ્ય સંકલ્પોથી, પોતાનાં દર્શન-સ્પર્શથી દિવ્યતા પ્રસરાવી દેતા. આવું તેમનું અવિરત ચાલવું ને સ્થળે સ્થળે જવું, વિહરવું, બેસવું, ઊઠવું એ બધું જ તીર્થત્વમાં પરિણમી જતું.

એમ કરતા તેઓ નૈમિષારણ્ય ક્ષેત્રમાં પધાર્યા. અહીં બહુ મોટું વિશાળ સુંદર સરોવર હતું. તે પૂરેપૂરું સ્વચ્છ જળથી ભરેલું હતું ને આજુબાજુ અનેક પ્રકારના ઘેઘૂર વૃક્ષની હરિયાળી હતી. અનેક ફળ-ફૂલનાં ઝાડ તેમજ પક્ષીઓના મધુર કલરવને લઈને તે સ્થળના સરોવરની સુંદરતા ઓર નીખરી ઊઠતી હતી. આ સ્થળ પર ઘણા ઋષિમુનિઓના આશ્રમો હતા. વર્ષોથી તેઓ અહીં એકાંતવાસ કરી તપ કરતા હતા. તેઓ અહોનિશ પ્રભુના ધ્યાનમાં મગ્ન રહેતા. તેઓ બધા સત્ત્વગુણી ને સાત્ત્વિક હતા. મોક્ષના ખપવાળા હતા. ને તેથી જ અંતર્યામી નીલકંઠ વર્ણીએ આ માર્ગે પ્રયાણ કરવાનું પ્રયોજન કર્યું હતું.

નીલકંઠ વર્ણીનું આગમન થતાં જ વાતાવરણમાં દિવ્યતાનાં સ્પંદનો આંદોલિત થવા લાગ્યાં. ધ્યાનસ્થ ને તપમય જીવન ગુજારતા ઋષિમુનિઓના અંતરમાં આ દિવ્ય સ્પંદનો પહોંચી ગયાં. તેઓના હૃદયમાં શાંતિ છવાઈ. માંહી અંતરમાં ટાઢું ટાઢું થવા લાગ્યું. જાણે વર્ષોની સાધનાનું કાંઈક ફળ મળ્યું હોય તેમ અથવા તો અવશ્ય આ ક્ષેત્રમાં પ્રભુ પધાર્યા હશે તો જ આવી દિવ્યતાનો અનુભવ થાય એવું વિચારવા લાગ્યા. સૌ ઋષિમુનિઓ આશ્રમમાંથી બહાર નીકળી ચારેબાજુ જોવા લાગ્યા. તેમની નજર સમક્ષ કિશોરમૂર્તિ એવા તેજસ્વી મુખાકૃતિયુક્ત ને ચુંબકીય આકર્ષણ કરતા એવા નીલકંઠ વર્ણી ઉપસ્થિત હતા તેમનાં દર્શન થયાં. સર્વે ઋષિમુનિઓ તેમને દેખી તેમની પાસે દોડી ગયા. એમના ચરણોમાં સૌ એકસાથે ઝૂકી પડ્યા ને વર્ણીને ભાવથી ભેટી પડ્યા. સૌના અંતરે આજ સુખનો ને ટાઢકનો અનુભવ થયો.

પોતાના આવા પ્રભાવી દર્શનથી ઋષિમુનિઓને પોતાને વિષે ભગવાનપણાનો નિશ્ચય થવામાં વાર ન લાગી કહેતાં વર્ણીએ વાર ન લગાડી. નીલકંઠ વર્ણીને ભાવથી પ્રાર્થના કરી તેઓ આશ્રમમાં લઈ આવ્યા. નીલકંઠ વર્ણી પણ તેમનાં તપ-ત્યાગ ને વિશુદ્ધ ભાવથી રાજી થઈ પ્રેમથી તેમના આશ્રમમાં પધાર્યા. એટલું જ નહિ, પણ તેમની સાથે ચાર દિવસ રહી સૌને ખૂબ સુખ આપ્યું; સૌનાં ચિત્ત પોતાને વિષે ચોરી ઋષિમુનિઓને તેમની સાધનાનું ફળ આપ્યું. સર્વે ઋષિમુનિઓએ તેમને અહીં જ રોકાઈ જવાનો ખૂબ આગ્રહ કર્યો. એમની આજ્ઞામાં વર્તવાની તેમજ તેઓ જેમ કહેશે તેમ તપ, ત્યાગ, ધ્યાન, ભજન કરવાની તૈયારી દાખવી.

નીલકંઠ વર્ણી પણ આ ઋષિમુનિઓની મુમુક્ષુતા નિહાળી અત્યંત રાજી થયા. સૌ ઋષિમુનિઓ વર્ણી માટે સુંદર પાકી પાંચ પાંચ કેરીઓ લાવ્યા. વર્ણીને ભાવથી આપી. નીલકંઠ વર્ણીએ પ્રથમ એ કેરીઓ ઠાકોરજીને ધરાવી. પ્રભુની આવી અવરભાવની રીત-રસમ જોઈ ઋષિમુનિઓને અત્યંત દિવ્યભાવ થયો. ત્યારબાદ નીલકંઠ વર્ણીએ કેરીઓ જમાડવી શરૂ કરી. વર્ણી માટે સર્વે ઋષિમુનિઓ પાંચ પાંચ કેરી લાવ્યા હતા. તેઓ બધાની કેરીઓ જમાડી ગયા. આવું સર્વોપરી ચરિત્રનું દર્શન એમણે સૌ ઋષિમુનિઓને કરાવ્યું ને પોતાના ભગવાનપણાનો ખ્યાલ આપ્યો. નીલકંઠ વર્ણીની અહીંથી જવાની રુચિ જોઈ સર્વે ઋષિમુનિઓએ તેમનું ચંદન-કેસર ને પુષ્પમાળાથી પૂજન કર્યું ને સ્તુતિ કરી કે,

"તુમારે મહિમા અપાર હી, ગાન કરત હે તેહ;
હમ જાકે નિત્ય ધ્યાન કરત, કહત પ્રગટ હે એક,
ભૂમિ ઉતારન ભાર, સો અબ પ્રગટ ભયે હે હરિ;
અનંત ભયે અવતાર, એહી સમ કોઉ ન ભયે હે અબ." [૩]

હે નીલકંઠ વર્ણી ! અમે જેનું નિત્ય ધ્યાન કરીએ છીએ તેઓ કહે છે કે ભૂમિ પરનો ભાર ઉતારવા શ્રીહરિ પ્રગટ થયા છે. આ પૃથ્વીને વિષે અનંત અવતારો થઈ ગયા. પણ આપ તો અવતાર નહિ, સર્વોપરી અવતારી પ્રભુ છો. એમ ખૂબ સ્તવન કર્યું.

નીલકંઠ વર્ણીએ અહીં ચાર દિવસ રોકાઈ સૌ ઋષિમુનિઓને પોતાની સર્વોપરીપણાની દૃઢતા કરાવી. તેમના આત્યંતિક મોક્ષના સંકલ્પો વહાવી તેઓ નૈમિષારણ્ય ક્ષેત્રમાંથી પધારી ગયા.

## નીલકંઠ વર્ણી સહેજાપુરમાં

નૈમિષારણ્ય ક્ષેત્રમાં આવેલા સુંદર સરોવરને પોતાના દિવ્ય સંબંધવાળું કરી નીલકંઠ વર્ણી સહેજાપુરને વિષે પધાર્યા. અહીં એક દિવસ રહેવા ઇચ્છ્યું. શહેરની પશ્ચિમોત્તર (વાયવ્ય) દિશામાં વિશાળ નદી વહેતી હતી. પાણીનો વિશાળ પ્રવાહ હતો. તેને પોતાના સંબંધથી-સ્પર્શથી અભિભૂત કરવા પોતે નદીમાં સ્નાન કર્યું. નદી પણ નીલકંઠ વર્ણીનો સ્પર્શ પામી રોમાંચિત થઈ અને વેગીલા પ્રવાહને શાંત કરી, નીલકંઠ વર્ણીના ચરણ પખાળવા લાગી. નીલકંઠ વર્ણીએ સ્નાન કરી લીધું ત્યાં સુધીમાં તો શહેરના લોકોને તેમની જાણ થઈ ગઈ હતી. તેથી એમનાં દર્શને સૌ નરનારીઓ આવ્યાં.

કેટલાંક એમની સેવા મળી જાય તે માટે તેમને આપવા સીધું-સામાન પણ લઈ આવ્યાં હતાં. વર્ણી તેમની સેવા સ્વીકારી અને મળેલ સીધું-સામાનમાંથી રસોઈ બનાવવા ગામથી ઉત્તર દિશામાં નદીને કાંઠે નિર્મળ જળથી ભરેલા કૂવા પાસે, ઘટાદાર આંબાના વૃક્ષની છાયામાં બેઠા. લોટની બાટીઓ બનાવી ભાત રાંધ્યો ને કેરીનો રસ કાઢી રસોઈ તૈયાર કરી નાખી. તેમના અવરભાવના નિત્યક્રમ મુજબ મુમુક્ષુઓને શિખવાડવા પ્રથમ ઠાકોરજીને થાળ કરી જમાડ્યા, ત્યારપછી તે પ્રસાદીને એક પાત્રમાં ભેગી કરી તેને નિઃસ્વાદુ કરવા બધું ભેગું ચોળી અંદર

---

૩. શ્રીહરિચરિત્રામૃતસાગર : પૂર-૨, તરંગ-૮

પાણી ઉમેરી જમવા લાગ્યા. ગામના ઘણા મોટેરાઓ વર્ણીની જમવાની આ રીતથી પ્રભાવિત થયા.

સૌને આ નાનકડા એવા વર્ણીને વિષે અત્યંત તપસ્વીપણાનાં-વૈરાગ્યપણાનાં દર્શન થયાં ને એમના તરફ તેઓ આકર્ષાયા. નીલકંઠ વર્ણીની આ જ તો ખાસિયત હતી. તેઓ પોતાનાં અવનવાં દિવ્ય ચરિત્રોથી લોકોને સહેજે આકર્ષી લેતા. એટલું જ નહિ, પોતાને વિષે પ્રભુપણાનો ભાવ સ્થાપિત કરી દેતા.

પુરના રહેવાસીઓને વર્ણી પ્રત્યે અતિ સ્નેહ જાગ્યો. વળી, તેમને નીલકંઠ વર્ણી ઘણોક સમય અહીં રોકાય એવો ઉમળકો ઊભરાઈ આવ્યો હતો. તેથી વર્ણીને કહ્યું : “વર્ણી ! અત્યારે ચાતુર્માસ ચાલે છે. આ દિવસો આપ અહીં વિતાવો એવી અમારા સૌની ઇચ્છા છે. આપ અહીં ચાતુર્માસ ગાળી સર્વોપરી ભગવાનના સ્વરૂપનું જ્ઞાન આપી અમને કૃતાર્થ કરો.” આમ સૌએ વર્ણીને રોકાઈ જવાનો ખૂબ આગ્રહ કર્યો ને ખૂબ પ્રેમભર્યો ઉમળકો ઠાલવ્યો.

નીલકંઠ વર્ણીને પણ આ પ્રેમીજનોના પાશમાંથી છૂટવું અઘરું લાગ્યું. તેમ છતાં તેમણે આગળ જવાનું મુકરર કર્યું હતું. પણ તેઓ એમને સાવ અવગણી ન શક્યા. તેથી કહ્યું : “અનેક સ્થાનો, અનેક મુમુક્ષુઓ મારાં દર્શનને ઇચ્છી રહ્યાં છે તો કોઈ પદરજથી પાવન થવા તલસી રહ્યાં છે. અમારે પણ મુમુક્ષુઓને મોક્ષભાગી કરવા છે, ને અનેક સ્થાનને તીર્થત્વ આપવું છે. તેથી અહીંથી આગળ જવું અમારે માટે બહુ જરૂરી છે. પરંતુ વળતાં હું પાછો ફરીશ ત્યારે ફરીથી અહીં અવશ્ય આવીશ.”

પુરવાસીઓને વર્ણીએ આટલી ધરપત આપી પણ તેમ એમને ધરપત કેમ રહે ? તેથી નીલકંઠ વર્ણી પોતા પાસે જે પોથી (હસ્તલિખિત પુસ્તક - બટવો) રાખતા તે તેમને આપીને કહ્યું, “લ્યો આ રાખો. તે હું મૂકીને જાઉં છું.” ત્યારે પુરવાસી લોકો નિશ્ચિંત થયા કે વર્ણી હવે નક્કી ફરીથી આવશે જ. તેથી વધુ રોકાવાનો આગ્રહ ન કરતાં વર્ણીને પ્રેમભરી વિદાય આપી.

## નીલકંઠ વર્ણી બરેલીમાં

સહેજાપુર ગામેથી વર્ણી ગામ બહાર નીકળી આગળ ચાલ્યા. ત્યાં એક નદી આવી. નદી પરનો પુલ વટાવી નદી પાર કરી. ત્યાંથી આગળ બરેલી શહેર આવ્યું ત્યાં પધાર્યા.

બરેલી શહેર નદીકાંઠે વસેલું હતું. શહેરની દક્ષિણ તરફ નદી વહી રહી હતી. નદીના બંને કાંઠા ઘટાદાર વૃક્ષની વનરાજીથી લદાયેલા હતા. રમણીય પ્રાકૃતિક વાતાવરણ હતું. ફૂલોના અનેક બગીચાઓ પણ હતા. એક બાગને વિષે મોટો બંગલો હતો. તેના પર વર્ણીની દૃષ્ટિ પડી. સારું એવું એકાંત હતું. ફૂલોની સુવાસથી આજુબાજુ વાતાવરણ તરબતર હતું. વર્ણીને આ ગમ્યું તેથી તે બંગલામાં ઉતારો કરવાની ઇચ્છા થઈ. પણ કોઈની માલિકીની જગ્યામાં પૂછ્યા વિના ઉતારો ન કરાય તેથી બાગવાનને પૂછી બંગલામાં પ્રવેશ કર્યો.

બંગલાને વિષે અનેક ઝરૂખાઓ હતા. વર્ણી બંગલા ઉપર ચઢી ઝરૂખાને વિષે પધાર્યા. ઝરૂખો બરાબર વહેતી નદી તરફ જ પડતો હતો. ઝરૂખામાં વર્ણી ઊભા રહી વહેતી વિશાળ નદીને તેમજ સુંદર ખીલેલી પ્રકૃતિને નિહાળી પ્રસન્ન થઈ ઊઠ્યા હતા. ચારેબાજુ એકાંત હતું. નદીનું ખળખળ કરતું સંગીત, પડતા પાણીનો વિશિષ્ટ ઘોષ, પશુઓનો મીઠો કલરવ, મોર-બપૈયાનાં સુરીલાં ગાન અને અષાઢી મેઘના વર્ષાતાંડવના સૂર... નીલકંઠ વર્ણીના સુમધુર કંઠેથી પણ સુરીલાં મૂર્તિનાં પદો વહેવા લાગ્યાં. વર્ણીના સુંદર મૂર્તિનાં અલૌકિક પદો સાંભળી પુર જોવા આવેલા પુરવાસીઓની દૃષ્ટિ વર્ણી પર પડી. ઝરૂખામાં બેઠેલા નીલકંઠ વર્ણીએ સૌને પોતા તરફ ખેંચ્યા. ગામજનો વર્ણીની સમીપે આવ્યાં. વર્ણીએ સૌને પોતાની સામે બેસાડી ઉપદેશની વાતો કરી સુખ આપ્યું.

વર્ણીએ સત્પુરુષના મહાત્મ્યની કેટલીક વાતો કરી... "જીવને ભગવાનના સ્વરૂપનો નિશ્ચય સત્પુરુષના પ્રસંગથી થાય છે. ભગવાન એમનો નિશ્ચય સત્પુરુષ દ્વારા જ કરાવે છે ને જેને ભગવાન ઇચ્છે તેને જ નિશ્ચય થાય છે. ને તે જીવમાં સત્પુરુષના પ્રસંગથી જ રૂડા ગુણ કહેતાં દિવ્ય ગુણોનો અવિર્ભાવ થાય છે."

"સત્સંગ કરને ભાવ જીતનો, સતપુરુષ કે જોગ કરી તિતનો;
જિય શુદ્ધ હોવત ભયે તિતના, પ્રગટ ભગવાન કે નિશ્ચય જિતના." [૪]

તેમની વાતો સૌને ખૂબ અસર કરી ગઈ. એમની વાતો કરવાની ઢબ જાણી, એમની મીઠી-મધુર ને હૃદયને ભેદતી વાણી સાંભળી પુરવાસીઓને એમના પ્રત્યે અલૌકિક ભાવના પેદા થઈ. તેમના વિષે પ્રભુપણાના ભાવો જાગ્યા. સૌ તેમને વંદન કરી સેવા કરવા ફળ-ફૂલ-મીઠાઈ વગેરે લાવ્યાં.

નીલકંઠ વર્ણીએ તેમાંથી ફળાદિક લઈ, પોતે અંગીકાર કર્યાં. બાકીની

---

૪. શ્રીહરિચરિત્રામૃતસાગર : પૂર-૨, તરંગ-૧૦

ચીજવસ્તુઓ સૌને વહેંચી દીધી. બરેલીનાં સૌ ભાવિક નરનારીઓ ઉપર પોતાની કરુણાદૃષ્ટિ વહાવી. નીલકંઠ વર્ણી આગળ પધાર્યા. વચ્ચે એક મોટું શહેર આવ્યું. શહેરમાં પ્રવેશ ન કરતાં તેને માત્ર દૃષ્ટિથી પ્રસાદીભૂત કરી આગળ ઘોર વનમાં પ્રવેશ્યા.

## વૈરાગીઓનો મોક્ષ

નીલકંઠ વર્ણી ઘટાદાર-ઘનઘોર વનમાં આગળ વધી રહ્યા હતા. અહીં એવી તો ઘટાદાર વૃક્ષની બિહામણી ઘાટી હતી કે જ્યાં કદી સૂર્યનો પ્રકાશ જ પડતો નહીં. ત્યાં કોઈ મનુષ્ય તો જોવા મળે જ શાના ? સિંહ, વાઘ, વરુ, રીંછ, ગજ, ગેંડા, રોઝડા, સાપ આદિક અનેક હિંસક પ્રાણીઓના બિહામણા અવાજ વિના બીજો કોઈ અવાજ સાંભળવા ન મળે. છતાં મસ્તીમાં અનેક જીવોનાં કલ્યાણ કાજે નીલકંઠ વર્ણી આગળ વધતા જતા હતા.

નીલકંઠ વર્ણીના ચરણ હવે ચાલી ચાલીને તેમજ કાંટા, કાંકરા, પથ્થરની શિલાઓ સાથે અફળાઈને વજ્ર સમાન બની ગયા હતા. ભૂત, પ્રેત અને દૈત્યોની વસ્તીમાં તેમણે વાસ કર્યો. ફળ, ફૂલ પણ ક્યારેક મળે, ક્યારેક ન પણ મળે. ન મળે તો ઉપવાસ કરે. આવાં અનેક કષ્ટો તેમણે હવે કોઠે પાડી દીધાં હતાં. આગળ માર્ગમાં તેમણે વડના વિશાળ વૃક્ષ નીચે કેટલાક વૈરાગીઓને બેઠેલા દીઠા.

નીલકંઠ વર્ણી તેમની પાસે પહોંચ્યા ને પૂછ્યું, “હે સંતો ! તમે બધા ક્યાં જાવ છો ?” વૈરાગીઓએ કહ્યું, “અમે બધા જીવનો મોક્ષ થાય તે માટે હિમાલયમાં હાડ ગાળવા જઈએ છીએ. પણ અમને નવાઈ લાગે છે કે તમો આવડી નાનકડી કિશોરાવસ્થામાં યોગીનું સ્વરૂપ ધારણ કરીને આવા વિકટ વનમાં એકલા કેમ વિચરો છો ? અહીં વનમાં હિંસક પ્રાણીઓ અને કેટલાય વિચિત્ર અઘોરીઓ-તાંત્રિકોની બીક તમને નથી લાગતી ?”

નીલકંઠ વર્ણીએ જવાબ આપતાં કહ્યું કે, “હે તપસ્વી પુરુષો ! અમે કાંઈ દેહધારી જીવ નથી. અમે ક્ષર-અક્ષર થકી પર અક્ષરાતીત સર્વેના આત્મા એવા સર્વોપરી સ્વરૂપ છીએ. ત્રણ ગુણ, ત્રણ દેહ ને ત્રણ અવસ્થા અમારે વિષે નથી. તમે અમને મનુષ્ય જેવા દેખો છો પણ અમે એવા નથી. અમે મનુષ્ય જેવા થયા નથી. અને સાંભળો... તમે હિમાલય તરફ જઈ રહ્યા છો તેમ અમે પણ હિમાલય તરફ જઈએ છીએ. પણ ફેર એટલો કે તમે મોક્ષ પામવા જાવ છો અને અમે મોક્ષ

કરવા જઈએ છીએ. પણ હે વૈરાગીઓ ! તમે જાણો છો કે જ્યાં સુધી પ્રગટ ભગવાન કે પ્રગટ ભગવાનનો સર્વોપરી નિશ્ચય કરાવનાર સત્પુરુષ ન મળે ત્યાં સુધી ગમે તેટલાં સાધન, તપ, તીર્થ ને ત્યાગ રાખવા છતાંય જીવનો મોક્ષ ન થાય. આપને પ્રગટ ભગવાન મળ્યા છે ? આપને ભગવાનની સાક્ષાત્ પ્રાપ્તિ થઈ છે ? આપ પ્રગટ ભગવાનને ઓળખો છો ?''

વૈરાગી તપસ્વીઓ તો નીલકંઠ વર્ણીનો જવાબ સાંભળી આભા જ બની ગયા. થયું કે નક્કી આ કોઈ મહાન પુરુષ છે. પ્રગટ ભગવાન શું આપણા જીવના મોક્ષ માટે તો અહીં આપણને નહિ મળ્યા હોય ને ? એવા સંકલ્પો કરી રહ્યા હતા. અને નીલકંઠ વર્ણીને પૂછ્યું, ''હે વર્ણીરાજ ! આપ જ કહો. એવા પ્રગટ ભગવાન ક્યાં મળે ? કેવી રીતે મળે ? મળે તો તેમને ઓળખવા કેવી રીતે ?'' પ્રભુની કરુણાનો ક્યાં પાર છે ?

નીલકંઠ વર્ણીએ જાણ્યું કે, તપસ્વીઓ નિર્દોષ ને વિશ્વાસુ છે. તેમને ફળ આપવા પોતે પ્રસન્ન થયા ને પોતાને વિષેથી મનુષ્યભાવનો (અવરભાવનો) પડદો હટાવી વૈરાગીઓને દિવ્ય તેજોમય દર્શન આપ્યાં. પોતાના દિવ્યભાવનાં (પરભાવનાં) દર્શન કરાવી સુખનો અનુભવ કરાવ્યો. વૈરાગીઓના આનંદનો પાર ન રહ્યો. વર્ષોના સાધનની આજે સમાપ્તિ થઈ તેનો હૈયે કેફ ચઢ્યો. હવે તેઓ નીલકંઠ વર્ણીની સાથે જ રહેવા લાગ્યા ને તેમની સાથે જ જંગલમાં આગળ વધ્યા.

વૈરાગીઓ પર પ્રભુએ કેટલી બધી કરુણા કરી કહેવાય ! તેમને સહજમાં- સાવ ફદલમાં પોતાના પરભાવનાં દર્શન કરાવ્યાં. આ વૈરાગી-તપસ્વીઓ તો આજ સાવ મફતમાં, વગર સાધને, વગર દાખડે ફાવી જ ગયા કહેવાય ને...!

"ન ગઈ ગંગા ગોદાવરી કાશી, ઘેર બેઠા મળ્યા ધામના વાસી..."

વૈરાગીઓ નીલકંઠ વર્ણીની સાથે સાથે ચાલી મસ્ત મૂર્તિનાં દર્શન કરતાં, તેમની અલૌકિક વાણીનું પાન કરતાં ઘોર વનની મજલ કાપી રહ્યા હતા. હવે રાત્રિનો સમય થયો. રાત્રે જંગલમાં હિંસક પ્રાણીનો ભય હોવાથી વૈરાગીઓ તો એક મોટા વડની ડાળીઓ સાથે કપડાંની ઝોળીઓ બાંધીને તેમાં સૂઈ ગયા. જ્યારે નીલકંઠ વર્ણી તો વડથી દશ હાથ છેટે પોતાનું મૃગચર્મ પાથરીને સૂતા. અર્ધરાત્રિ વીતી હશે એટલામાં એક ભયંકર ઝરખ ત્યાં આવ્યું અને જોરથી ચીસ પાડી નીલકંઠ વર્ણી ની પ્રદક્ષિણા કરવા લાગ્યું, એટલું જ નહિ પણ માથું નમાવી

નીલકંઠ વર્ણીના ચરણને વારંવાર સ્પર્શ કરવા લાગ્યું. ઝોળીમાં સૂતેલા વૈરાગીઓ તો બેઠા થઈ જરા પણ હાલ્યા-ચાલ્યા વગર સ્થિર બની આ દૃશ્ય જોઈ જ રહ્યા.

સવારે વૈરાગીઓ વર્ણીના ચરણમાં પડી પોતાને સાક્ષાત્ ભગવાન મળ્યા છે એમ જાણીને પ્રાર્થના કરવા લાગ્યા. નીલકંઠ વર્ણીએ તેમને મોક્ષનું વરદાન આપ્યું અને ત્યાંથી છૂટા પડ્યા. નીલકંઠ વર્ણી આ મહાઘોર વનમાં દશ દિવસ સુધી રહ્યા હતા. ત્યાંથી આગળ ચાલતાં બહાદુરપુર શહેરમાં આવ્યા. ત્યાં એક દિવસ રહી ત્યાંના મુમુક્ષુની સેવા સ્વીકારી નીકળી ગયા.

## નીલકંઠ વર્ણી બહાદુરપુરમાં

વિકરાળ ને વિકટ વનમાં ફરીથી વર્ણી એકલા-અટૂલા પરિભ્રમણ કરી રહ્યા હતા. વાટમાં બહાદુરપુર નામનું એક ગામ આવ્યું. તે ગામમાં એક બ્રાહ્મણ બાઈ અને તેનો દીકરો પણ રહેતાં હતાં. તેઓ ખૂબ ભાવિક, અતિશે મુમુક્ષુ ને પ્રભુમાં પ્રીતિવાળાં હતાં. ને તેથી જ નીલકંઠ વર્ણી તેમનું રૂડું કરવા તેમના ઘેર પધાર્યા.

નીલકંઠ વર્ણી અહીં એક દિવસ રોકાયા અને ખૂબ સુખ આપ્યું. ડોસીને વર્ણી પ્રત્યે અતિ હેત થયું. પ્રભુપણાની પ્રતીતિ થઈ ચૂકી હતી. તે બાઈ તેમજ તેનો દીકરો વર્ણીની ખૂબ નિષ્કામભાવથી સેવા કરતાં. વર્ણીની સરભરામાં કસર ન રહે તેનો ખૂબ ખ્યાલ રાખતા. નીલકંઠ વર્ણી ક્યાં કોઈ જગ્યાએ સ્થિર થવા નીકળ્યા હતા ! બંને મુમુક્ષુઓની ખૂબ સેવા લઈ, તેમનું રૂડું કરવાનો તેમજ સત્સંગમાં જન્મ ધરાવવાનો સંકલ્પ કરી ત્યાંથી નીકળવાનું વિચાર્યું. પણ મા-દીકરો નીલકંઠ વર્ણીનો અખંડ ખ્યાલ રાખતાં. રખે ને વર્ણી અહીંથી જતા રહેશે તો ? નીલકંઠ વર્ણી કોઈના બંધનમાં બંધાય એમ જ ક્યાં હતા ! અને જ્યાં બંધન થાય એવું જણાય તે સ્થળ, તે પદાર્થ, તે ચીજવસ્તુનો તો તત્કાળ ત્યાગ કરી દેતા એવો એમનો સ્વભાવ હતો.

એક દિવસ વહેલી સવારે બંનેને સૂતાં મૂકી નીલકંઠ વર્ણી ચાલી નીકળ્યા. સવારે બંનેએ જોયું તો વર્ણીને દીઠા નહીં. આસપાસ ગામમાં બધે તપાસ કરી. વર્ણીની ક્યાંય ભાળ મળી નહીં. દીકરાની માએ કલ્પાંત શરૂ કર્યું, 'નીલકંઠ વર્ણી ક્યાં જતા રહ્યા ? અમને છોડીને શા માટે જતા રહ્યા ?' બધાએ ડોસીને શાંત થવા કહ્યું, 'હજુ રાહ જુઓ... હમણાં વર્ણી આવી જશે.' નીલકંઠ વર્ણી પાછા આવવા ક્યાં નીકળ્યા હતા ? નીલકંઠ વર્ણી પાછા ન આવ્યા. ડોસીમાએ તેના દીકરાને કહ્યું, "નીલકંઠ વર્ણીને તું ગમે ત્યાંથી પણ શોધી લાવ અને જ્યાં સુધી તેનો ભેટો

ન થાય ત્યાં સુધી શોધજે. પણ એમને ઘરે પાછા લીધા વિના ન આવતો.'' દીકરો વર્ણીને શોધવા વનમાં ચાલી નીકળ્યો. તેણે બહુ શોધ્યા.

આખરે કેટલાય દિવસો પછી વનને વિષે વર્ણીનો ભેટો થયો ખરો. વર્ણીને જોઈ દીકરાને અંતરે આનંદ વ્યાપી ગયો. તેણે જઈ વર્ણીના ચરણ પકડી લીધા. રડતાં રડતાં વીનવવા લાગ્યો, ''આપ અમોને છોડીને ચાલી નીકળ્યા, પાછળ અમારી શી હાલત થઈ છે તેની કશી અમારી ભાળ પણ ન લીધી ? મારી મા તો આપનાં દર્શન માટે રોઈ રોઈને દિવસો કાઢી રહી છે. તેનું રાત્ય-દિનનું રુદન બંધ થતું નથી. તે રડતી બંધ ત્યારે જ થશે જ્યારે આપ પાછા મારા ઘેર પધારો. અને આપ નહિ પધારો ત્યાં સુધી હું પણ ઘરે પાછો ફરીશ નહીં. આપની સાથે જ રહીશ.''

નીલકંઠ વર્ણીએ તેને ખૂબ બોધ આપી સમજાવ્યો ને ઘરે જઈ માની સેવા કરવા જણાવ્યું અને કહ્યું, ''જ્યારે મા દેહ મૂકે ને તને વૈરાગ્ય ઊપજે તો તું પશ્ચિમ બાજુ કચ્છ-કાઠિયાવાડમાં આવજે. તને હંમેશ સાથે રાખીશ.'' નીલકંઠ વર્ણીએ આવી રીતે છોકરાને ખૂબ આશ્વાસન આપી સમજાવ્યો, પણ છોકરાએ એક જ રઢ લીધી કે, ''તમને પાછા લીધા વિના હું જઈશ નહીં. તમે નહિ આવો તો તમારી સાથે રહી તમારી સેવા કરીશ, પણ પાછો નહિ વળું.''

સાંજ પડવા આવી હતી. રાત્રિના સમયે વર્ણીએ છોકરાને પોતાની સમીપે સુવડાવ્યો છે. તેને ગાઢ નિદ્રા આવી ગઈ. નીલકંઠ વર્ણી તેને સૂતો મૂકી તેના પર રાજીપારૂપી દૃષ્ટિ કરી ત્યાંથી ચાલી નીકળ્યા. સવારે છોકરો જાગ્યો ત્યારે વર્ણીને દીઠા નહીં. હૈયે ફાળ પડી. નક્કી વર્ણી મને મૂકી ચાલી નીકળ્યા લાગે છે. તે પણ તેની પાછળ શોધવા નીકળી પડ્યો. બધે ખૂબ તપાસ કરી પણ ક્યાંય પત્તો ન લાગ્યો. તે ખૂબ નિરાશ થયો. હવે શું કરવું ? વર્ણીને લીધા વિના તો ઘરે આવવાની માએ ના કહી હતી. તેથી તે મૂંઝાવા માંડ્યો. તે ત્યાંથી જગન્નાથપુરી ગયો. ત્યાં વૈરાગીનો વેષ લઈ કેટલાક દિવસ રહ્યો. ત્યાં પણ વર્ણીની તપાસ કરી. ત્યાંથી પશ્ચિમ બાજુ એટલે કે ગુજરાત તરફ તેણે પ્રયાણ કર્યું.

સઘળી જગ્યાએ અથડાતો, કુટાતો ને ભીખ માગતો વર્ણીના સગડ પૂછતાં પૂછતાં તેણે દ્વારકા જવા વાટ પકડી. વચ્ચે લોજ ગામે આવ્યો. ત્યાં વર્ણીની તપાસ કરી. નીલકંઠ વર્ણીનું વર્ણન કરી બધી એંધાણી આપી. સંતોને પણ પૂછ્યું. સંતો સમજી ગયા કે નક્કી આ નીલકંઠ વર્ણી જે અત્યારે સહજાનંદ સ્વામી છે તેમની જ વાત કરે છે. તે તેમને જ શોધવા આવ્યા છે. સંતોએ તેને કહ્યું, ''તે

વર્ણી અત્યારે ભૂજમાં બિરાજે છે. ત્યાં જાવ. તેમનો ભેટો ત્યાં થશે.'' છોકરાએ વૈરાગી વેષે ભૂજ નગરની વાટ પકડી. તે રખડતો-ભટકતો ભૂજ પહોંચી ગયો.

ભૂજ શહેરને વિષે મહાપ્રભુ સભા ભરીને વિરાજમાન થયા હતા. મસ્તકે પાઘ પહેરી હતી. અંગે સુંદર વસ્ત્રો ધારણ કર્યાં હતાં. કંઠમાં સુંદર અલંકારો શોભતા હતા. ફૂલના હાર કંઠે, હસ્તે અને પાઘને વિષે ધારણ કરી ગરકાવ થયા હતા. એ સમયે જ તેનું આગમન થયું. ક્યાં વર્ણી વેષ ને ક્યાં આ સુંદર વસ્ત્રો-અલંકારોમાં સજેલા પ્રભુ ! તેથી તે ઓળખી ન શક્યો. ભલે તે ઓળખી ન શક્યો પણ પ્રભુ તેને પિછાની ગયા. તેઓ મંદ મંદ હસવા લાગ્યા. છોકરો નિરાશ થઈ પાછો ફરતો હતો. તેને પ્રભુએ પાછો બોલાવ્યો. પોતાની ઓળખાણ આપી. વનમાં કરેલ ચરિત્રની બધી એંધાણી આપી. ત્યારે તે માંડ એમને ઓળખી શક્યો.

વર્ણીને આવા સુંદર વેષમાં શોભતા જોઈ તેને આશ્ચર્ય થયું. પોતાને વર્ણીનો કેટલાય વર્ષે મિલાપ થયો તેથી હૈયે અપાર હેત ઊભરાયું. આંખોમાં હેતનાં અશ્રુઓ વહેવા લાગ્યા. કેટલાય વર્ષોનું વિરહનું દુઃખ આજે ટળ્યું હતું તેથી તે પ્રભુ સમક્ષ હૈયું હળવું કરવા લાગ્યો. આ જોઈ શ્રીહરિનું હૈયું પણ ભરાણું. તેને છાતીસરસો ચાંપી ખૂબ વ્હાલ કર્યું. તેના પર ખૂબ રાજીપો વરસાવ્યો. જાણે કહી રહ્યા હતા કે : 'ધન્ય છે તારી માતાને અને ધન્ય છે તને ! અમારે વિષે આટલી બધી પ્રીતિ ! અમને ખોળવા-પામવા કેટલું બધું ભટકવું પડ્યું ! કેટલું બધું સહન કર્યું હશે !' એની લગન તથા પ્રીતિ જોઈ શ્રીહરિ આજ તેના પર વારી ગયા. આવા મુમુક્ષુ, આવા હેતાળ ભક્ત પર તેઓ કેમ રાજી ન થાય ? શ્રીહરિએ તેને સાધુ કરી પોતાની પાસે રાખ્યો. ત્યારે ફરીથી એણે કહ્યું, ''પ્રભુ ! હજુ સુધી હું ઘરે ગયો નથી. આપના સમાચાર મારી મા સુધી પહોંચાડી શક્યો નથી. મારી મા તમારી ને મારી વાટ જોતી બેઠી હશે. એ ઝૂરી ઝૂરીને દિવસો વિતાવતી હશે. હમણાં આવશે, આજે આવશે, કાલે આવશે, એમ દિવસો ગણતી હશે. પ્રભુ ! આજે વર્ષો વીતી ગયાં. કોણ જાણે એનું શું થયું હશે ?'' શ્રીહરિ પણ મા-દીકરાની નિષ્ઠા તેમજ તપશ્ચર્યા જોઈ દ્રવી ગયા. ને તેને તત્કાળ સમાધિ કરાવી તેના ગામ લઈ ગયા. તેની માને દર્શન આપ્યાં. તે તો રાત્ય-દિવસ પ્રભુનું રટણ કરતી હતી. તે જોઈ શ્રીહરિ ખૂબ પ્રસન્ન થયા. તેનો દેહ પડાવી પોતાના સર્વોપરી સ્વરૂપની ઓળખાણ કરાવવા તેને સત્સંગમાં જન્મ આપ્યો.

સર્વોપરી પ્રભુને પામવા, તેની સેવા ઈચ્છવા મુમુક્ષુઓ કેટકેટલા દાખડા કરતા હોય છે ! કેટકેટલાં સાધન કરતા હોય છે ! પ્રભુ પાછળ પોતાની સમગ્ર

જિંદગીને હોમી દઈ કેટલાંય કષ્ટો સહન કરતા હોય છે ! છતાં પણ આ સર્વોપરી ભગવાનની ઓળખાણ થવી એ તો બહુ જ દુષ્કર છે. એની સેવા-સમાગમની વાતો વગેરે એમની અઢળક કૃપા વિના શક્ય જ નથી. જ્યારે આપણને મહારાજે કેટલા બધા ફદલમાં ફવડાવ્યા ! મોટાપુરુષના પ્રતાપે એમના સર્વોપરી સ્વરૂપની હા પડાવી. છતે દેહે મૂર્તિમાં જ છું એનો જીવસત્તાએ સ્વીકાર કરાવડાવ્યો. વર્તમાનકાળે તો કેટલી બધી મોટાપુરુષોની મહેર સત્સંગમાં વહી રહી છે !

## નીલકંઠ વર્ણી હરદ્વારમાં

નીલકંઠ વર્ણી વનને વિષે છોકરાને સૂતો મૂકી આગળ ચાલી નીકળ્યા. ચાલતાં ચાલતાં ગંગાકિનારે પહોંચ્યા. ગંગાના અગાધ જળરાશિને ઘડીભર જોઈ રહ્યા. ગંગા નદી પણ પોતાના કિનારે વર્ણી રૂપે સર્વોપરી પ્રભુ પધાર્યા છે તેથી તેમના ચરણ પખાળવાને, ચરણસ્પર્શ કરવા ઘેલી બની. હર્ષોન્મત્ત થઈ ગઈ. લહેરાતા જળના તરંગો વડે વર્ણીનું સ્વાગત કર્યું. વર્ણી નદીમાં પધારી પોતાનો સ્પર્શ પમાડે એ પહેલાં તો સ્વયં ગંગા જ વર્ણીના પાદસ્પર્શ કરવા અધીરી બની હોય એમ પાણીના મોટા લોઢ રૂપે આવી વર્ણીના ચરણ પખાળી ગઈ. સર્વોપરી પ્રભુના ચરણ પખાળવાનો, તેના પાદસ્પર્શનો આજ તેને પ્રથમ અવસર સાંપડ્યો હતો. તેની યુગોની તપશ્ચર્યા આજ ફળી હતી. વર્ણી ત્યાં ગંગાના કિનારે એક રાત્ય રોકાયા.

બીજે દિવસે વહેલી સવારે પુલના રૂપમાં વહાણ અડોઅડ રાખેલાં તે વહાણના પુલ પર ચાલીને ગંગા નદીને પાર કરી. સંવત ૧૮૪૯, શ્રાવણ સુદ એકાદશીના દિવસે હરદ્વાર પધાર્યા. હરદ્વારથી ઉત્તર તરફ ગંગાનાં અગાધ જળ વહે છે ત્યાં બાંધેલા ઘાટ પર વર્ણી પધાર્યા. વર્ણીએ અહીં સ્નાન કર્યું. શ્રાવણ માસ હોવાથી અહીં શ્રદ્ધાળુઓની ભારે ભીડ હતી. નીલકંઠ વર્ણી અહીં પાંચ દિવસ રહ્યા ને નિત્ય ગંગામાં સ્નાન કરતા હતા. પ્રગટ સર્વોપરી ભગવાન અથવા એમના સત્પુરુષોનું જ કાર્ય છે. આજ સ્વયં સર્વોપરી મહાપ્રભુ પધાર્યા હોવાથી યુગોથી લોકોના પાપ ધોતી ગંગા ફરી પોતાના મૂળ રૂપમાં આવી. અધિકતમ તીર્થત્વ પ્રાપ્ત કરી પતિતપાવની બની ફરી વેગેથી વહેવા લાગી.

નીલકંઠ વર્ણી આ હેતુથી જ વિચરણ કરવા નીકળ્યા હતા. અનેક તીર્થને તીર્થત્વ બક્ષવા, અનેક મુમુક્ષુને મોક્ષ પ્રદાન કરવા તેમજ અનેક નવા તીર્થના નિર્માણ અર્થે એમનું આ પરિભ્રમણ હતું. તેઓ બીજા સાધનિકની જેમ તપ-જપ

કરવા કે તીર્થમાં દર્શન કરવા નહોતા નીકળ્યા. સર્વોપરી સર્વાવતારી મહાપ્રભુનો આ બધાને ફરી ક્યારે સંયોગ થાય ? તે હેતુથી તેઓ પ્રાચીન તીર્થોમાં પણ વિચરતા હતા ને પ્રગટનું તીર્થત્વ પ્રદાન કરતા હતા.

## નીલકંઠ વર્ણી તપોવનમાં

હરદ્વારમાં પાંચ દિવસ રહી વર્ણી છઠ્ઠા દિવસે ત્યાંથી ચાલી નીકળ્યા. ત્યાંથી તપોવનમાં પધાર્યા. તપોવન પ્રાકૃતિક સૌંદર્યથી મઢેલું હતું. શ્રાવણ મહિનાનો ઝરમરિયો વરસાદ, આકાશને વિષે ઝીણી ઝીણી મેઘગર્જના, ઊંચા પહાડો પરથી પડતા અનેક નાના-મોટા ઝરણાંઓનો સુમધુર નાદ તથા પક્ષીઓનો સમૂહ ગેલમાં આવી કલરવ કરતો હતો. અનેક પ્રકારના ઊંચા ઊંચા વૃક્ષોનો ઘટાદાર જમેલો ને તે ગાઢ જંગલને વિષે વિચરતા અનેક રાની પશુઓથી પ્રાકૃતિક સૌંદર્ય ખીલી ઊઠતું હતું. અનેક વૃક્ષો નીચે ઋષિમુનિઓ ધ્યાન કરતા હતા. કોઈ ઊભા રહી તપ કરતા, કોઈ યોગસાધના કરતા, વરસતા વરસાદની ધારાને સહન કરતા – આ બધું જોઈ વર્ણી પ્રસન્ન થઈ ઊઠ્યા.

વર્ણી જેવા ત્યાંથી પસાર થતા કે સહુ ઋષિમુનિઓની વૃત્તિ સહસા જ તેમના તરફ આકર્ષાતી એમ જ કહો કે વર્ણી જ કૃપા કરી એમની વૃત્તિઓને પોતાને વિષે હરવા માંડતા હતા. નીલકંઠ વર્ણીની તપસ્વી કૃશ કાયા, ઘોર જંગલને વિષે માત્ર કૌપીનભેર એકલા-અટૂલા વિચરવું તે જોઈ સહુ તપસ્વીનાં તપ તેમની આગળ ઝાંખાં લાગવા માંડ્યાં હતાં. વર્ણીનું તેજસ્વી તન ને ઓજસ્વી મુખાકૃતિ જોઈ સહુ ઋષિમુનિઓ પોતાનાં સ્થાન છોડી તેમનાં દર્શન કાજે ઊઠી આવ્યા. સહુ ચરણોમાં નમી પડ્યા.

સૌ કહેવા લાગ્યા, “હે વર્ણી ! આપ અતિ તેજસ્વી ને કાંતિમાન ભાસો છો. આપનામાં અપાર તેજ રહેલું છે. આપ ક્યાંથી પધાર્યા છો ? શું અમારા તપનું, અનંત કાળની સાધનાનું ફળ પ્રદાન કરવા તો નથી પધાર્યા ને ? કેમ કે આપનાં દર્શને જ અમારી ચિત્તવૃત્તિ આપનામાં ખેંચાઈ ગઈ છે. આપ સિવાય અમારી મનોવૃત્તિ બીજે ક્યાંય જતી નથી. વળી વળીને આપના સ્વરૂપમાં સ્થિર થાય છે. શું આપ કોઈ સર્વોપરી પ્રભુ તો નથી ને ? આપના આગમનનું કારણ કહો. આપનો અમને ભગવાન તરીકેનો સહેજે સ્વીકાર થાય છે. આપ કહેશો એમ કરવા અમો તત્પર છીએ. કહો તો અમે બધા તમારી સાથે જ રહીએ.” એમ કહી

વર્ણીને સહુએ ફળ-ફૂલ ભાવથી અર્પણ કર્યાં.

નીલકંઠ વર્ણી વિચરણ દરમ્યાન મોક્ષભાગી મુમુક્ષુ પર ખૂબ જ પ્રૌઢ પ્રતાપ જણાવતા. તેમને પોતાનો નિશ્ચય કરાવવા ઉપદેશ આપવાની જરૂર પડતી જ નહોતી. સહેજે સહુના અંતરને વિષે સ્વયંભૂ ભગવાનપણાના અંકુર ઊઠતા ને સહજમાં સ્વીકારાઈ જતા...!

ઋષિમુનિઓએ આપેલ ફળ-ફળાદિ અંગીકાર કરવા માટે વર્ણીએ પ્રથમ એમના નિત્યક્રમ મુજબ અવરભાવની રીત પ્રમાણે ઠાકોરજીને માનસિક ફળ-ફળાદિ ધરાવ્યાં. સહુએ હાથ જોડી કહ્યું, “વર્ણી ! આપ મળ્યા... હવે અમારા સાધનની આજે સમાપ્તિ થઈ ગઈ. અમારું તપ પૂરું થયું. વર્ષોના તપનું ફળ આપ છો. તે અમને સાક્ષાત્ મળ્યા છો. હવે અમારું કાંઈ અધૂરું રહ્યું નથી.” ઋષિમુનિઓના આવા કૃતાર્થપણાનાં વચનો સાંભળી વર્ણી ખૂબ જ પ્રસન્ન થઈ ઊઠ્યા. સહુને પોતાની પૂજા કરવાનો અવસર પણ આપ્યો.

ઋષિમુનિઓ કેસર-ચંદન અને ફૂલોના હાર, ગજરા, બાજુબંધ વગેરે સામગ્રી લઈ આવ્યા. ત્યારબાદ એક પછી એક મુનિઓએ પૂજન કર્યું. વર્ણીને ભાવથી પુષ્પહાર, કેસર-ચંદનની અર્ચા કરી શોભાયમાન કર્યા. સહુ મુનિઓએ આ મૂર્તિનાં દર્શન કરી પોતાના જીવને વિષે પરોવી લીધી. ત્યાંથી ઋષિમુનિઓની સાથે ધ્રુવે તપ કર્યું હતું તે ભૂમિને પ્રસાદીની કરવા વર્ણી પધાર્યા. આ તપોવનમાં વર્ણી સહુ ઋષિમુનિઓની સાથે દસ દિવસ રહ્યા અને સહુને પોતાની અલૌકિક મૂર્તિનું ખૂબ સુખ આપ્યું. વર્ણી ત્યાંથી ગંગાના કિનારે કિનારે ચાલતા લક્ષ્મણપુર (લક્ષ્મણ ઝૂલા) પધાર્યા. અહીં તેઓએ એક રાત્ય વિતાવી.

## નીલકંઠ વર્ણી શ્રીપુરમાં

નીલકંઠ વર્ણી લક્ષ્મણ ઝૂલાનો ઘાટ ઊતરી કેડી માર્ગે ચાલ્યા. લાગલગાટ બે દિવસ સુધી ચાલ્યા ને શ્રીપુર શહેરમાં પધાર્યા. તેઓ ગામ કે શહેરની વસ્તીમાં જતા નહીં. તેઓ બહાર જ કોઈ નિર્જન એકાંત સ્થળને પસંદ કરતા.

અહીં શ્રીપુરમાં પણ વસ્તીમાં ન ગયા. ગામ બહાર જ એક મઠ જોવામાં આવ્યો. વર્ણી મઠ પાસે ગયા. મઠનાં દ્વાર બંધ હોવાથી મઠની બહાર ઓટલા ઉપર જ એમણે આસન જમાવ્યું. સંધ્યા ઢળી ચૂકી હતી. તેઓ રાતવાસો આ ઓટલા ઉપર જ કરવો એવું નક્કી કરી બેઠા હતા.

"આવ્યું જતાં શ્રીપુર નામ ગામ, આદિત્ય અસ્તંગત એહ ઠામ;
સમીપ દીઠો મઠ એક સારો, ત્યાં ઓટલે આવી કર્યો ઉતારો."[૫]

એટલામાં મઠના મહંતને ખબર પડી કે મઠની બહાર ઓટલા ઉપર કોઈ તેજસ્વી વર્ણી પધાર્યા છે. એટલે તે તરત બહાર આવ્યા ને નીલકંઠ વર્ણીને કહ્યું, ''હે બ્રહ્મચારી ! આપ કેમ બહાર ઓટલા પર બેઠા છો ? મઠની અંદર આવી શકાય છે. આપ જેવા દિવ્ય તેજસ્વી તપસ્વી મઠમાં પધારશે તો અમારો મઠ પાવન થશે માટે આપ પ્રેમથી અંદર આવો, સુખેથી જમો અને નિરાંતે સૂવો.''

"મહાંતજી તે મઠમાં રહે છે, તે આવીને શ્રીહરિને કહે છે;
હે બ્રહ્મચારી મઠ માંહી આવો, કાં તો તમે ગામ વિષે સિધાવો,
આવો જમો ભોજન રૂડી ભાતે, સુવો સુખેથી મઠ માંહી રાતે."[૬]

વર્ણીએ કશી પ્રતિક્રિયા ન આપી તેથી ફરી મહંત બોલ્યા, ''વર્ણી ! રાત્ય પડી ગઈ છે. અહીં નિર્જન જંગલ છે. બહાર રહેવામાં જંગલી પશુઓનો ભય છે. સિંહનો પણ અહીં ખૂબ જ ભય છે. તેથી આપ ગામમાં જાઓ અથવા મઠને વિષે રાતવાસો કરો. પણ બહાર ઉતારો ન કરો એ જ સારું છે.''

"ભાસે નિશામાં ભય સિંહ કેરો, તે પ્રાણીનો નાશ કરે ઘણેરો;
કહું દયા અંતર માંહી આણી, માનો મહારાજ અમારી વાણી."[૭]

નીલકંઠ વર્ણીએ મહંતની લાગણી જોઈ કહ્યું, ''મહંતજી ! આપે મારા વિષે મમતા દાખવી એ ઘણું સારું કર્યું. પણ અમારે જમવાની કાંઈ ઈચ્છા નથી. અને વસ્તીમાં જવું અમને ફાવતું નથી. જ્યારે મોતનો તો અમને ભય જ નથી. તો શા માટે મારે અંદર આવવું ? આપ નિરાંતે સૂઈ જાઓ. આપ મારી ચિંતા ન કરશો.''

"કહે હરિ કાંઈ ધરું ન ત્રાસ, વસ્તી વિષે તો ન ગમે નિવાસ.
ઇચ્છા નથી ભોજનની અમારે, શું કામ છે તો મઠ માંહી ત્યારે ?
આ ઓટલે ઠીક અમે સુવાશે, ભવિષ્યમાં જેહ થવાનું થાશે."[૮]

મહંતે જાણ્યું કે આ યોગીહઠ છે. તે મારું નહિ માને. તેથી મઠનાં બારણાં બંધ કરી દીધાં અને જ્યાં અર્ધરાત્રિ વીતી ચૂકી ત્યાં તો સિંહની પ્રચંડ ગર્જના

---

**૫**. શ્રીહરિલીલામૃતમ્ : કળશ-૩, વિશ્રામ-૩
**૬**. શ્રીહરિલીલામૃતમ્ : કળશ-૩, વિશ્રામ-૩
**૭**. શ્રીહરિલીલામૃતમ્ : કળશ-૩, વિશ્રામ-૩
**૮**. શ્રીહરિલીલામૃતમ્ : કળશ-૩, વિશ્રામ-૩

સંભળાઈ. આખુંય ખામોશ વન ધણધણી ઊઠ્યું. મહંત પણ જાગી ગયા. તેમને ફડક પેઠી કે નક્કી આજે પેલા યોગી મોતને શરણ થશે. એમ માની ભયાતુર થઈ તેમણે બહાર જોવા સહેજ બારી ખોલી જોવા માંડ્યું.

અને અરે ! આ શું ? મહંતે કૌતુક જોયું. મોટો જબ્બર વનરાજ કેસરી સિંહ નીલકંઠ વર્ણીના ચરણમાં આળોટતો બેઠો હતો. વર્ણી તેના મસ્તક પર હસ્ત રાખી બેઠા હતા. બીજા હસ્ત વડે સિંહની કેશવાળી પર પ્રેમાળ હસ્ત પસવારી રહ્યા હતા. ને સિંહ પણ જાણે પાલતુ હોય તેમ વર્ણીનો પ્રેમ પી રહ્યો હતો. થોડી જ વારમાં વર્ણીએ સિંહને સમાધિ કરાવી દીધી ને વર્ણી ઓટલા પર નિરાંતે સૂઈ ગયા. સિંહ કાષ્ઠવત્ બની બેસી જ રહ્યો.

બીજા દિવસનું પ્રભાત થયું. વર્ણી વહેલા ઊઠી પરવારી ધ્યાનમાં બેસી ગયા હતા. ગામના લોકો પણ જાગી ગયા હતા. છેટેથી બધા આ કદી નહિ સાંભળેલું અને કદી નહિ જોયેલું, આજે નજરોનજર જોતા હતા. સૌ અંદરોઅંદર વાતો કરતા હતા કે, નક્કી આ ભગવાન છે. જે સિંહને વશ કરી શકે તે સિંહ જેવા માનવને વશ કરે એમાં શું નવાઈ ? જો આ વર્ણી પશ્ચિમ દિશામાં જાય તો ત્યાં રહેલા અત્યાચારો અને પાપો દૂર કરે. આમ વાતો ચાલતી હતી ત્યાં જ સિંહને સમાધિ ઊતરી અને જેમ ગોવાળની પાછળ ગાય જાય તેમ ઊઠેલા નીલકંઠ વર્ણીની પાછળ સિંહે ચાલવા માંડ્યું.

"એવી રીતે જન જોઈને, કહે આ તો અપૂર્વ છે વાત;
ઈશ્વરનો અવતાર છે, એહ જોગી નહિ જનતાત."[૯]

નીલકંઠ વર્ણીએ કહ્યું, "જા, હવે તું વનમાં જા. આજથી તારો મોક્ષ થઈ ચૂક્યો છે." એમ કહી સિંહને વનમાં મોકલી દીધો. તેના ગયા પછી ગ્રામજનો અને મઠનો મહંત દોડતા નીલકંઠ વર્ણી પાસે આવ્યા. સૌ એમના ચરણમાં ઢળી પડ્યા. મઠના મહંતે દીન-આધીન થઈ વર્ણીને પ્રાર્થના કરી, "હે યોગીરાજ ! આપ મઠમાં પધારો. આજથી આ લાખો રૂપિયાની આવકવાળો મઠ હું તમને સોંપું છું." પણ વર્ણી ક્યાં વૈભવ ભોગવવા પધાર્યા હતા ? એ તો મહંતોની મહંતાઈ મુકાવી, જીવોને ભગવાનમાં જોડવા પધાર્યા હતા. ત્યાંથી નીલકંઠ વર્ણી આગળ ચાલ્યા.લાખોની આવકને ઠેબે ઉડાડી ચાલી નીકળતા સુકલકડી કાય વર્ણીને મઠના મહંત દિગ્મૂઢ થઈ જોઈ જ રહ્યા.

---

૯. શ્રીહરિલીલામૃતમ્ : કળશ-૩, વિશ્રામ-૩

ભાદરવા સુદ એકાદશીને દિવસ વર્ણી ગુપ્ત કાશી પહોંચ્યા. તેની ઉત્તર દિશાએ રહેલ પર્વત પર સંચારી, પ્રાસાદિક ભૂમિ કરી, ત્યાંથી ચાલતા ગુપ્ત પ્રયાગ પધાર્યા.

અહીં ખળ ખળ વહેતી ગંગા નદીનું પ્રાકૃતિક સૌંદર્ય અદ્ભુત હતું. વર્ણીને પણ તે પસંદ પડ્યું. ત્યાં એમણે સ્નાન કરી નદી પરના ઝૂલા પરથી પસાર થઈ, નદી પાર કરી ત્રિયુગી નારાયણ શહેરમાં પધાર્યા. ત્યાં કેટલાક દિવસ રહ્યા. ત્યાંથી લોકોની સેવા અંગીકાર કરી ગૌરી કુંડ પધાર્યા. અહીં ગરમ-ઠંડા પાણીના કુંડ છે. તેમાં સ્નાન કરી ગૌરી કુંડને પાવન કરી તીર્થને પોતાનાં દિવ્ય દર્શન-સ્પર્શે પ્રસાદીભૂત કરી કેદારનાથ પધાર્યા.

આ પ્રાચીન સ્થળને પોતાની પદરજ વડે પ્રસાદીનું કર્યું. અહીં કેટલાક દિવસ રહ્યા. અહીં અનેક તીર્થવાસીઓ આવતા. તેમને પોતાનાં દર્શન સુલભ કરાવતા, સહુને દૃષ્ટિમાં લઈ, ખૂબ મોટા સંકલ્પો કરતા. પછી આસો સુદિ એકમના દિવસે ત્યાંથી બદરીનાથ તરફ ગમન કર્યું.

હવેનો રસ્તો વિકટ હતો. માર્ગ બર્ફીલો હતો. ચારેબાજુથી હિમવર્ષા થતી હતી. વર્ણી બર્ફીલા ડુંગરોને ઓળંગતા હતા. તેમને માર્ગની કઠિનાઈ, તીવ્ર ઠંડી, બર્ફીલા ચઢાણ-ઉતારવાળા રસ્તા, માર્ગમાં આવતી મહામોટી નદીઓ, ઘોર જંગલો વગેરે હવે બાધારૂપ બનતું. વર્ણી નિશ્ચલપણે, તીવ્ર ઠંડી સહન કરતા, હિમવર્ષાને ઉઘાડા બદને ઝીલતા સતત નવ દિવસ સુધી ચાલતા રહ્યા. આખરે નવમા દિવસે તેઓ બદરીનાથ પધાર્યા.

નીલકંઠ વર્ણી બદરીનાથ પધાર્યા. આજે દશેરાનો દિવસ હતો. વર્ણી અહીં મંદિરને વિષે એક કોર આસન લગાવી ધ્યાનસ્થ મુદ્રામાં બિરાજિત થયા.

મહાયોગી-મહાતપસ્વી સમ એમનું દર્શન ભાસતું હતું. પોતાની દેખાતી મનુષ્યાકૃતિમાં (અવરભાવમાં) તમામ સામર્થ્ય-ઐશ્વર્ય-તેજને છુપાવી અકળિત રીતે વર્તતા હતા. ને જ્યાં જરૂર પડે ત્યાં પોતાના દિવ્યભાવનાં (પરભાવનાં) દર્શન કે ઐશ્વર્ય દર્શન પણ કરાવતા.

બદરીનાથની સેવા-પૂજા કરતા પૂજારીને પણ વર્ણી કોઈ અલૌકિક સ્વરૂપે ભાસ્યા. વર્ણીમાં તેની વૃત્તિ તણાવા લાગી. પૂજારી નિષ્કામ હશે તેમજ પ્રગટભાવથી સેવા-પૂજા કરતા હશે તેથી જ વર્ણીએ તેમની વૃત્તિને પોતાનામાં ખેંચી હતી. અકારણ તે વર્ણી તરફ આકર્ષાયા. નમીને વર્ણીનાં દર્શન-સ્પર્શ

કરતા પૂજારીને અંતરમાં આનંદઘન વ્યાપી ગયો. પૂજારીએ વર્ણીને વિનય વચને પૂછ્યું : "અનંતકોટિ બ્રહ્માંડમાં સર્વ આનંદનાં મૂળ, સુખના સાગર આપ ક્યાંથી પધારો છો ? લાગે છે કે આપ કૃપા કરીને જ આ ધામમાં પધાર્યા છો. અહીંયાં વર્ણી તો બહુ આવે છે. પણ આપના જેવા કોઈ દેખ્યા નથી. આપનામાં અમને સહેજે આકર્ષણ થાય છે. આપ કોઈ સાધારણ દેહધારી મનુષ્ય નથી. આપ વર્ણી વેષમાં સહુના કારણ એવા અક્ષરાધિપતિ પુરુષોત્તમ ભાસો છો.

આપના ચરણમાં સોળ ચિહ્નનનાં દર્શન મને થયાં છે. આપ અલૌકિક મૂર્તિ છો. અનંતકોટિ બ્રહ્માંડમાં આપ જેવા કોઈ નથી. ભલે આપ સઘળું ઢાંકી-ઢબૂરીને વર્તો, પણ આપના જ અનુગ્રહ થકી આપના સ્વરૂપનો નિશ્ચય મને થયો છે. આપે જ કૃપા કરી આપનું સ્વરૂપ અકારણ ઓળખાવ્યું છે. માટે આપ અહીં ઘણા દિવસ સુધી રહી અમને દર્શન-સેવાથી લાભાન્વિત કરશો. આપને જમાડવાની સેવા પણ મને આપશો તો આપની ખૂબ મહેર મારી પર થઈ એમ જાણીશ."

વર્ણી પણ પૂજારીના મહિમાપૂર્ણ ને પોતાને યથાર્થ ઓળખ્યા જાણી તેને સેવા આપવા ત્યાં એકવીસ દિવસ સુધી રહ્યા. પૂજારી રોજ ભાવથી થાળ બનાવતા ને વર્ણીને ભાવથી જમાડતા ને વર્ણી પણ તેનો અનન્ય ભાવ તથા પ્રેમ જોઈ સેવા સ્વીકારતા હતા. બદરીનાથને વિષે રોજ અસંખ્ય મુમુક્ષુ યાત્રાળુઓ દર્શને આવતા. તેમને પોતાની દિવ્યદૃષ્ટિમાં રાખી, દિવ્ય પ્રભાવ જણાવતા ને તે સર્વેને પોતાના સર્વોપરી સંકલ્પોમાં રાખી લેતા હતા તો કેટલાયને અભયદાન આપતા હતા. નીલકંઠ વર્ણી દશેરાથી લઈ દિવાળી ને અન્નકૂટ સુધી ત્યાં રહ્યા. અન્નકૂટ પછી બદરીનાથ મંદિરના પટ છ માસ માટે બંધ થાય છે. પૂજારી ત્યાંથી બાર કોસ (૩૫ કિ.મી.) દૂર જ્યોતિમઠ (જોષીમઠમાં) ચાલ્યા જાય છે.

જોષીમઠના પૂજારી પાસે હાથી હતો. નીલકંઠ વર્ણીને હવે અહીંથી પોતાની સાથે લઈ જવા ને જોષીમઠને વિષે તેમની પધરામણી કરી પાવન કરવા હાથી મંગાવ્યો. નીલકંઠ વર્ણીને હાથી પર પ્રથમ બેસાર્યા, પછી પૂજારી હાથમાં સુવર્ણના બે ચમર લઈ વર્ણીની પાછળ બેસી તેમના પર ચમર ઢોળવાની સેવા અદા કરવા લાગ્યા. તેમને આ વર્ણીનાં દર્શન-સેવાથી અતિશે આનંદ નીપજતો હતો. તેઓ આજ પોતાની મોટાઈ-ગરવાઈ મૂકી વર્ણી કેમ પ્રસન્ન થાય ? કેમ રાજી રહે ? તેના ઉપાય કરતા હતા. નીલકંઠ વર્ણીની સવારી ગજરાજ પર નીકળી. અસંખ્ય લોકો તેનાં દર્શન કરી પોતાને ધન્ય સમજવા લાગ્યા. નીલકંઠ વર્ણીની ખૂબ

ધામધૂમથી ભવ્ય સવારી ચાલતી હતી. આ ભવ્ય અસવારી ૩૫ કિ.મી. સુધી ચાલી. ગજરાજ પર બિરાજમાન વર્ણી માર્ગમાં આવતાં અસંખ્ય સ્થળોને વિષે ચોમેર દૃષ્ટિ ફેરવતા ને અનેક સ્થળોને પ્રસાદીભૂત કરતા. કંઈ-કેટલાય ભાવિ સંકલ્પોનાં વાવેતર પણ કરતા. નીલકંઠ વર્ણી નિર્માની એવા પૂજારી પર ખૂબ પ્રસન્ન થયા. પૂજારી પણ વર્ણીની આવી સુંદર મહિમાસભર સેવા કરી અત્યંત રાજીપો કમાયા હતા.

નીલકંઠ વર્ણીની ભવ્ય સવારી જોષીમઠ પહોંચી. અહીં સુંદર બાગ-બગીચાઓ શોભી રહ્યા હતા. તેની વચ્ચે જ જોષીમઠનો એક સુંદર બંગલો હતો. પૂજારીએ વર્ણીને તે સુશોભિત બંગલામાં ઉતારો આપ્યો. બંગલાને વિષે સુંદર આસન બિછાવી નીલકંઠ વર્ણીને તેમાં બિરાજમાન કર્યા. પૂજારીના અંતરે ભાવો ઉદ્ભવ્યા કે પોતાને આ સર્વોપરી પ્રભુની ઓળખાણ થઈ. હવે આ સર્વસ્વ એમના ચરણે અર્પી દેવું છે. પૂજારીને વગર કહ્યે પોતાનું સઘળું અર્પવું ન પડ્યું પરંતુ મહાત્મ્યના વિચારથી જ બધું અર્પાઈ ગયું. તેમણે નીલકંઠ વર્ણીને પ્રાર્થના કરતાં કહ્યું, “હે સર્વોપરી પ્રભુ ! હવે આજથી આ બધું જ તમને અર્પણ છે. આ સમગ્ર મઠ, તેની સંપત્તિ તેમજ હું પણ આપના ચરણે છું. આપ અહીંયાં જ કાયમ નિવાસ કરીને રહો ને અમને દર્શન-સેવા અખંડ આપો.”

નીલકંઠ વર્ણી પૂજારીની સર્વસ્વ અર્પણની ભાવના જોઈ ખૂબ પ્રસન્ન થયા. પણ તેઓ આ બધું એકઠું કરવા કે ભૌતિક પદાર્થો માટે ક્યાં નીકળ્યા હતા ? તેમણે પૂજારીને કહ્યું, “તમારી સેવા, તમારી સમજણ તેમજ રાજી કરવાની રીતથી અમે ખૂબ રાજી થયા. તમારો પ્રેમ હતો, તમારી જે ભાવના હતી તે અમે પૂરાં કર્યાં છે ને તેથી જ તમારી આટલા દિવસ સુધી ને આટઆટલી સેવા સ્વીકારી છે. હવે વિશેષ કશું જ અમને ખપતું નથી. અને આ જગ્યા, આ સઘળું તમને પ્રાપ્ત થયું છે તે પ્રભુનું માની તેનો ઉપયોગ કરજો તો તમને પણ આ ભૌતિક પદાર્થોમાં બંધન નહિ થાય.” એવા આશીર્વાદ આપી પછી કહ્યું, “હવે અમારે અહીંથી આગળ હિમાલયમાં શ્રી નરનારાયણ ઋષિ તપ કરે છે ત્યાં જવું છે. આપ ત્યાં જવાનો રસ્તો બતાવવાની છેલ્લી સેવા કરી લ્યો.”

જોષીમઠના પૂજારી આ સાંભળી અચંબો પામ્યા. નીલકંઠ વર્ણીએ તમામ સંપત્તિમાં સહેજ પણ રુચિ ન બતાવી તે જોઈ તેમને એમના પર સર્વોપરી પ્રભુપણાનો નિશ્ચય વિશેષ દૃઢીભૂત થયો. તેમને થયું આવું કાર્ય તો પ્રભુ જ કરી

શકે. અહીંથી હિમાચ્છાદિત વિસ્તારમાં જવું તો બહુ જ દુષ્કર છે. માનવીથી ત્યાં જવું જ અશક્ય છે. ત્યારે વર્ણી ત્યાં જવાની ઇચ્છા કરે છે. તેમણે કહ્યું, ‘‘વર્ણી ! ત્યાં જવું અસંભવ છે. ત્યાં હજુ સુધી કોઈ માનવી ગયું હોય તેવું જાણ્યું નથી. ત્યારે આપ માત્ર આવા વર્ણી વેશે કઈ રીતે પહોંચશો ?’’

વર્ણીએ કહ્યું, ‘‘આપ અમને કેવા સમજો છો ? અમે થોડા માનવી છીએ ! અમારા માટે કશું જ અશક્ય કે અસંભવ નથી. અમારે માર્ગ શોધવાની પણ જરૂર હોતી નથી. પણ અમે ક્યારેક એ નિમિત્તે કોઈની સેવા લઈએ છીએ.’’

પૂજારીને થયું વાત એમની સાચી છે. તેઓ ક્યાં દેહધારી છે ? મને દેહધારી જેવા દેખાય છે ને એટલે જ એવા ભાવો પરઠાય છે. પૂજારીએ નીલકંઠ વર્ણીને વિદાય આપવા તૈયારી કરી. તેમણે ચંદન-પુષ્પથી પૂજા કરી. ઠંડીમાં રક્ષણ મળે તે હેતુથી એક ગરમ ધાબળો પણ આપ્યો ને પ્રાર્થના કરી, ‘‘આપ વળતા ફરી પાછા અમને દર્શન આપવા પધારજો ને વારંવાર આપની સેવા અમારાથી થાય એવો સંયોગ આપજો.’’ નીલકંઠ વર્ણીએ ત્યાંથી ભાવથી વિદાય લીધી અને નિર્ભયપણે આગળ ચાલવા માંડ્યા. ત્યારે જોશીમઠના રહેવાસીઓ તેમનાં દર્શન કરતાં આશ્ચર્યથી જોઈ જ રહ્યા હતા. પ્રથમ વાર જ કોઈ આવા બાળવર્ણીને એ માર્ગે જતા જોતા હતા.

## વિચરણ સંદર્ભ

અષાઢ સુદ એકમના દિવસથી હિંડોળા ઉત્સવનો પ્રારંભ થાય. અષાઢ સુદ દશમના દિવસે એમણે ગૃહત્યાગ કર્યો. તે પહેલાંના દિવસોમાં તેઓ અયોધ્યા હતા. પછી ગૃહત્યાગ કરી સરયૂ નદી તરી અમરપુર આવ્યા. નિયમની એકાદશીને દિવસે ત્યાંથી નીકળી ઘોર વનમાં (નારદવનમાં) પ્રવેશ કર્યો. હિંડોળાના બાકીના દિવસો આ વનમાં જ પૂરા કર્યા. શ્રાવણ સુદ એકાદશી (પવિત્રા એકાદશી) હરિદ્વારમાં કરી. શ્રાવણ વદ આઠમે (જન્માષ્ટમીએ) તપોવનમાં હતા. લક્ષ્મણ ઝૂલામાં યજ્ઞોપવીત ધારણ કરી. ભાદરવા સુદ ચતુર્થીએ શ્રીનગરમાં હતા. ને ઋષિ પંચમીએ ઉદ્ધવ વનમાં પહોંચ્યા હતા. જળઝીલણી એકાદશી ગુપ્તકાશીમાં ને શ્રાદ્ધપક્ષ સમયે ગુપ્તપ્રયાગમાં પધાર્યા હતા. કેદારનાથથી નવરાત્રિના દિવસે ચાલ્યા તે માર્ગ પસાર કરીને દશેરાના દિવસે બદરીનાથને વિષે પધાર્યા. ત્યાં માણેકઠારી-શરદપૂનમ, દિવાળી ને અન્નકૂટ ઉત્સવ સુધી રહ્યા હતા.

## નીલકંઠ વર્ણીનાં દર્શન રાજા રણજિતસિંહે કર્યાં

નીલકંઠ વર્ણી હિમાલયને વિષે વિચરતાં વિચરતાં માનસરોવર પહોંચી ગયા. ત્યાં સુંદર, શીતળ જળનું અત્યંત રમણીય માનસરોવર હતું. ચારેબાજુ શ્વેત પર્વતો ને ધવલ આકાશ ઓપી રહ્યાં હતાં. ચોતરફ નિઃશબ્દ નીરવ શાંતિ પ્રવર્તતી હતી. વર્ણીએ આ માનસરોવરને પ્રસાદીભૂત કરવા, પ્રગટ તીર્થત્વ પ્રદાન કરવા શીતળ જળમાં ડૂબકી લગાવી સ્નાન કર્યું. માનસરોવરમાં શ્વેત હંસો સર્વોપરી મહાપ્રભુનાં દર્શન કરવા તેમની દૃષ્ટિમાં સમાવવા આવવા લાગ્યા. વર્ણીએ તેમની પર કૃપાદૃષ્ટિ રેલાવી, સંકલ્પોમાં સમાવી લીધા.

વર્ણી માનસરોવરથી ચાલી સંવત ૧૮૪૯ના વૈશાખ સુદ ૩ અખાત્રીજના દિવસે પુનઃ બદરીનાથ પધાર્યા. જોષીમઠના જે પૂજારી હતા અને જેણે અગાઉ નીલકંઠ વર્ણીની ખૂબ ભાવથી સેવા કરી હતી તે નીલકંઠ વર્ણીની પાછા ફરવાની ખૂબ આતુરતાથી રાહ જોઈ બેઠા હતા.

આજે વર્ણી ત્યાં પુનઃ પધાર્યા હતા. તે પૂજારી વર્ણીને જોઈ તુરત ઓળખી ગયા ને આનંદવિભોર થઈ ગયા. વર્ણી પાસે આવી સેવા આપવા વિનંતી કરી. તે પૂજારીએ ભાવથી થાળ બનાવી વર્ણીને પ્રેમથી જમાડ્યા. વર્ણીએ પણ પૂજારીનો નિષ્કામ પ્રેમ જોઈ રાજી થઈ સેવા અંગીકાર કરી કહ્યું, “પૂજારી ! અમે અહીંથી જમીને ગયા હતા તે આજે ફરી અન્ન જમીએ છીએ.” એમ કહી તેના પર રાજીપો બતાવ્યો.

આ જ દિવસે પંજાબના રાજા રણજિતસિંહ બદરીનાથને વિષે આવ્યા હતા. નીલકંઠ વર્ણીએ તેમની પર પણ કૃપા કરી. રાજા રણજિતસિંહનું મન ને એમની દૃષ્ટિ અગમ્ય રીતે ત્યાં બેઠેલા નીલકંઠ વર્ણી પ્રત્યે ખેંચાયાં. તેઓ જેમનાં દર્શન કરવા આવ્યા હતા તેને બદલે તેમનું મન આ વર્ણીને વિષે અકારણ લલચાયું. વર્ણીનાં દર્શન કરતાં ને વર્ણીની તેમના પર દૃષ્ટિ પડતાં જ રાજા રણજિતસિંહના અંતઃકરણના ભાવો પલટાયા. બે હાથ જોડી નમન કરી વર્ણી સમક્ષ સ્થિર મુદ્રાએ ઊભા રહી ગયા. પછી તેઓ વર્ણીના ચરણોમાં કાષ્ઠવત્ લેટી પડ્યા ને બોલ્યા, “વર્ણીરાજ ! હવે હું આપને છોડવાનો નથી. કૃપા કરી આપ મને તજશો નહીં… આપ કોઈ સાધારણ બાળક નથી. અવશ્ય કોઈ સર્વાવતારી પ્રભુ જ છો. આજથી આપનો હું દાસ છું. આપ કહો એમ મારે કરવું છે.” વર્ણી તેમની વિનયી પ્રાર્થના ને ભક્તિભાવ જોઈ રાજી થયા.

વર્ણીએ તેમને ઉપદેશનાં સુંદર વચનો કહ્યાં, ‘‘હે રાજન ! અમે અક્ષરધામના સ્વયં અધિપતિ છીએ. અમે સર્વ અવતારના અવતારી છીએ. અમારા ધામને વિષે કહેતાં મૂર્તિને વિષે અપાર સુખ ભર્યું છે. મુક્તો એ સુખ ભોગવતાં કિલ્લોલ કરે છે. અને અવરભાવમાં જીવોને અમારી મૂર્તિ કહેતાં અમારા સ્વરૂપની પ્રાપ્તિ એ જ પરમ સુખ છે, પરમ મોક્ષપદ છે. અવરભાવમાં અમારા સ્વરૂપમાં નિરંતર રહે અર્થાત્ અમારી મૂર્તિ રૂપે વર્તે તેને સદાય સુખ, સુખ ને સુખ જ છે. ને જો દેહ રૂપે વર્તે તો એને કદી સુખ વર્તતું નથી. દુઃખી મટતો નથી. માટે આજે તમને અમારી પ્રાપ્તિ થઈ છે એ જ તમારા મોક્ષનું કારણ બની રહેશે.’’ એમ કહી પોતાને આગળ વિચરણમાં જવાનું કહેતાં રાજા રણજિતસિંહ ઉદાસ થઈ ગયા. તેમને વર્ણીથી વિખૂટા પડવું નહોતું. વર્ણીએ આજ્ઞા કરતાં કહ્યું, ‘‘તમો અત્યારે અહીંથી જાઓ. અમે એ બાજુ વિચરીશું તો તમને ફરી દર્શન માટે અવશ્ય સમાચાર આપીશું.’’ રાજા રણજિતસિંહને ત્યાંથી છૂટું પડવું અઘરું લાગ્યું. વર્ણીની આજ્ઞા થવાથી નછૂટકે રાજા રજા લઈ ત્યાંથી નીકળ્યા. રાજાને વર્ણીના સાંનિધ્યથી છૂટવું ખરેખર વસમું થઈ પડ્યું. સર્વ દુઃખરૂપ ભાસવા માંડ્યું ને તેમના શરીરે જ્વર વ્યાપી ગયો.

નીલકંઠ વર્ણી ત્યાંથી ચાલતા ગંગોત્રી પધાર્યા. ત્યાંથી પુનઃ હરદ્વારમાં પધાર્યા. પંજાબના રાજા રણજિતસિંહ પ્રથમથી ત્યાં હતા. નીલકંઠ વર્ણી સાથે હરદ્વારમાં તેમનું પુનઃ મિલન થયું.

રાજાને નીલકંઠ વર્ણીનાં દર્શન થતાં જ ચિંતારૂપી જ્વર ઊતરી ગયો. અંતરે અતિશે આનંદ થયો. જાણે પોતાનો જતો રહેલો પ્રાણ પાછો આવી ગયો હોય એવું તેમણે અનુભવ્યું. વર્ણીએ ત્યાં જમાડવાની ઇચ્છા વ્યક્ત કરી. તત્કાળ જે ભોજન તૈયાર હતું તે મેવા, મીઠાઈ, ફળ વગેરે રાજાના સેવકો સોનાના થાળમાં લઈ આવ્યા ને વર્ણીને આપ્યું. વર્ણીએ તેને પ્રેમથી જમાડ્યું. વધેલો થાળ પ્રસાદ તરીકે રાજાને આપ્યો. નીલકંઠ વર્ણીએ પોતાની સેવા અંગીકાર કરી તેથી રાજા રણજિતસિંહને અતિશે ભાવ થયો. તેમને નીલકંઠ વર્ણીને છોડીને જવાની ઇચ્છા થતી જ નહોતી. તેમણે સઘળું રાજપાટ છોડીને અથવા વર્ણીને સોંપી દઈ બાકીનું આયખું આ વર્ણી સાથે જ પસાર કરવું, વિતાવવું એવો નિર્ધાર કર્યો.

નીલકંઠ વર્ણી અંતર્યામીપણે એમનો સંકલ્પ જાણી બોલ્યા, ‘‘અમારે રાજ્ય કરવાની કોઈ ખેવના નથી. તેના માટે અમે આ વિચરણ આદર્યું પણ નથી.

તમારા જેવા મુમુક્ષુઓને અમારો યોગ કરાવી, અમારા સ્વરૂપનું જ્ઞાન આપી અમારી મૂર્તિનું પ્રદાન કરીએ છીએ. આપ પણ આ મૂર્તિનું જતન કરી તેનું નિત્ય મનન-ચિંતન ને નિદિધ્યાસ કરજો. તમને તમારું રાજપાટ કશું જ બંધન નહિ કરે. સદાય નિર્લેપપણે રહેવાશે.''

રાજા રણજિતસિંહને વર્ણીનાં વચનો જીવને વિષે પરોવાઈ ગયાં. અંતરે જે ઉદ્‌વેગ હતો તે શાંત થયો. તેમને તીર્થાટનનું ફળ તીર્થમાં જવાથી નહિ પણ આ વર્ણીના સંયોગથી, એમની કૃપાથી મળ્યું હતું. માત્ર વગર વિચારે તીર્થ ફરવાથી કોઈ ફળની પ્રાપ્તિ થતી નથી. પણ સાધનની સમાપ્તિ કરાવનારા કોઈ મોટા સત્પુરુષનો યોગ થાય તો જ તેનું ફળ મળતું હોય છે. રાજા રણજિતસિંહને બે દિવસ સુધી વર્ણીનું સાંનિધ્ય માણવા મળ્યું. બે દિવસમાં તે વર્ણીથી સંપૂર્ણ રંગાઈ ચૂક્યા હતા. તેમને હૈયે હવે સુખ સુખ વર્તાતું હતું. વર્ણીએ તેમને પોતાના સંબંધમાં ને સમીપમાં લઈ સુખિયા કરી મૂક્યા હતા.

"શ્રીહરિ મેં સુખ હે જેસા, ઓર મેં કબુ નહિ હે લેશા,
ઓર મેં સુખ જાને ત્યાં લગહિ, ભવબંધન ન છૂટે ત્યાં લગહિ."[૧૦]

અર્થાત્ શ્રીહરિની મૂર્તિમાં જેવું સુખ છે તેવું સુખ બીજા કોઈમાં લેશમાત્ર હોતું નથી. બીજામાં જ્યાં સુધી સુખ મનાય છે ત્યાં સુધી ભવબંધન છૂટતું નથી.

રાજા રણજિતસિંહને નીલકંઠ વર્ણીના યોગથી, એમની કૃપાથી સંપૂર્ણ કૃતાર્થપણું મનાયું. સમજણે કરીને પોતાને જે પ્રાપ્તિ થઈ તેનો અંતરમાં કેફ વર્તાવા લાગ્યો. તેઓ હવે અહીંથી નીલકંઠ વર્ણીથી છૂટા પડી પરત ફર્યા ને નીલકંઠ વર્ણીએ પોતાની આગામી મંઝિલ તરફ પગરણ માંડ્યાં. હવે તેમની મંઝિલ કાળા પહાડ તરફ જઈ નેપાળ તરફ જવાની હતી.

## નીલકંઠ વર્ણી હૈરૈયામાં

નીલકંઠ વર્ણીની મંજિલ કાળા પહાડ તરફ થઈને નેપાળમાં પ્રવેશ કરવાની હતી. તેથી તેઓ હરદ્વારથી પગપાળા ચાલતા પુનઃ અયોધ્યા પધાર્યા. અહીં થોડા દિવસ ગુપ્ત આવાસમાં રહી ત્યાંથી આગળ પ્રયાણ કર્યું.

વર્ણીના ગૃહત્યાગને એકાદ વરસ પૂરું થવા આવ્યું હતું. સંવત ૧૮૪૯ વૈશાખ ઊતરતાં તેઓ અયોધ્યા પધારી ત્યાંથી ફરી સરયૂ નદી પાર કરી ત્રણ

૧૦. શ્રીહરિચરિત્રામૃતસાગર : પૂર-૨, તરંગ-૨૨

જોજન દૂર ઉત્તર તરફના કિનારે નીકળ્યા. કિનારે કિનારે ચાલી હરૈયા ગામે આવ્યા.

ગામમાં પ્રવેશતાં ગામના દરવાજે હલવાઈની હાટ હતી. દુકાનમાં હલવાઈ તથા તેની મા બેઠાં હતાં. નીલકંઠ વર્ણીને ગામમાં પ્રવેશતા હલવાઈ તથા તેની માએ જોયા. વર્ણીની અલૌકિક તપસ્વી, તેજસ્વી મુખમુદ્રાનાં દર્શન કરતાં તેમને દિવ્યભાવ જાગ્યો. આટલી નાની વયે આટલું બધું તપ ? આટલો બધો વૈરાગ્ય ? અને વર્ણી તો જ્યાં જતા ત્યાં આકર્ષણનું કેન્દ્ર બનતા. તેઓ મુમુક્ષુઓને પોતાના તરફ આકર્ષી લેતા અથવા તો મુમુક્ષુઓ અનાયાસ તેઓ તરફ આકર્ષાઈ જતા. અહીં પણ વર્ણી તરફ હલવાઈ તથા તેની મા મુમુક્ષુ હશે તેથી આકર્ષાયા ને વર્ણી પણ જાણે તેમની સેવા લેવા જ ત્યાં પધાર્યા હોય તેમ તેમની તરફ દૃષ્ટિ ફેરવી. હલવાઈએ પ્રેમાળ આવકાર આપી પોતાની હાટને વિષે પધારવા નિમંત્ર્યા.

વર્ણી તો મુમુક્ષુના ભાવના ભૂખ્યા હતા. તેઓ દુકાનને વિષે પધાર્યા. હલવાઈ અને તેની માએ વર્ણીને બેસાડી મીઠાઈનો પડિયો ભરી લાવી વર્ણી સમક્ષ ધરી દીધો. વર્ણી તેની સેવાને આરોગી તેના પર પ્રસન્ન થયા. વર્ણી તો મુમુક્ષુને મોક્ષ-ઉપયોગી વચનો હંમેશાં કહેતા ને જે પોતાની સેવા કરતા તેમને તો અવશ્યપણે કહેતા. તેઓ મોક્ષ માર્ગના રાહબર બની પોતાના સર્વોપરી સ્વરૂપનું જ્ઞાન આપતા. તેથી વર્ણીએ સુંદર વાતો કરી સુખ આપ્યું. તેમની મીઠાશભરી વાણી ને સર્વોપરી સ્વરૂપનિષ્ઠાની વાતો સાંભળી તેઓ આશ્ચર્ય પામ્યા.

હલવાઈએ પછી પૂછ્યું, “આપ જેવા સર્વોપરી પ્રભુનાં દર્શન અમને થયાંનું ને આપનું અહીં આવવાનું પ્રયોજન શું ?” ત્યારે વર્ણીએ જવાબ આપ્યો, “આપને મુમુક્ષુ જાણીને જ આપની સેવા લીધી. તેમજ અમારા સ્વરૂપની ઓળખાણ કરાવી, આપનો મોક્ષ કરવા માટે જ આપને ત્યાં આવવું થયું છે. તેમજ સર્વત્ર અમારું વિચરણ તે અર્થે જ છે.” આ સાંભળી હલવાઈ તથા તેની માને સર્વોપરી પ્રભુનાં દર્શન-સેવા-સમાગમનો યોગ મળ્યો તે માત્ર એમની કૃપાનું જ પરિણામ હતું તે સમજાયું. રાત્રિ વીતી ચૂકી હતી. વર્ણીને પોઢવા માટે કહ્યું. વર્ણી તો એમના મકાનમાં ન પોઢતા, દુકાનના ઓટલા પર મૃગચર્મ બિછાવી પોઢી ગયા.

વહેલી પ્રભાતે ઊઠ્યા. ત્યાંથી ચાલતા થયા. ઘણું દૂર ઘોરવન આવ્યું તેમાં પ્રવેશ કર્યો. વનને વિષે ભીલ દંપતીની કંદમૂળ-ફળની સેવા સ્વીકારી. ઉપદેશ આપી સત્સંગમાં જન્મ ધરાવી અમારી સર્વોપરી ઉપાસના સમજી અમારી મૂર્તિના સુખને પમાડીશ એવા આશીર્વાદ આપી ત્યાંથી તેઓ ચાલ્યા.

આગળ જતાં રસ્તામાં એક મહામોટી નદી આવી. નદીનો અફાટ પ્રવાહ હતો. જોશીલી ને વેગીલી નદીમાં પાણીનું પ્રચંડ પૂર હતું. નદીને તરીને પાર કરવાનું અશક્ય જણાતાં તેમણે નદીમાં જ ઝંપલાવી દીધું. વિશાળ પટવાળી નદીના પ્રવાહમાં વર્ણી તણાવા લાગ્યા. જેઓ અનેકને તારી શકે છે તેને કોણ તાણી શકે ? આ તો એમની માત્ર લીલા હતી. એમણે જ્યાં સુનિશ્ચિત કર્યું હશે ત્યાં સુધી તેઓ સ્વયં તણાશે ને પછી સ્વેચ્છાએ જ કિનારે પહોંચી જશે. વર્ણી નદીને પોતાના સ્પર્શથી પ્રસાદીભૂત કરી કિનારે આવી ગયા. નદીકિનારે મોટા પીપળાના વૃક્ષ નીચે વિશ્રામ કરી રાત્ય પણ ત્યાં જ ગુજારી.

## નીલકંઠ વર્ણી વંશીપુરમાં

નીલકંઠ વર્ણી વહેલા પ્રભાતે ઊઠી નદીમાં સ્નાન કરી નિત્ય વિધિથી પરવાર્યા ને પછી પીપળાના વૃક્ષ નીચે મૃગચર્મ પાથરી ધ્યાનસ્થ મુદ્રામાં બેઠા હતા. વંશીપુર નગરના રાજા ચંદ્રસિંહ એ સમયે જંગલમાં મૃગયા કરવા નીકળેલા. તે શિકારની શોધમાં ફરતાં ફરતાં નીલકંઠ વર્ણી ધ્યાનસ્થ અવસ્થામાં બેઠેલા ત્યાં પહોંચ્યા. નીલકંઠ વર્ણીનાં દર્શન-સેવા-યોગ તેમજ એમના પ્રતિ ખેંચાણ એમ ને એમ અકારણ કોઈને ન થાય કારણ કે તેઓ સર્વાવતારી પુરુષોત્તમ નારાયણ હતા. જો કોઈને દર્શન-સ્પર્શ કે સેવા-સમાગમનો યોગ થાય તો એમાં એમનો કોઈ હેતુ હોય જ. એમનો જ કોઈ સંકલ્પ જરૂર હોય. નીલકંઠ વર્ણી ધ્યાનસ્થ મુદ્રામાં તે રાજાને કૃપા કરી પોતાનો યોગ-સેવા-સમાગમ તેમજ ઓળખાણ થાય તે માટે જ ખેંચી રહ્યા હતા. તેથી જ રાજાની દૃષ્ટિ આ નીલકંઠ વર્ણી પર પડી. એટલું જ નહિ, તેમનાં દર્શન કરતાં તુરત જ તેઓ ઘડીભર થંભી ગયા.

નીલકંઠ વર્ણીની દિવ્ય દર્શન આપતી કૃશ કાયા, તપથી ઝળહળતું મુખારવિંદ ને તેજોમય લાવણ્યતાથી દેદીપ્યમાન થતી એમની મનોહર મૂર્તિને વિષે એમનું મન તથા વૃત્તિઓ એકાગ્ર થઈ ગયાં. તેઓએ ઘોડા પરથી નીચે ઊતરી વર્ણીના ચરણોમાં પ્રણામ કર્યા. નીલકંઠ વર્ણીએ નેત્રો ખોલ્યાં. રાજા પર દૃષ્ટિ પડી. રાજા મુમુક્ષુ હતા. વર્ણીની દિવ્યદૃષ્ટિથી તેમનું સેવન થઈ ગયું. રાજાને થયું કે આ કોઈ સાધારણ યોગી કે મહાત્મા નથી પરંતુ જરૂર ભગવાન છે. એમના સિવાય ચિત્તની-મનની વૃત્તિઓને કોણ ખેંચી શકે ? અંતઃકરણને કોણ પલટી શકે ? રાજાને અંતરમાં વર્ણી પ્રત્યે ભક્તિભાવ ઉત્પન્ન થયો. રાજાએ વર્ણીને પ્રાર્થના કરી,

“વર્ણીરાજ ! આપ કોઈ સામાન્ય જોગી કે તપસ્વી પુરુષ નથી. આપ સ્વયં પ્રભુ છો. આપ મારા રાજ્યને વિષે મારા આવાસે પધારવા કૃપા કરો. આપનાં દર્શન-સેવાનો અમને જો અલ્પ યોગ થાય તોપણ કૃતાર્થ થઈશું.”

રાજાનો આવો વિનમ્ર ભક્તિભાવ જોઈ વર્ણી તેમની સાથે આવવા તૈયાર થયા. વર્ણીને એમનું તથા એમના પરિવારનું કલ્યાણ કરવું હશે. પોતાની સર્વોપરી ઓળખ આપવી હશે તેથી રાજાને પોતાની કૃપામાં સમાવી તેમની સાથે જવા રાજી થયા.

વંશીપુરના રાજા વિનયી ને વિનમ્ર હતા. તેમને નીલકંઠ વર્ણીને વિષે સાક્ષાત્ ભગવાનપણાનો ભાવ થયો હતો. તેથી તેઓએ નીલકંઠ વર્ણીને રાજવી અશ્વ પર બિરાજમાન કર્યા. સ્વયં રાજા તે ઘોડાની સરક પકડી ઘોડાને દોરવા લાગ્યા. સર્વોપરી પુરુષોત્તમ નારાયણની અલ્પ સેવા પણ તેઓ જવા દેવા તૈયાર ન હતા. તેમને આ સેવા મળવાથી અંતરમાં આનંદ હતો. રાજા વર્ણીને ઘોડા પર અસવાર કરીને શહેરને વિષે લઈ આવ્યા.

શહેરના પ્રજાજનો ઘોડા પર અસવાર થયેલ નીલકંઠ વર્ણીને તેમજ ઘોડાની સરક પકડી ચાલતા પોતાના રાજાને જોઈ આશ્ચર્ય પામી ગયા. સઘળી માનવમેદની પધારેલા અત્યંત તેજસ્વી જણાતા ને સહુને પોતાની કૃપાદૃષ્ટિમાં સમાવતા એવા નીલકંઠ વર્ણીનાં દર્શન માટે ઊમટી પડી હતી. રાજાએ અશ્વને પોતાના મહેલમાં પ્રવેશ કરાવ્યો. રાજા વર્ણીનો હસ્ત પકડી ધીમેથી ઘોડા પરથી નીચે ઉતારી મહેલમાં લઈ ગયા. મહેલમાં રહેવાસીઓ પણ વર્ણીનાં દર્શન માટે દોડી આવ્યા.

રાજાની રાણી તેમજ તેમની બે કુંવરીઓ ઇલા અને સુશીલા પણ વર્ણીનાં દર્શન કરવા આવ્યાં. નાનકડી કૃશ કાયા છતાં દિવ્યતાનો પુંજ એવા કાંતિમાન નીલકંઠ વર્ણીનાં દર્શન કરતાં થાકતાં નહોતાં. સહુએ અનિમેષ નયને દર્શન કર્યાં. વર્ણીના દર્શનનું ફળ મળ્યું હોય તેમ સહુ દર્શનાર્થીઓના અંતઃકરણના ભાવો પલટાયા. સહુને અંતરમાં આનંદ વર્તાવા લાગ્યો. સહેજે સહુને વર્ણી વિષે સાક્ષાત્ પુરુષોત્તમ નારાયણનો ભાવ જાગ્યો. વર્ણીની સેવા કરવા સહુ તત્પર બન્યા હતા. કેમ કે સ્વયં રાજાને જ વર્ણીની સેવા કરતા જોઈ રાજાની રાણી તેમજ તેમની બંને કુંવરીઓમાં પણ વર્ણીની સેવાની ઇચ્છા જાગી.

નીલકંઠ વર્ણી અત્યાર સુધી વિચરણમાં વસ્તીમાં કદી જતા નહીં. આજે રાજાનું નિર્માનીપણું અને નિર્દોષભાવ જોઈ અથવા એ રાજાનું કુટુંબ સહિત રૂડું

કરવા જ એમને ત્યાં પધાર્યા હતા. રાજા-રાણી તથા બંને કુંવરીઓ વર્ણીને વિષે સ્વયં ભગવાન પધાર્યા છે તેવા ભાવથી સેવા કરવા લાગી જતાં. વર્ણીની સેવામાં ક્યાંય કચાશ રહી ન જાય તેનો ખ્યાલ રાખતાં. સ્નાનાદિક-પૂજાવિધિ-યોગનિદ્રા કે જમાડવા સમયે વર્ણીની સેવા તત્પરતાથી કરતાં. સહુને વર્ણીને વિષે અતિશે સ્નેહ બંધાયો હતો.

રાજા-રાણીને પુત્ર ન હતો. તેથી તેઓ વર્ણીને વિષે પુત્રપણાનું હેત વરસાવતાં. નીલકંઠ વર્ણીની દિવ્ય પ્રતિભાથી, એમની સઘળી અલૌકિક ક્રિયાથી ભગવાનપણાનો ભાવ વધુ દૃઢ થતો હતો. તેમ છતાં સંપૂર્ણ નિશ્ચયની દૃઢતા કે સંપૂર્ણ દિવ્યભાવની દૃઢતા એટલી જલદી કેમ થાય ? તે તો બધો પાત્રતાનો વિષય છે. અને એટલા સમયમાં જલદી પાત્ર કેમ થાય ? તેમ રાજા-રાણીને વર્ણીને વિષે મનુષ્યભાવ (અવરભાવ) વર્તાતો ને તેથી જ એક દિવસ રાજા-રાણી બંનેએ વર્ણી સમક્ષ પ્રસ્તાવ મૂક્યો, “હે નીલકંઠ વર્ણી ! આપ વનવિચરણ કરો છો, ભૂખ, દુઃખ એમ અનેક પ્રકારનાં કષ્ટો સહન કરો છો. એ બધું હવે સહન કરવું રહેવા દો. આ મારું સઘળું રાજ્ય તમને સોંપું છું. ને આ બંને કુંવરીનું લગ્ન પણ તમારી સાથે કરાવી આપું છું. તમે સ્વતંત્ર રીતે આ રાજ્યસત્તા ભોગવો ને સુખેથી અહીં જ રહી જાઓ.”

નીલકંઠ વર્ણીને રાજાનું કહેવું સાંભળી કશું જ આશ્ચર્ય ન થયું. રાજા-રાણી પર તેમને દયા ઊપજી. ‘આટલા દિવસથી અમારી સેવા કરી, અમારા મુખેથી વાતો સાંભળી, અમારી ક્રિયા નિહાળી તોયે અમને જેવા છીએ તેવા ઓળખી ન શક્યા ?’ વર્ણીને ઘણું દુઃખ થયું. વર્ણીએ વિચાર્યું... હશે, બિચારા જીવ છે ને ! આખરે તેઓ દેહધારી છે ને ! દેહધારી (અવરભાવવાળી) વ્યક્તિ હંમેશાં અમારે વિષે પણ મનુષ્યભાવ (અવરભાવ) જ પરઠે એમાં ક્યાં નવાઈ છે ?

દેહદર્શી દેખે પોતા જેવા સંસારી...

નીલકંઠ વર્ણીએ રાજા-રાણી તથા કુંવરીઓ પર કૃપા કરતાં હિતોપદેશ આપ્યો, “હે રાજન ! તમે અમને તમારી દૃષ્ટિથી જોયા ને મૂલવ્યા. તમે અમને જેવા દેખો છો એવા જ સમજ્યા. સાંભળો, અમે તો ક્ષર-અક્ષરથી પર અક્ષરાતીત પૂર્ણ પુરુષોત્તમ નારાયણ સ્વયં છીએ. અમે સદા તેજોમય અક્ષરધામને વિષે વિરાજમાન છીએ. આ લોકમાં જીવોને સુખ થાય તે માટે અમારો બધો જ દિવ્યભાવ (પરભાવ) ઢાંકી-ઢબૂરીને વર્તીએ છીએ. અમે કદી દેહ ધર્યો નથી ને દેહધારી પણ નથી.

અમે રાજપાટ ભોગવવા નથી વિચરતા. તેની અમારા હૈયામાં સહેજ પણ લાલચ નથી. તેનો તો અમને હંમેશાં અભાવ વર્તે છે. ને તેથી જ અમો કદી વસ્તીમાં જતા નથી કે નથી ક્યાંય સ્થિર થતા. જીવોનું આત્યંતિક કલ્યાણ થાય તે સારુ અમારા સર્વોપરી સ્વરૂપની ઓળખાણ જીવોને કરાવીએ છીએ ને તે અર્થે જ અમારું પ્રાગટ્ય તેમજ આ વિચરણ છે. અહીં તમારા મહેલમાં આવવાનો હેતુ પણ અમારો એ જ છે. તમારો પ્રેમભર્યો ભક્તિભાવ ને નિર્દોષબુદ્ધિ દેખીને તમને અમારા સ્વરૂપનો સર્વોપરી નિશ્ચય થાય તે સારુ જ કેવળ કૃપા કરીને અહીં ચાતુર્માસ રોકાયા. તમને અનેક વખત અમારા સર્વોપરી સ્વરૂપસંબંધી વાતો કરી, અનેક ચરિત્રો પણ કર્યાં તોપણ સમયે તમે અમને ઓળખી ન શક્યા, સમજણની દૃઢતા ન રાખી શક્યા.''

રાજા-રાણી તથા બંને કુંવરીઓને વર્ણીની વાત સાંભળી અને આટલો વખત એમની સેવા કરી છતાં વર્ણીને યથાર્થ ઓળખી શક્યા નહિ તેનું ખૂબ દુઃખ થયું. વર્ણીને વિષે અવરભાવ પરઠી તેમને માયિક પ્રલોભનમાં બાંધવાનો નિરર્થક પ્રયાસ કર્યો તેનો ખૂબ જ પસ્તાવો થયો.

રાજા તથા રાણી બંને ગુણિયલ હતાં ને વળી વર્ણીના સેવા-સમાગમ ને તેમના પર થયેલા રાજીપાને પરિણામે એમનામાં ઉચ્ચ પ્રકારની મુમુક્ષુતા પ્રગટી હતી. તેથી તેઓ વર્ણીના ચરણોમાં પડી ગયા અને પશ્ચાત્તાપનાં ચોધાર આંસુઓ વડે ચરણો પખાળવા લાગ્યાં. તેમને તેમની ભૂલ ઓળખાઈ ગઈ હતી. તેમણે વર્ણીની ક્ષમાયાચના માગતાં કહ્યું, ''વર્ણીરાજ ! આપે અમારા પર અઢળક કૃપા કરી આપના સ્વરૂપનો નિશ્ચય થાય તે માટે ખૂબ દાખડો કર્યો. અહીં રહી ખૂબ સુખ આપ્યું. અરે... રે... અમે આપને જેવા છો તેવા ઓળખી ન શક્યા...!!! અમે તમારે વિષે મનુષ્યભાવ પરઠી દીધો. અમે અમારી માયિક બુદ્ધિ વડે કરીને તમારો નિશ્ચય કર્યો. માયિક દૃષ્ટિએ કરીને જ તમને જોયા ને સેવા-સમાગમ કર્યો. પણ તમારા સ્વરૂપનો સર્વોપરી નિશ્ચય કરીને તમને રાજી ન કરી શક્યા તેનો અમને ખૂબ વસવસો છે, અંતરમાં ખૂબ જ દુઃખ છે, ને તેથી પારાવાર પસ્તાવો પણ થાય છે. માટે આપ હવે અમને આપનો જેમ છે તેમ યથાર્થ નિશ્ચય થાય તેવી કૃપા કરો ને અમારા પર પ્રસન્ન થાવ.''

નીલકંઠ વર્ણી બંને સામું જોઈ હસ્યા પણ કશું બોલ્યા નહીં. રાજા-રાણીને નીલકંઠ વર્ણીનું ન બોલવું તેમજ હસવું વિસ્મયભર્યું લાગ્યું. તેમને હવે અંતરે ફાળ

પડી. નક્કી આ વર્ણી અહીં વધુ સમય નહિ રોકાય તેમજ તેમની ઉદાસી જોતાં હવે તેઓ વધુ ઉપદેશ પણ નહિ આપે. રાજા-રાણી બંને દિલગીર થઈ ગયાં. વર્ણી તેમના અંતરના મનોભાવને પામી ગયા. તેથી વર્ણીએ તેમને કહ્યું, “તમોએ અમારી ખૂબ ભક્તિભાવથી સેવા કરી, અમને ચાર માસ સુધી ખૂબ સાચવ્યા. તમને અમારા પ્રત્યે અપાર સ્નેહ બંધાયો છે. તેનું ફળ અવશ્ય તમને મળશે. અમે જેના પર પ્રસન્ન થઈએ છીએ તેને અમારા સર્વોપરી સ્વરૂપનો નિશ્ચય કરાવીએ છીએ ને તે વડે જ અમારા મૂર્તિસુખના અધિકારી થવાય છે.” એટલાં રાજીપાનાં વચન કહી રાજા-રાણીના અંતરના ઉદ્વેગને સમાવી વર્ણી પોતાના પોઢવાના આસને ગયા ને તેઓએ યોગનિદ્રા ધારણ કરી લીધી.

મધ્યરાત્રિ વીતી ચૂકી હતી. સર્વત્ર નીરવ શાંતિ ને રાત્રિનું ઘનઘોર અંધારું વ્યાપી ગયું હતું. મહેલના પહેરેગીરો તોતિંગ દરવાજા પર પહેરેગીરી કરી રહ્યા હતા. વર્ણીને અહીંથી સૌને સૂતા મૂકી જવું હતું. અન્યથા રાજા-રાણી તેમને વિષે સ્નેહપાશથી એટલાં બધાં બંધાયાં હતાં કે વર્ણીને જવા દે તેમ ન હતાં. વર્ણી તેમની સામગ્રી લઈ મહેલનાં પગથિયાં સડસડાટ ઊતરી ગયા. પહેરેગીરોને વર્ણીનાં દર્શન ન થયાં. મહેલના તોતિંગ દરવાજા આપોઆપ ઊઘડી ગયા. વર્ણી ત્યાંથી પસાર થઈ ગયા એટલે આપોઆપ દરવાજા બંધ પણ થઈ ગયા. વર્ણી પોતાના આગામી ગંતવ્યસ્થાન તરફ ઝડપથી ગતિમાન થતાં પળવારમાં અરણ્યને વિષે અદૃશ્ય થયા.

સવાર પડી. નિત્યક્રમ મુજબ નીલકંઠ વર્ણીની પરિચર્યા કરવા રાજા-રાણી આવ્યાં. તેમણે નીલકંઠ વર્ણીને સૂતેલા ન જોયા. એમની રોજિંદી સામગ્રી જેવી કે, મૃગચર્મ-તુંબીપાત્ર કે જળગળણું વગેરે કંઈ દેખવામાં ન આવ્યું. તેમને ફાળ પડી. નક્કી વર્ણી રાત્રે આપણને સૂતા મૂકીને ચાલી નીકળ્યા છે. તેમણે મહેલમાં બધે જ તપાસ કરી. પહેરેગીરોને પણ પૂછ્યું. પણ બધા બેખબર હતા.

રાણી તથા બંને કુંવરીઓ વર્ણી જતા રહ્યાના સમાચાર જાણી ખૂબ કલ્પાંત કરવા લાગ્યાં. રાજા પણ બળહીન ને ઉદાસ થઈ ગયા. પોતાના મહેલમાંથી પોતાનું સુખ જતું રહ્યું હતું. વર્ણીને હવે શોધવા ક્યાં ? રાજાએ સ્વસ્થ થઈ ઘોડેસવારોને બોલાવ્યા. તેમને બધી દિશામાં જઈ નીલકંઠ વર્ણીની તપાસ કરવા કહ્યું, “તેમને લીધા વિના પાછા આવશો નહીં.” તેવું ફરમાન પણ કર્યું. ઘોડેસવારો દરેક દિશામાં ઘૂમી વળ્યા પણ વર્ણી એમ ક્યાં કોઈના હાથમાં આવે એમ હતા ?

તેઓ ક્યાં કોઈથી પકડાય તેમ હતા ? ઘોડેસવારોએ વીશ વીશ કોસ સુધી દરેક દિશામાં તપાસ કરી જોઈ. ક્યાંય વર્ણીની ભાળ ન મળી. ઘોડેસવારો નિરાશ વદને ખાલી હાથે પાછા ફર્યા. રાજાને કહ્યું : ''વર્ણીને શોધવા મુશ્કેલ છે. તેમની ભાળ પણ મળી શકી નથી. તેમને હવે વધુ શોધવા નિરર્થક છે.''

આ સાંભળી રાજા તથા રાણી અને બંને કુંવરીઓને વર્ણીના વિરહની અતિશે વેદના ઊપડી. કદાચ વર્ણી પાછળ તેઓ પ્રાણનો પણ ત્યાગ કરી દે એવો અસહ્ય વિરહ તેમને થતો હતો. રાજાના પરિવારનો વિરહ નીલકંઠ વર્ણી અંતર્યામીપણે જાણી ગયા. તેમની સેવા લીધી હતી. તેથી કૃપા કરતાં તેમણે આકાશવાણી દ્વારા પ્રેરણા કરી.

આકાશવાણી દ્વારા કહ્યું, ''તમારી પર અમો ખૂબ પ્રસન્ન થઈને અમારા સર્વોપરી સ્વરૂપની ઓળખાણ થાય તેમજ અમારો યોગ થાય તેવો સંકલ્પ કરીને જ નીકળ્યા છીએ. તમે સૌરાષ્ટ્રના મોરબી પાસે માળિયા ગામમાં રાજકુટુંબમાં જન્મ પામશો. ત્યાં તમને સત્સંગનો યોગ થશે. અમે તમારા દરબારમાં આવીશું ને અમારા સર્વોપરી સ્વરૂપનો દૃઢ નિશ્ચય થશે ને તમને અમારી મૂર્તિસુખના અધિકારી કરીશું.''

આકાશવાણીના આ શબ્દો સાંભળી રાજાના પરિવારનો ઉદ્વેગ હટી, વિરહ મટી શાંતિ થઈ. તેઓ હવે નિશ્ચિંત થયા કે અવશ્ય સર્વોપરી પ્રભુનો યોગ થશે, ઓળખાણ થશે ને જરૂર મૂર્તિસુખની પ્રાપ્તિ થશે.

# ૨

# નેપાળ પ્રદેશમાં

**(આ.સં. ૧૮૫૦, ઈ.સ. ૧૭૯૨-૯૩)**

## નીલકંઠ વર્ણી નીલગિરિ-ધવલગિરિ પર્વત પર

નીલકંઠ વર્ણીએ વંશીપુરથી નીકળી ઈશાન તરફ કાળા પર્વતની (નીલગિરિની) વાટ પકડી હતી. કાળા પર્વત પર પહોંચવું મનુષ્યને માટે દુષ્કર છે. કોઈ મનુષ્યથી ત્યાં જવાતું નથી કે રહેવાતું નથી ને ત્યાં પહોંચવાની મંજિલ પણ ઘણી વિકટ હતી. સઘન વનમાંથી માર્ગ શોધવો મુશ્કેલ હતો. ત્યાં વળી કોઈ કેડી મળે તેમ ન હતી. સૂર્યનો પ્રકાશ પણ જમીન સુધી પહોંચી શકતો નહોતો એવી વનની ઘટા હતી અને એટલી જ એની ગહેરાઈ હતી. આ વનમાં હિંસક પશુ-પ્રાણીઓ તેમજ અનેક પ્રકારનાં ઝેરી જીવજંતુઓનો ભય રહેતો...

"જોઈ કાળાગિરિની તળાટી, વન સઘન ને ઘણી ઘાટી ।
જિયાં ન પડે સૂર્યપ્રકાશ, તિયાં કીધો પોતે જઈ વાસ ॥
જિયાં પહાડ પ્રૌઢ પ્રચંડ, વૃક્ષ કરે છે વાતો બ્રહ્માંડ ।
તેનાં પુષ્પ પત્ર મૂળ કંદ, જેહ જમે તે પામે આનંદ ॥
અતિ રસાળ કોમળ ફળ, વહે નદીએ નિર્મળ જળ ।
તિયાં પશુ ને પક્ષી અપાર, ફરે હંમેશાં વન મોઝાર ॥
સિંહ વ્યાઘ્ર વરાહ મહિષુ, પાડે હજ ગેંડા બહુ ચિસું ।
રીંછ ભીંછ સામસામાં હુકે, માંહી કેશરી સિંહ તાડુકે ॥
સુરગાયો ને રોઝડાં ઘણાં, ફરે ટોળાં સેમર શ્યાલ તણાં ।
વરુ વાનર ને સસ રમે, કસ્તૂરિયાં મૃગ કંઈ ભમે ॥

મનુષ્યમાત્ર મળે નહિ જેમાં, ફરે પોતે એકાએક તેમાં ।
કઠણ ભૂમિ ને કાંકરા અતિ, કરે કોમલ ચરણે ત્યાં ગતિ ।।
કાંટા ફંગટામાં નિત્ય ફરે, ભૂત પ્રેત દૈત્યથી ન ડરે ।
આત્મદૃષ્ટિ ને ધીરજ અતિ, મોટી દશા કુશાગ્ર છે મતિ ।।"[૧૧]

પણ વર્ણી ક્યાં મનુષ્ય હતા ? તેઓ સ્વયં પરબ્રહ્મ પુરુષોત્તમ નારાયણ હતા. તેઓ જ્યાં વિચરતા ત્યાં કેડીઓ કંડારાઈ જતી તથા માર્ગો સામા આવીને મળતા; દિશાઓ એમની સન્મુખ થઈ જતી. તેમ છતાં અવરભાવમાં તેઓ મહાકષ્ટ વેઠી આ સઘન વનમાં વિચરતા હતા. અહીં કોઈ દિવસ કંદમૂળ કે ફળફૂલ જમવા મળે અથવા ન પણ મળે. પીવા માટે પાણી ક્યાંક મળે કે ન પણ મળે. તોપણ તેઓ વિચરણ કરતા થાકતા નહિ, કંટાળતા નહીં.

"દિશ બાંધીને ચાલ્યા દયાળ, મૂકી નિજ શરીર સંભાળ ।
ત્રણ દિવસ વહી ગયા ત્યાંઈ, જળ ફળ મળ્યું નહિ કાંઈ ।।
ચોથે દિવસે ચેત ન રહ્યું, પૃથિવીએ પિંડ પડી ગયું ।
રહી મૂરછા ઘડી બે વાર, પછી ઉઠિયા પ્રાણઆધાર ।।
જોયું પછી ચારેકોરે જ્યારે, દીઠી નદી દૂર થકી ત્યારે ।"[૧૨]

એક સમયે તેઓ સતત ત્રણ દિવસ સુધી ચાલ્યા. રસ્તામાં ક્યાંય જમવા કંદમૂળ કે ફળફૂલ મળ્યાં નહીં. પાણી વગર ગળું સુકાવા લાગ્યું. ચાલી ચાલીને અત્યંત થાકી ગયા હતા. અતિશે શ્રમ પડવાથી શરીર ક્ષીણ થઈ ગયું હતું. હવે તેઓ ચાલવા અશક્ત થયા હોય તેવું જણાવ્યું. શરીરે અતિશે અશક્તિ જણાઈ. ચોથે દિવસે તેઓને મૂર્છા આવી ગઈ. તેઓ જમીન પર ઢળી પડ્યા. થોડી વારે મૂર્છા ઊતરી ચેતના આવી ત્યારે ઊભા થઈ ચોતરફ દૃષ્ટિ કરી. થોડે દૂર નદી વહેતી હતી. ત્યાં સુધી તેઓ કૃશ શરીરે પરાણે પહોંચ્યા. નદીમાં સ્નાન કર્યું. નિત્ય વિધિ કરી જળપાન કર્યું. વર્ણીએ શરીરમાં થોડી સ્ફૂર્તિ જણાવી. ચાલીને પાસે વડનું મોટું વૃક્ષ હતું ત્યાં વિશ્રામ લીધો. સંધ્યા ઢળી ચૂકી હતી. રાત્રિનિવાસ એમણે વડ નીચે જ કર્યો.

વાહ, પ્રભુ વાહ !

આપ અનંતકોટિ બ્રહ્માંડોના અધિપતિ હોવા છતાં નરનાટકમાં કેવી આ લોકની રીત જણાવો છો !

---

**૧૧-૧૨.** ભક્તચિંતામણિ : પ્રકરણ-૨૮

"નરનાટક ક્ષર અક્ષર ન્યારા, પુરુષોત્તમ પૂરણજન પ્યારા..."

આ દિવસે સંવત ૧૮૫૦, શ્રાવણ વદ આઠમનો દિવસ હતો. તેની ઘોર અંધારી રાત્રિ વર્ણી વડની નીચે નિર્ભય થકા ગુજારી રહ્યા હતા. ચારેબાજુ ઘોર તિમિરના ઓળા ઊતરી આવ્યા હતા. જંગલનો ભેંકાર, સૂનકાર તેમજ ચિત્ર-વિચિત્ર જીવજંતુના અને પશુ-પ્રાણીઓના અવાજોથી વાતાવરણ ડરામણું બની જતું હતું. એવા સમયે જ ભૈરવ નામનો અસુર તેની પિશાચો, ભૂતો-ડાકણોની મંડળીઓ લઈ ભટકતો-રખડતો આવી પહોંચ્યો.

"ત્યાં તો આવિયો એક ભૈરવ, ભૂત પિશાચ સાથે છે સર્વ ।
ડાકણી શાકણી પિશાચણી, ભેળી ભૈરવી લાવ્યો છે ઘણી ।।
રકતલોચન હાથે ત્રિશૂળ, ભૂંડું રૂપ છે પાપનું મૂળ ।
અતિ ઊંચો કાળો જાણું કાળ, ફાટે મોઢે મોટો વિકરાળ ।।
તીખી ડાઢે ચાવી પશુ પંખી, આવ્યો મનુષ્યનું માંસ ભરખી ।
ભેળી દેવી હજારોહજાર, આવ્યો વડ નિકટ નિરધાર ।।
આવી ખર સમ શબ્દ કર્યો, આખા અંગમાં રુધિરે ભર્યો ।
ભેળી ભૂતની સેના છે બહુ, પશુ-પંખી મારી લાવ્યાં સહુ ।।
એહ વડમાં છે એનો વાસ, તિયાં જે આવે તે પામે નાશ ।"[૧૩]

રાત્રિના અંધકારમાં અસુર વડના વૃક્ષ નીચે બાળસ્વરૂપ વર્ણીને જોઈ ગયો. અટ્ટહાસ્ય કરતો, નીરવ શાંતિમાં ખલેલ પહોંચાડતો, ભયંકર રીતે ડરાવતો, વર્ણીને મારી નાખવા ધસી આવ્યો. એને ક્યાં ખબર હતી કે હું જેને કોળિયો કરવા આવ્યો છું તે કાળના પણ કાળ છે. અનંત અક્ષરોના પણ અન્વયપણે સ્વામી છે. તે કોઈ મનુષ્ય નથી, દેહધારી જીવ નથી. તેની જો માત્ર દૃષ્ટિ પડશે તો ઘડીકમાં બળીને ભસ્મીભૂત થઈ જઈશ ! તે તો મદમાં આસુરી મતિથી અને ભ્રષ્ટ બુદ્ધિથી વર્ણી પાસે તેની ટોળકી લઈ આવી પહોંચ્યો. નીલકંઠ વર્ણી દિવ્યાતિદિવ્ય સ્વરૂપ હતા. અસુર જેવો વર્ણી સમક્ષ આવી પહોંચ્યો; વર્ણીએ માત્ર તેની સામું કરડી દૃષ્ટિ કરી. અસુર-પાપી-અભક્ષ્યનું ભક્ષણ કરનારો અસુર ત્યાં ને ત્યાં જ બળવા લાગ્યો. ચીસો પાડવા લાગ્યો. આ જોઈ તેની ટોળકી તો તેને મૂકીને ક્યાંય પલાયન થઈ ગઈ ને અસુર વર્ણીના તેજથી બળીને ભસ્મીભૂત થઈ ગયો.

---

**૧૩.** ભક્તચિંતામણિ : પ્રકરણ-૨૮

સવારમાં નીલકંઠ વર્ણી હવે ઉત્તર તરફ વધારે ઝડપથી ચાલવા લાગ્યા. જ્યાં રાત્રિ પડે તે જ સ્થળ પર તેઓ રાત્રિ વિતાવી દેતા. જમવામાં ફળફૂલ કે કંદમૂળ વગેરે જે કાંઈ મળે તે અથવા ન મળે તોપણ ચલાવી લેતા. આવી રીતે ઘણા દિવસો સુધી તેઓ ચાલ્યા. તેઓ કાળો પર્વત વટાવી ધોળા પર્વત તરફ આવ્યા. ધવલ પર્વતનાં ઉચ્ચ શિખરો આકાશ સુધી આંબતાં હતાં. એ પર્વત અને અનેક ગુફાઓ અનેક યોગીઓને રહેવાનો આશરો હતો. તેને વર્ણી દૃષ્ટિ વડે તેમજ પોતાના ચરણ વડે પ્રસાદીભૂત કરી, સંકલ્પો વહેવડાવી ચાલતા હતા. રસ્તે ગંડકી નદી આવી ત્યાં તેઓએ રાત્રિરોકાણ કર્યું.

બીજે દિવસે નદીની પેલી તરફ જવું હતું. પરંતુ વિશાળ નદીને ઉલ્લંઘવી કેમ ? તેમણે કશો જ વિચાર કર્યો નહિ અને નદીના વિશાળ પ્રવાહમાં લાકડું ફેંકાય તેમ પોતાની નિર્મળ કાયાને વહેતી મૂકી દીધી. સ્વેચ્છાથી તેઓ સામે કિનારે નીકળ્યા. સામે મોટા મોટા પહાડો હતા. આભને આંબતા પહાડો પર વાદળાં ઝળૂંબી રહ્યાં હતાં. તેના પેટાળમાં ઊંચાં વૃક્ષો ઝૂકી રહ્યાં હતાં. પહાડો પરથી ઝરણાં નીચે ધસી આવતાં હતાં. એમ અનેક નાનાં નાનાં નિર્ઝરણા ચાલતાં હતાં. તેઓ નિધડકપણે વનમાં વિચરતાં આગળ ચાલતા થયા. સામે બે મોટા પર્વત જાણે બેઉએ એકબીજામાં સમાવવા બાથ ભીડી હોય તેમ ઊભા હતા. તે જ ધવલગિરિ તથા નીલગિરિ પર્વત હતા. (કાળો પહાડ-ધોળો પહાડ). તે બંને ઉત્તુંગ પર્વતો વચ્ચે પાણીના જબ્બર પ્રવાહોવાળું ઝરણું વહી રહ્યું હતું. તેની વચ્ચે તેઓ ચાલ્યા.

આગળ જતાં એક નદી આવી. તે નદીના પ્રવાહની સન્મુખ ચાલ્યા. આગળ ચાલતા એક પહાડ આવ્યો. તેની ગુફામાંથી પ્રચંડ પાણીનો વેગીલો પ્રવાહ નીકળતો હતો. પાણીનો જબ્બર ધોધ પડતો હતો અને પડઘાતો હતો. વર્ણી હવે કયા રસ્તે જવું એવું વિચારવા લાગ્યા. કેમ કે આજુબાજુ બીજો કોઈ જ રસ્તો નહોતો. એવા સમયે હિમાલય પોતે મનુષ્યરૂપ લઈ વર્ણીની સેવા મળે તેવી ઇચ્છાથી વર્ણીને રાજી કરવા માટે ત્યાં આવી પહોંચ્યા. નીલકંઠ વર્ણી તો સ્વયં પુરુષોત્તમ નારાયણ હતા. એમનાથી શું અજાણ્યું હોય ? તેમ છતાં હિમાલયને દર્શને આવવાની મંજૂરી આપી હશે. જેનો આત્યંતિક કલ્યાણનો વારો આવ્યો હોય તેને આ સર્વોપરી પ્રભુ અવનવી લીલા કરી પોતાના દર્શનનો, સેવાનો અવસર આપતા હોય છે ને એવી રીતે એનું રૂડું કરતા હોય છે.

હિમાલયે કહ્યું, ‘‘વર્ણીજી ! આપનાં દર્શનથી હું કૃતાર્થ છું. આપથી કશું જ

અજાણ નથી. આપ અહીં રસ્તો ચીંધવાની મારી સેવા લઈ સેવાનો મોકો આપો, અમને રાજી કરવાની તક આપો.'' એમ કહી, હિમાલયે વર્ણીને પગે લાગીને બે કેરીઓ ભેટ મૂકી. વર્ણીએ તેની સેવાનો સ્વીકાર કરી તુરત જમવા માંડી ત્યારે તેમણે પ્રસાદીની ઇચ્છા કરી. મહારાજ તો ગોટલા-છોતરાં સહિત જમી ગયા. તેમણે સંકલ્પ કર્યો જે જળમાં હાથ ધોશે ને જળ પીશે તે પ્રસાદીનું જળ હું પીશ. મહારાજે તો હાથ પણ ન ધોયા ને જળ પણ ન પીધું અને બોલ્યા જે, ''કેમ ઊભા થઈ રહ્યા છો ?'' હિમાલય બિચારા નિરાશ થઈને ઘણા દિલગીર થઈ ગયા. મહારાજ દયા લાવીને બોલ્યા જે, ''તમારે પ્રસાદીની ઇચ્છા છે તો અમો સત્સંગમાં જઈએ ત્યારે તમે ગઢડે આવજો. ત્યાં પ્રસાદી આપીશું અને આ પર્વતમાંથી કાઢીને સત્સંગમાં લાવીને મોક્ષ કરીશું.''

પછી તેઓ અદૃશ્ય થઈ ગયા. જ્યારે શ્રીજીમહારાજ વનમાં ફરતાં ફરતાં વસ્તીમાં પધાર્યા ને ગાદીએ બેઠા ત્યારે હિમાલય બ્રાહ્મણને વેષે ગઢડે આવ્યા. તેમણે ઝોળીમાંથી ભારે ભારે વસ્ત્ર-આભૂષણ કાઢીને મહારાજની પૂજા કરીને પ્રસાદી માગી. મહારાજ પ્રસાદી આપીને બોલ્યા જે, ડોસા ! અહીં રાત રહો, સવારે જજો.ત્યારે તે બોલ્યા જે, ઘણા દિવસથી ઘર મૂક્યું છે માટે થોડોક દિવસ છે તે ગાઉ-બે ગાઉ જઈને જ્યાં રાત પડશે ત્યાં રહીશ. એમ કહીને ચાલ્યા તે થોડેક છેટે જઈને અદૃશ્ય થઈ ગયા. ત્યારે સદ્. શ્રી મુક્તાનંદ સ્વામીએ પૂછ્યું જે, હે મહારાજ ! એ કોણ હતા ? ત્યારે મહારાજે વનમાં બનેલી બધી વાત કરી જે, અમો હિમાલયમાં ગયા હતા ત્યારે એને પ્રસાદીની ઇચ્છા હતી પણ અમે આપી નહોતી, કેમ જે અમારી પ્રસાદી જમે તે જ વખતે પાપ સર્વે બળી જાય તો એમને પર્વતમાંથી બહાર કાઢવા પડે. તે વખતે એમના ઉપર ઝાડ-બીડ હોય તે સર્વે બળી જાય માટે આજ પ્રસાદી આપીને કાઢ્યા અને બીજો એવો ભગવાનના ભક્તનો અપરાધી શોધી રાખ્યો હતો તેને માંહી પ્રવેશ કરાવ્યો.''[૧૪]

પહાડની જે ગુફામાંથી પ્રચંડ વેગે ઝરણું નીકળતું હતું તે ગુફામાં પ્રવેશ કરવાનું કહ્યું.વર્ણીએ તેની સેવા લઈ કૃતાર્થ કર્યા. તેને પોતાના દિવ્ય સંકલ્પોમાં સમાવી વર્ણીએ ત્યાંથી હિમાલયના ચીંધ્યા પ્રમાણે ઘોર અંધારી ગુફામાં પ્રવેશ કરી, પોતાનો અમાનુષી પરિચય આપી દીધો. રાત્રિનો અંધકાર હતો. વળી ગુફામાં ઘોર અંધારું હતું. ગુફા કેટલી લાંબી છે ? ક્યાં નીકળે છે ? તેની ક્યાં ખબર જ હતી ?

---

**૧૪.** શ્રી અબજીબાપાશ્રીની વાતો : ભાગ-૧, વાર્તા-૩૮

વળી, પાણીમાં અનેક ઝેરી જીવજંતુ, ઝેરી સાપો તેમજ મગરમચ્છો પણ હોઈ શકે. વર્ણીએ રાતના અંધકારમાં આ ગુફામાંથી નીકળતા ઝરણામાં પ્રવેશ કર્યો. સર્વે જીવોનાં નાડીપ્રાણ તો એમની પાસે હતાં. કોઈ જીવજંતુ કે ઝેરી સાપો-મગરો એમને શું કરી શકવાનાં હતાં ? તેઓ પસાર થતાં ને બધાં જ સાપો-મગરો-જીવજંતુઓ સમાધિનિષ્ઠ થઈ નિશ્ચલ પડી રહેતાં. સાવ નિર્જીવ થઈ જતાં. આખી રાત વર્ણી ગુફામાં ચાલ્યા. સવાર પડતાં તેઓએ ગુફાને પસાર કરી દીધી હતી. ગુફા બહાર નીકળીને આગળ ચાલતાં પાણીનો ઊંડો ઘૂનો (પાણીનો ધોધ, ખાઈ) આવ્યો. તેને કાંઠે વિશ્રાંતિ લીધી.

"વીત્યા ત્રણ દિવસ જો ત્યાંઈ, ફળફૂલ મળ્યું નહિ કાંઈ;
ભૂખ્યા પડી રહ્યા તિયાં રાત્ય, શું કહું એ ધીરજની વાત,
સૂતાં નિઃશંક થઈ ગઈ રેણ, જાગ્યા પ્રભાતે કમળ નેણ."[૧૫]

આગળ નદીના કાંઠે વન હતું. તેમાં અનેક સોનેરી કેળાં લચી પડેલાં. નીલકંઠ વર્ણી ત્રણ દિવસના ઉપવાસી હતા. તેઓ ત્રણ દિવસથી કશું જ જમ્યા નહોતા. ને વળી અથાક વિચરણ કર્યું હતું. ચોથે દિવસે પાકાં કેળાં જમાડી ફળાહાર કર્યો ને તૃપ્ત થયા.

## પાંચસો નાગા વૈરાગીઓની જમાત

નીલકંઠ વર્ણી વનને વિષે આગળ ચાલ્યા જતા હતા. ત્યાં તેમને પાંચસો નાગા વૈરાગીઓની જમાત મળી.

"શત પાંચ દિગંબર દિસે, ગુરુ એક મોટો તેહ વિષે;
તેણે સાધેલો જોગ કહાવે, સર્વ શિષ્યોને જોગ સધાવે,
એક શિષ્યે કહી એવી વાત, ગુરુ સિદ્ધ છે આ સાક્ષાત્;
એણે સિદ્ધ કર્યો હઠજોગ, માટે નવ નડે કાળ કે રોગ,
જ્યારે કાળ લેવા તેને આવે, બ્રહ્મરંધ્રે તે પ્રાણ ચડાવે;
તેથી કાળ ન ફાવે લગાર, થયાં જોગીને વર્ષ હજાર,
મળ્યા જોગીને શ્રી ઘનશ્યામ, પાંચ દિવસ ઠર્યા તેહ ઠામ."[૧૬]

નીલકંઠ વર્ણીએ વૈરાગીઓને પૂછ્યું, ''તમે બધા કેમ આમ દિગંબર અવસ્થામાં

---

**૧૫.** ભક્તચિંતામણિ : પ્રકરણ-૨૯
**૧૬.** શ્રીહરિલીલામૃતમ્ : કળશ-૩, વિશ્રામ-૫

આ અરણ્યમાં વિચરો છો ? તમે બધા કોણ છો ?'' વૈરાગીઓએ કહ્યું કે, ''અમારા ગુરુએ હઠયોગ સિદ્ધ કર્યો છે. તેમની પાસે ઘણી સિદ્ધિઓ છે. તેઓની વય ૧૦૦૦ વર્ષની છે. અમે સૌ એમની પાસે હઠયોગની કળા શીખીએ છીએ. અને આ પ્રદેશના રાજા અમારા ગુરુના શિષ્ય છે. ને તેમણે પણ ગુરુ પાસેથી હઠયોગ શીખીને ઘણી સિદ્ધિઓ હાંસલ કરી છે.''

વૈરાગીઓના ગુરુ જે હઠયોગી હતા તેમણે નીલકંઠ વર્ણીનાં દર્શન કર્યાં. તેમને થયું કે આ નિર્જન ઘાટા જંગલોમાં ને યોગીઓના વિસ્તારમાં મનુષ્ય આવી શકે જ નહીં. તેથી આ વર્ણી કોઈ મનુષ્ય તો નથી જ ! તેમજ આ વર્ણી એકલા-અટૂલા નિર્ભય થકા વિચરે છે. તેમનું મુખ પણ સર્વદા નિર્ભય છે. તેઓ કોઈ યોગી પણ જણાતા નથી તેમજ કોઈ સિદ્ધ પણ ભાસતા નથી. તેઓ પર આ યોગની કે સિદ્ધિની કોઈ અસર નથી. તેઓ કોણ હોઈ શકે ? ગુરુએ હઠયોગ વડે તે જાણવા પ્રયાસ કર્યો. પણ તેનો પ્રયાસ ટૂંકો પડ્યો. વર્ણીને પિછાની શક્યા નહોતા. અનંત અક્ષરાદિક પણ જેને જાણી શકતા નથી, પામી શકતા નથી એવા આ સર્વોપરી પુરુષોત્તમ નારાયણને બિચારા હઠયોગી શું જાણી શકે ? વર્ણી તો અનેક મોક્ષભાગી મુમુક્ષુઓને પોતાની અકારણ વહેવડાવેલ કૃપામાં સમાવવા સામે ચાલી દર્શન આપવા જ વિચરતા હતા. તેઓ પાત્ર-કુપાત્ર કશું જ જોતા નહોતા.

વર્ણીએ આ હઠયોગી ગુરુ પર કૃપાદૃષ્ટિ કરી, રાજીપો આપ્યો. હઠયોગી ગુરુના અંતરના ભાવો નિર્મળ થઈ ગયા. તેમની બધી જ વિદ્યાઓ-સિદ્ધિઓ વર્ણીની કૃપાદૃષ્ટિ સામે વામણી લાગી. તમામ સિદ્ધિઓનો ગર્વ તેમજ તેનો ભાર સહજમાં ખરી પડ્યો. ખરા સુખનું ધામ તો આ વર્ણીની મૂર્તિ છે. તેને વર્ણીમાં સાક્ષાત્ સર્વોપરી પ્રભુપણાનો નિશ્ચય સહજ થયો. તે વિનમ્ર થયા ને વર્ણીના ચરણોમાં પડી પ્રાર્થના કરવા લાગ્યા, ''હે વર્ણીરાજ ! આપ અલૌકિક મૂર્તિ છો. અમારા પર કૃપા કરવા જ, આપની દૃષ્ટિમાં સમાવવા જ આપ અહીં પધાર્યા છો. આપે અમારી પર અનહદ કૃપા કરી તેથી આપનાં દર્શનનો યોગ થયો. અમે બધા યોગભ્રષ્ટ આત્માઓ છીએ. અમે અહીં-તહીં વિચરીએ છીએ. અમારા આત્માનો આત્યંતિક મોક્ષ કરે એવા, તેમજ અંતિમ સુખમાં પહોંચાડે એવા કોઈ અમને હજુ સુધી મળ્યા નથી. આજ આપનાં દર્શનમાત્રથી અમારો આત્યંતિક મોક્ષ થઈ ગયો એવી હા પડી ગઈ છે. અમે સૌ તમારી મૂર્તિના સુખભોક્તા થઈએ એવી કૃપા કરજો.''

હઠયોગી ગુરુના શિષ્ય તે પ્રદેશના રાજા હતા. પોતાની દૂરદર્શન-શ્રવણની વિદ્યાથી વર્ણી તથા પોતાના ગુરુનો વાર્તાલાપ સાંભળી, તેમજ પોતાના ગુરુએ અહીં આવવાનો સંકેત આપતાં વર્ણીનાં દર્શન કરવા રાજા નીકળી પડ્યા હતા. થોડી વારમાં તે રાજા પણ આવી ગયા. તે નીલકંઠ વર્ણીનાં દર્શન કરતાં જ ચરણસ્પર્શ કરવા નીચે નમ્યા. વર્ણીએ તેમને પોતાનો સર્વોપરી નિશ્ચય કરાવવા ચરણોમાં સોળ ચિહ્નોનાં દર્શન કરાવ્યાં. રાજા આ દિવ્ય દર્શન ને વર્ણીની અલૌકિક કૃપાથી ગદ્ગદ થઈ ગયા. તેમને પણ ભગવાનપણાનો નિશ્ચય થયો.

વર્ણીને પ્રાર્થના કરતાં રાજાએ કહ્યું, ‘‘પ્રભુ ! આપ મારા રાજ્યને વિષે પધારો. અમ સહુને આપની કૃપાદૃષ્ટિમાં સમાવી આપનો રાજીપો પ્રદાન કરો. વર્ણીજી, સહજમાં અમને આપની પ્રાપ્તિ કરાવી આપનો નિશ્ચય સહજમાં કરાવ્યો. આપના અર્થે અમે શું ન કરી શકીએ ? માટે આપ અમને રાજી કરવાની, સેવા કરવાની તક આપો.’’ ત્યારે નીલકંઠ વર્ણીએ કહ્યું, ‘‘અમારે હજુ ઘણું વિચરણ કરવાનું છે. અનેક મોક્ષભાગી મુમુક્ષુઓને દર્શન આપી, અમારા સ્વરૂપનો સર્વોપરી નિશ્ચય કરાવી, અમારી મૂર્તિના સુખે સુખિયા કરવા છે. તેથી અમો બધે ક્યાં જઈ શકવાના ?’’

નીલકંઠ વર્ણીએ વૈરાગીઓ તેમજ રાજા પર આશીર્વાદ વરસાવતાં કહ્યું, ‘‘તમને સર્વેને જે આ મૂર્તિનાં દર્શન થયાં છે તે મૂર્તિનું નિત્ય ધ્યાન ધરજો. હઠયોગની સિદ્ધિઓ મોક્ષ માર્ગથી ફેંકી દે છે. તેનું ગુમાન આવે. માટે હઠયોગ છોડી રાજયોગ કહેતાં મૂર્તિનું નિશદિન ધ્યાન કરી પાત્ર થજો. થોડા સમયમાં તમારા સર્વેનો દેહ પડી જશે. તમને સર્વેને સત્સંગમાં જન્મ ધરાવીશું. ત્યાં કોઈને ત્યાગી કરી તો કોઈને ગૃહસ્થ કરી અમારા સર્વોપરી સ્વરૂપનો યથાર્થ નિશ્ચય કરાવી, અમારી અલૌકિક મૂર્તિના સુખમાં રાખી લેશું.’’

“વળી વર્ણીએ વાણી ઉચારી, ધરો ધ્યાનમાં મૂર્તિ અમારી;
થોડાં વર્ષમાં તન પરહરશો, સતસંગમાં અવતાર ધરશો.
થશો કોઈ ગૃહસ્થ કે ત્યાગી, મારા ચરણ વિષે અનુરાગી;
પછી પામશો અક્ષરધામ, થશો સૌ તમે પૂરણકામ.”[૧૭]

વર્ણીના આ અનહદ કૃપાભર્યા આશીર્વાદ સાંભળી સર્વે વૈરાગીઓ ખૂબ રાજી રાજી થઈ ગયા. અનેક વર્ષોની પોતાની સાધનાનો અંત આજે આ વર્ણીની

---

**૧૭.** શ્રીહરિલીલામૃતમ્ : કળશ-૩, વિશ્રામ-૫

કૃપામાત્રથી આવી ગયો હતો. તેથી સૌ રાજી થયા. વર્ણીએ વનને વિષે તેમની સાથે પાંચ દિવસ રહી સુખ આપ્યું હતું. વર્ણી હવે વૈરાગીઓથી છૂટા પડ્યા. તેઓ પળવારમાં ક્યાં ચાલ્યા ગયા, ક્યાં અદૃશ્ય થઈ ગયા તે પાંચસો વૈરાગીઓને ખબર જ ન પડી. તેઓ જોતા જ રહી ગયા ! વૈરાગીઓએ નીલકંઠ વર્ણીએ કહ્યા મુજબ તેમની અલૌકિક મૂર્તિનું ધ્યાન ધરતાં પોતાની વાટ પકડી લીધી હતી.

## નીલકંઠ વર્ણી પુલહાશ્રમમાં

નીલકંઠ વર્ણી ગંડકી નદીના કિનારા પર ચાલી રહ્યા હતા. નદીમાં પાણીનો અફાટ જળપ્રવાહ વેગેથી વહી રહ્યો હતો. આ પ્રવાહમાં નદીમાં ઊતરવું પૂરું જોખમ ભરેલું હતું. પર્વત પરથી પડી પ્રચંડ વેગીલા પ્રવાહમાં નદી વહી રહી હતી. નદીના સામા પ્રવાહમાં તરવું એ માનવીનું કામ ન હતું. નીલકંઠ વર્ણી ક્યાં માનવી હતા કે ક્યાં એમણે માનવદેહ ધર્યો હતો ? મનુષ્યને મનુષ્ય જેવા જણાતા હતા. આ બધી તેમની દિવ્ય લીલાઓ હતી. એમને ક્યાં બાળપણ હતું ? ક્યાં કિશોરાવસ્થા હતી કે ક્યાં એમને વનવિચરણ હતું ? તેઓ તો સદા ચિદ્‌ઘન તેજના સમૂહમાં રાજાધિરાજપણે બિરાજે છે. આ બધું નરનાટક હતું. દેહધારી માટે આ બધાં લીલાચરિત્રો હતાં. તેથી તેમનું મહાત્મ્ય યથાર્થ સમજાતું નહીં. એમનો જ્યારે ખરેખરો દિવ્યભાવ (પરભાવ) સમજાય ત્યારે એમનો યથાર્થ મહિમા સમજ્યા કહેવાય.

નીલકંઠ વર્ણીએ નદીમાં અફાટ જળરાશિ જોઈ તેમાં તરવું યોગ્ય ન માન્યું. તેઓ તો બસ પ્રવાહમાં ઝંપલાવી તણાવા લાગ્યા. એમનું જે ગંતવ્યસ્થાન હતું ત્યાં તેઓ અટક્યા. નદીના કિનારે આવી વળી પાછા ચાલવા લાગ્યા. તેમણે હિમાલયનાં ઉત્તુંગ શિખરો પર ચઢાણ કર્યું. તેઓ બરફના પર્વત પર અડવાણા ચરણે માત્ર કૌપીનભેર, ઉઘાડા બદને, સમુદ્રપટથી ૧૨,૫૦૦ ફૂટની ઊંચાઈએ પહોંચી ગયા હતા જે અસામાન્ય કાર્ય હતું. એમાં એમની દિવ્યતાની ઝાંખી થતી હતી. તેઓ મનુષ્ય નથી, મનુષ્ય જેવા થયા પણ નથી એ વાતની સત્યતા બક્ષતા હતા. તેઓ મુક્તિનાથ પહોંચી ગયા. આ સ્થાનને પોતાની પદરજથી પાવન કરી, પોતાના સંબંધવાળું દિવ્ય કરી, પુલહાશ્રમને વિષે આવી પહોંચ્યા. પુલહાશ્રમને ચારેબાજુથી ઘેરી લેતી ને વેગીલા પ્રવાહે ચક્ર નદી વહી રહી હતી. વર્ણીએ તેમાં સ્નાન કરી નદીને તીર્થત્વ પ્રદાન કર્યું.

ચાતુર્માસના દિવસો હોવાથી વર્ણીએ અહીં એકાંત સ્થળે આકરું તપ કરવાનો નિશ્ચય કર્યો. શ્રીહરિને તપ બહુ પ્રિય છે.

તપઃ પ્રિયાય નમઃ

તપ કરનાર ભક્ત પર પણ તેઓ બહુ રાજી થાય છે. પોતાના ભક્તજન તપે કરી રાજી કરે, દેહભાવથી જુદા પડે, દેહભાવના ચૂરેચૂરા કરે, દેહાતીત દશામાં વર્તી દેહના ભાવો દૂર થાય તે માટે તપ છે. ને એવું જ તપ એમને પ્રિય છે. આજે સ્વયં પોતે પોતાના ભક્તજનને તપની રીત શિખવાડવા માટે ઉગ્ર તપશ્ચર્યા આદરી. તેઓએ એક પગે ઊભા રહી બે ભુજા ઊંચી રાખી, માત્ર કૌપીનભેર વાયુભક્ષણ કરી તપની પણ કસોટી થઈ જાય એવું આકરું તપ આદર્યું.

"અતિ કૃશ ઊભા એક પગે, નથી દેખી શકતા તે દગે;
જાણ્યું લડથડી પડશે નાથ, ખમા ખમા કહી દિયે હાથ;
દેહ દુર્બળ દેખ્યું ન જાય, રતી રુધિર નહિ તનમાંય,
અંગોઅંગની જે સર્વે નાડી, તે તો થઈ રહી છે ઉઘાડી;
કરે છે એવું તપ હંમેશ, દેવા તપસ્વીને ઉપદેશ,
એમ તપ કર્યું માસ ચાર, સહી મેઘતણી ઘણી ધાર;
એમ કરતાં એકાદશી જેહ, આવી પ્રબોધિની નામે તેહ..."[૧૮]

તેઓએ કઠોર તપ વડે દેખાતા અવરભાવના શરીરને સાવ સૂકવી નાખ્યું. શરીરમાં રતિભાર પણ રુધિર ન રહેવા દીધું. નખથી શિખા પર્યંતના ભાગમાં નિરાળી નાડીઓ સ્પષ્ટ દેખાવા લાગી. અવરભાવના દેહને હાડપિંજર જેવું કરી નાખ્યું. શરીરની ચામડી સુકાઈને હાડકાં સાથે ચોંટી ગઈ હતી. હાડકાં સ્પષ્ટપણે ગણી શકાય એ હદે એમણે શરીરમાંથી રુધિર તેમજ માંસના ભાગને સૂકવી નાખ્યું હતું. જાણે હવે દેહને ટકવું મુશ્કેલ હતું. દેહ પડી જશે એવું જોનારને જણાતું હતું.

પરંતુ, તેઓ ક્યાં દેહધારી હતા ? દેહધારી વ્યક્તિ એમના ચરિત્રમાં ભ્રમિત થાય તેમજ જરૂર સંશય થાય. પરંતુ તેઓ ક્યાં કોઈ ઐશ્વર્યને પ્રાપ્ત કરવા તપ કરતા હતા ? ક્યાં કોઈ સિદ્ધિ માટે કે અન્ય કોઈ અપેક્ષાથી તપ કરતા હતા ? તેઓને સિદ્ધિઓ તો સામે ચાલીને આવતી. તેઓ તેને ઠેબે ઉડાડી દેતા. તેની સામું પણ જોતા નહીં. અનંત ઐશ્વર્યના દાતા, અનંત સિદ્ધિઓના સ્વામી, અરે !

---

૧૮. ભક્તચિંતામણિ : પ્રકરણ-૨૯

અનંત અક્ષરાદિકના પણ પોતાની અન્વય શક્તિ વડે પોતે સ્વામી છે. તેમને તપ કરવા પાછળ શું બીજી વાંછના હોય ! બસ, ભક્તજનને તપની રીત શીખવવા માટે જ, પોતાના ભક્તની શિક્ષા અર્થે તેમણે કઠોર તપ કર્યું હતું. આવી અમાનુષી તપશ્ચર્યા જોઈ, તપના તેજથી અંજાયા. આ સમયે જે જે ઐશ્વર્યાર્થી વર્ણીની કૃપાથી દર્શન પામ્યા અને તેમને વર્ણીએ કૃતકૃત્ય કર્યા.

વર્ણીએ પુલહાશ્રમમાં ચાતુર્માસ વિતાવી આકરું તપ કરી એ સ્થાનને અનેરી દિવ્યતા બક્ષી દીધી. પોતાના સંબંધયુક્ત દિવ્ય નૈમિષારણ્ય ક્ષેત્ર કરી દીધું હતું. તેઓએ સંવત ૧૮૫૦, કારતક સુદ એકાદશી (પ્રબોધિની એકાદશી) સુધી તપ કર્યું. પછી તપની સમાપ્તિ કરી, ત્યાં ઘણા મુમુક્ષુને પોતાની મૂર્તિનાં દર્શનનો લાભ આપી, આત્યંતિક મોક્ષના ભાગી કર્યા હતા. હવે તેમને આગળ વિચરવું હતું.

"શ્રીહરિ જબ કરુના કરે, તબ જીય પાવત મોક્ષ;
પ્રગટ બિન મોક્ષ ન હોત કબુ, સબ જગ ભજત હે પ્રોક્ષ."[૧૯]

## મોહનદાસ સાધુનો મેળાપ

કારતક સુદ તેરસને દિવસે વર્ણીએ પુલહાશ્રમેથી વિદાય લીધી. તેઓ ઉત્તુંગ પર્વતોને ભેદતા, પર્વતો વચ્ચે રહેલી વિકરાળ ખીણોને ઉલ્લંઘતા, ઠંડાગાર બર્ફીલા પવનના સુસવાટા તેમજ શરીરની આરપાર નીકળી જાય તેવા વાયરાઓને સહન કરી ચાલ્યા જતા હતા. તેમણે બુટોલપુરના માર્ગ પર જવા પ્રયાણ કર્યું.

"ઝાડ પહાડ ઊંચા છે અપાર રે, જાણ્યું અડ્યા આકાશ મોઝાર રે ।
સામસામી શાખા સંકલાણી રે, એકબીજામાં ઘણી ગૂંચાણી રે ॥
વળી વિધ્યે વિધ્યે વેલી જેહ રે, એકબીજામાં ઊરઝી તેહ રે ।
વન વેલી ગૂંચાણી છે ઘાટી રે, જેને જોઈ છાતિ જાય ફાટી રે ॥
એવું ઘાટું વન છે વિષમ રે, જેમાં ન પડે રાત્યદિની ગમ રે ।
ન દિસે ઊગી આથમે દન રે, એવું ઝાડે છે વન સઘન રે ॥
મનુષ્ય જાતિએ ત્યાં ન જવાય રે, જો જાય તો પાછું ન અવાય રે ।
એવા વનમાં એકાએક ફરે રે, અતિ ધીરકોઈથી ન ડરે રે ॥[૨૦]

---

૧૯. શ્રીહરિચરિત્રામૃતસાગર : પૂર-૨, તરંગ-૨૬
૨૦. ભક્તચિંતામણિ : પ્રકરણ-૩૦

નીલકંઠ વર્ણી નિર્જન વનમાં પસાર થતા હતા. રસ્તામાં એક સાધુનો મેળાપ થયો. મોહનદાસ તેમનું નામ હતું. મોહનદાસને આ મહાઘોર જંગલમાં આટલી નાની વયે તપસ્વી વેશે વર્ણીને એકાકી વિચરતા જોઈ આશ્ચર્ય ઊપજ્યું. મોહનદાસ તો માર્ગ ભૂલેલા તેથી આ જંગલમાં આવી ચઢેલા. તેથી તેમને થયું કે આ વર્ણી કેમ અહીં વિચરે છે ? એવા આશ્ચર્યભાવથી વર્ણી સમીપે આવી પૂછ્યું, “હે વર્ણીરાજ ! હું તો અહીં ભૂલો પડ્યો છું તેથી ભટકું છું. આપ કેમ અહીં વિચરો છો ?” વર્ણીએ જવાબ આપવામાં સહેજ પણ વાર ન લગાડીને કહ્યું, “તમારા જેવા ભૂલેલાને માર્ગ દેખાડવા ને અનંત જન્મથી ભટકતા જીવાત્માને ભટકવાનું બંધ કરાવી અમારા સુખને પમાડવા માટે વિચરીએ છીએ.” મોહનદાસને વર્ણીનો જવાબ સાંભળી કૌતુક થયું. નક્કી આ કોઈ સાધારણ પુરુષ નથી. પ્રભુ આ વર્ણી સ્વરૂપે સ્વયં વિચરતા તો નહિ હોય ને ! નહિતર એમના સિવાય આવો મીઠો રણકાર કોઈના મુખેથી સંભવે નહીં. મોહનદાસ સાધુને વર્ણી પ્રત્યે આકર્ષણ થયું. કહો કે વર્ણીએ જ કેવળ કૃપા કરી તેમના ચિત્તને વશ કર્યું હતું.

નીલકંઠ વર્ણીએ કૃપા કરી મોહનદાસને પોતાનું દિવ્ય સાંનિધ્ય આપ્યું. માર્ગમાં બંને ચાલી રહ્યા હતા. વર્ણીના સાંનિધ્યમાં મોહનદાસના અંતરના આવેગો શમી ગયા હતા. દેહના ભાવો ભુલાવા લાગ્યા. ઘાટ-સંકલ્પો વિરામ પામવા માંડ્યા. તેમને વર્ણીના સાંનિધ્યમાં જ પોતાની સાધુતા યથાર્થ જણાણી.

નીલકંઠ વર્ણીની પાસે કોઈએ ભેટ આપેલી સુંદર કઠારી (તુંબડી) હતી. મોહનદાસનું મન તેમાં લલચાતું હતું. સર્વોપરી પ્રભુનું સાંનિધ્ય હતું. મનોહર મૂર્તિનાં દર્શન મૂકીને વારે વારે તેનું ચિત્ત કઠારીમાં પ્રોવાઈ જતું. સર્વોપરી પ્રભુ મળ્યા પણ તેનું મહાત્મ્ય નહોતું. મહાત્મ્યનો અખંડ વિચાર પણ નહોતો. તેથી આવા સર્વોપરી પ્રભુને પડ્યા મૂકી નાશવંત એવી સામાન્ય ચીજમાં ચિત્ત આસક્ત થતું. સાધુના વેશે હતા પણ સાધુતામાં કચાશ હતી. પ્રભુના સુખે સુખિયા થવા માટે સંસારનો ત્યાગ કર્યો હતો. એક પ્રભુ સિવાય બધું જ ખોટું છે તેવો વૈરાગ્ય ઉત્પન્ન કરી કુટુંબ, વાડી, ખેતર, સગાંવ્હાલાં સઘળું છોડ્યું હતું. ગૃહસ્થાશ્રમ છોડી ભગવો ભેખ ધારણ કર્યો હતો. કપડું ભગવું થયું હતું, પણ જીવ ભગવો થયો નહોતો. મોટાપુરુષની છત્રછાયા વિના સાધુતા આવવી ઘણી દુર્લભ છે. મોહનદાસ એકાકી સાધુ હતા. તેના પર કોઈ છત્ર નહોતું. એના દોષ દેખાડી સ્વભાવ-પ્રકૃતિ દેખાડી તેને ટળાવી શકે એવા સમર્થ પુરુષનું છત્ર નહોતું. આજે

અનાયાસે સ્વયં સર્વોપરી નીલકંઠ વર્ણીનો યોગ થઈ ગયો હતો. આજે તેમને એક સર્વોત્તમ છત્ર સાંપડ્યું હતું.

નીલકંઠ વર્ણી અલ્પ દોષ, સ્વભાવ-પ્રકૃતિ કે તલમાત્ર કસર જો પોતાની સાથે રહેલામાં હોય તો એ જ્યારે ટળાવે ત્યારે એમને હાશ થતી. ને મુમુક્ષુને પણ કસર રહિત કરી સુખિયો કરી મૂકતા.

વર્ણી તેમજ મોહનદાસ બંને સાથે ચાલતા હતા. આગળ જતાં એક નદી આવી. તેમાં ક્યાંક બંધિયાર પાણીથી પથ્થરો પર શેવાળ જામી ગયેલી હતી. શેવાળવાળા પથ્થરો ચીકણા થઈ ગયા હતા. તેના પર પગ મૂકવામાં આવે તો લપસી પડવાની પૂરી શક્યતા હતી. નદી પાર કરવા વર્ણી તેમજ મોહનદાસ કાળજીપૂર્વક પથ્થરો પર પગ મૂકતાં મૂકતાં ચાલી રહ્યા હતા. મોહનદાસની વૃત્તિ વર્ણી તરફ હતી. ક્યાંક વર્ણી ચીકણા પથ્થર પર પગ મૂકતાં લપસી પડશે તો ? નીલકંઠ વર્ણીને કહ્યું, ‘‘જોજો વર્ણી ! સંભાળીને ચાલજો. ક્યાંક લપસી ન પડતા. પથ્થરો પર લીલ જામી ગઈ છે તેથી ચીકણા થઈ ગયા છે. જો પગ લપસ્યો તો પડી જશો ને આ કઠારી તૂટી જશે.’’ વર્ણી પડશે-આખડશે તેના કરતાં કઠારી તૂટી જશે તેની ચિંતા તેઓને સવિશેષ હતી.

નીલકંઠ વર્ણી આ સાધુની આવી ક્ષુદ્ર મમતા જોઈ દુઃખી થયા. ત્યાગીની આ ગરીબી તેના ક્ષુદ્ર સ્વભાવને પરિણામે હતી. નીલકંઠ વર્ણી ત્યાગીનો આવો અલ્પ દોષ-સ્વભાવ શે ચલાવી લે !! બંને નદી પાર કરી અને સામે કાંઠે પહોંચ્યા. નીલકંઠ વર્ણીએ મોહનદાસની નજર સમક્ષ જ એક મોટા પથ્થર પર કઠારી અફાળીને તોડી નાખી. મોહનદાસથી આ જોયું ગયું નહીં. તેઓ ચિત્કારી ઊઠ્યા... ‘‘અરે, અરે વર્ણી ! આ તમે શું કર્યું ? આવી સરસ મજાની કઠારી તોડી નાખી ? આ તમને શું સૂઝ્યું ?’’

વર્ણીએ હસીને કહ્યું, ‘‘મોહનદાસ ! આ સુંદર કઠારી તમારા મનમાં વસી ગઈ હતી. ધીરે ધીરે તે જીવમાં પેસી જાત. તમે વારે વારે અમારી અલૌકિક મૂર્તિનાં દર્શન કરવાં પડ્યાં મૂકીને નાશવંત એવી તુચ્છ કઠારીને જોયા કરતા હતા. સાધુને આ ન શોભે. સાધુને પ્રભુમાં જ વૃત્તિ રહે; તે સિવાય બીજે વૃત્તિ જાય તો ભટકાઈને પાછી વળી આવે તે સાધુની સાધુતા છે. અમે આવા સર્વોપરી મળ્યા છતાં તમારું ચિત્ત ભૌતિક પદાર્થમાં આસક્ત થાય છે. તેનું કારણ અમારા સ્વરૂપનો મહિમા યથાર્થ સમજાયો નથી. પ્રભુની મૂર્તિ સિવાય અન્ય પદાર્થ સારું

લાગે તો તે બંધનકારી બની જાય, અનંત જન્મ ઊભા કરે.

મોહનદાસને પોતાના અજ્ઞાનપણાનું ભાન થયું. ખરેખર તો વર્ણીએ કૃપા કરી ભાન કરાવ્યું અને સ્વભાવને દેખાડ્યા. એટલું જ નહિ, તેને ટાળવા માટેના યત્ન પણ તુરત જ કર્યા. મોહનદાસ જે પરોક્ષના સાધુ હતા છતાં નીલકંઠ વર્ણીએ તેમનો સ્વભાવ ચલવ્યો નથી તો પોતાના જ સાધુ હોય તેમનો તો સ્વભાવ કેમ ચલવી લે ? પોતાના આશ્રિતમાં તલમાત્રની કસર એમને પસંદ નથી. અવશ્ય તે કસરને કાઢવાનો પ્રયત્ન કરશે જ..!!

મોહનદાસને પોતાના ક્ષુદ્ર સ્વભાવનું વર્ણીએ દર્શન કરાવ્યું. સ્વભાવ ટળાવ્યો પણ ખરો. તેમની સાધુતા આજ વર્ણીને સંગે મહોરી ઊઠી હતી. બંને આગળ ચાલ્યા જતા હતા. તેઓ વનમાંથી નીકળી પર્વતમાળા પર ચઢ્યા. અત્યંત કઠિન માર્ગથી મોહનદાસ થાકી ગયા હતા. વર્ણી તેમની આગળ થઈ ગયા. આગળ જતાં મોટા વૃક્ષ પર કેરીના ફળ જેવડા જાંબુડી રંગનાં ફળ લટકતાં હતાં. તે વર્ણી તોડીને જમવા લાગ્યા. તે જોઈ મોહનદાસ પણ તે ફળ તોડવા લાગ્યા ત્યારે વર્ણીએ તેમને ના પાડી ને કહ્યું, “મોહનદાસ ! આ ફળ ઝેરી છે. જમશો તો તુરત મૃત્યુ થશે. માટે તમે તે જમવાં રહેવા દો.”

મોહનદાસને વર્ણી પર વિશ્વાસ હતો. તેમણે ફળ ચાખ્યા વગર જ ફેંકી દીધાં.

એટલામાં ચાર વૈરાગી આવ્યા. નીલકંઠ વર્ણીને ફળ ખાતા જોઈ ઝાડ પરથી તેઓ ફળ તોડવા લાગ્યા. પછી તેમણે મોહનદાસને પૂછ્યું, “તમે આ ફળ કેમ ખાધાં નહિ ને ફેંકી દીધાં ?”

મોહનદાસે કહ્યું, “આ નીલકંઠ વર્ણીએ મને ના પાડી એટલે.” વૈરાગીઓએ કહ્યું, “વર્ણી તો જમે છે. આપણને શા માટે ના પાડે છે ?”

મોહનદાસે કહ્યું, “આ ફળ અત્યંત ઝેરી છે. તે ખાવાથી મૃત્યુ થાય તેમ છે.”

વૈરાગીઓએ કહ્યું, “તો પછી વર્ણી જમે છે; એને કેમ કશું થતું નથી ?”

મોહનદાસે કહ્યું, “એમનો વાદ ન લેવાય. એ સ્વયં ભગવાન છે. ઝેરને અમૃત કરી જમી શકે !”

અભિમાની વૈરાગીઓને વાત ન મનાઈ. તેમણે વર્ણીનો વાદ લઈ જમવા તૈયારી કરી.

સ્વયં વર્ણીએ હવે કહ્યું, “તમે આ ઝેરી ફળ જમશો નહીં. જો જમશો તો તરત પ્રાણ હરાઈ જશે.”

આ ભેખધારીઓને ભેખનું અભિમાન નડી ગયું. વર્ણીની મોટાઈ સાંભળી શક્યા નહીં. વૈરાગીઓએ કહ્યું, “અમે સિદ્ધો છીએ, તમે બધા ઢોંગી છો. અમને પણ આ ફળ ખાવાથી કશું નહિ થાય.” એમ કહી તેઓ ફળ જમવા લાગ્યા.

અત્યંત ઝેરી ફળ જમવાથી શરીરમાં ઝેર વ્યાપી ગયું. થોડી વારમાં ચારેયનાં ત્યાં જ મૃત્યુ થયાં. સ્વયં શ્રીહરિ પાસે અભિમાન કર્યું. તેમનું વચન ન માન્યું. તેનું દુઃખ ભોગવવું જ પડે. અવરભાવમાં પ્રભુનો મહિમા દેહધારીને સમજવો ઘણો કઠણ છે. જો દિવ્યભાવ સમજાય, તેમની મોટપ સમજાય તો એમનું વચન મનાય ને તે પ્રમાણે વર્તે તો જીવ સુખિયો થાય.

નીલકંઠ વર્ણી તથા મોહનદાસ ત્યાંથી ચાલી નીકળ્યા. પર્વતીય પ્રદેશમાં ચાલી રહ્યા હતા. માર્ગ વિકટ હતો. ત્યાં દેહધારીથી ખમી શકાય તેમ નહોતું. વર્ણી મોહનદાસથી છૂટા પડી આગળ નીકળી ગયા.

આમ, વીસ વાર નીલકંઠ વર્ણી અને આ મોહનદાસ વનમાં ભેળા થયા ને છૂટા પડ્યા હતા.

મોહનદાસને વર્ણીનું ઘેલું લાગ્યું હતું. વર્ણીના સાંનિધ્યમાં ખૂબ સુખ વર્તતું હતું. વર્ણી આગળ ચાલી નીકળ્યા હતા. તેથી મોહનદાસ એકલા પડી ગયા. તેમણે વર્ણીની પાછળ શોધ આદરી. ફરતાં ફરતાં તેઓ કેટલાંય વર્ષો પછી સૌરાષ્ટ્રમાં આવ્યા. ત્યારે માંગરોળમાં સદ્.રામાનંદ સ્વામીનો યોગ થયેલો. તેમની સાથે નીલકંઠ વર્ણીનાં દર્શન પણ થયેલાં. પછી મહારાજનો અદ્ભુત પ્રતાપ દેખી સંતદીક્ષા ગ્રહણ કરી મોટા વ્રજાનંદ સ્વામી નામક સાધુ થયેલા.

## નીલકંઠ વર્ણી બુટોલપુરમાં

મોહનદાસથી છૂટા પડી વર્ણી નેપાળમાં પર્વતીય વિસ્તારમાં વિચરણ કરવા લાગ્યા. ઊંચા પર્વતોની ચઢ-ઊતર, ગાઢ જંગલો, મહામોટી નદીઓ, સરોવરો, અનેક હિંસક પશુ-પક્ષીઓ વચ્ચે વર્ણી નિર્ભય થકા એકાકી વિહરી રહ્યા હતા. ચાલતાં ચાલતાં એક સુંદર બુટોલપુર શહેરમાં આવી પહોંચ્યા. મહાદત્ત ત્યાંના એક રાજા હતા. રાજા ખૂબ ભગવદી, શ્રદ્ધાળુ ને મુમુક્ષુ હતા; તેથી જ તેમનું રૂડું તથા પૂરું કરવા વર્ણીરાજ અહીં પધાર્યા હતા.

શહેર બહાર નદીકિનારે રાજાએ બનાવેલ બગીચાને વિષે તેઓએ એક ઈમારત બંધાવી હતી. તેમાં ચાતુર્માસ ગાળવા અનેક સાધુ-સંતો-વૈરાગીઓ આવતા. ત્યાં વસતા રાજા મહાદત્ત તથા તેમનાં બહેન માયારાણી ખૂબ આસ્થાળુ હતાં. સાધુ-સંતો-અભ્યાગતોની સેવા કરવી, જમાડવા વગેરે ભાવથી કરતાં. એમની સેવા સ્વીકારવા જ વર્ણી આજે પધાર્યા હતા. તેઓ આ બગીચાને વિષે રહ્યા. તે દરમ્યાન રાજા મહાદત્ત તથા તેમની બહેન માયારાણી બગીચામાં સાધુ-સંતોને સીધું-સામાન, ફળ-ફૂલ આપી સેવા કરવા આવતાં. તેમને નીલકંઠ વર્ણીનાં દર્શન થયાં.

બધા જ વૈરાગીઓ કરતાં વર્ણી તેમના તપસ્વી મુખારવિંદથી, એમની રહેવાની, જમવાની, બોલવાની ક્રિયાથી જુદા પડી જતા. મહાદત્ત રાજાને પણ વર્ણીને વિષે જુદી જ વિશેષતા જણાઈ. વર્ણીનાં દર્શન કરતાં રાજાના અંતરમાં અપાર શાંતિના શેરડા પડ્યા. માત્ર વર્ણીનાં દર્શનથી આટલી બધી શાંતિ રહે તો એ સ્વયં મૂર્તિમાં કેવી શાંતિ ને સુખ હશે ! વર્ણીને વિષે વૈરાગી-ત્યાગી કે તપસ્વીપણાના ભાવને બદલે ભગવાનપણાની પ્રતીતિ ઊભરી આવી. વર્ણીએ જ કૃપા કરી તેમને પોતાનો નિશ્ચય કરાવવા પોતાના સુખમય સ્વરૂપનો અનુભવ કરાવ્યો હતો. રાજાએ વર્ણીને ખુલ્લામાં ન રહેવા અને બગીચાને વિષે બંગલો હતો તેમાં ઉતારો કરવા ને ત્યાં રહેવા આગ્રહ કર્યો.

વર્ણી તે એકાંત બંગલા વિષે રહ્યા. નિત્ય રાજા મહાદત્ત તથા તેમની બહેન સેવા-સમાગમ માટે ત્યાં આવતાં. વર્ણીનાં મુખેથી ભગવાનના સ્વરૂપસંબંધી વાતો સાંભળી આશ્ચર્ય પામતાં. રાજાનાં કુંવર તથા કુંવરી પણ રાજાની સાથે આવી વર્ણીનાં દર્શન-સમાગમ કરતાં થયાં. વર્ણીએ રાજાના સમગ્ર કુટુંબને પોતાના સ્વરૂપમાં ખેંચી લીધું હતું. સૌને એમના વિષે ભગવાનપણાની પ્રતીતિ બંધાઈ.

રાજા તથા તેમની બહેને વર્ણીને પોતાના રાજભવનમાં પધારવા તેમજ ત્યાં રહેવા ખૂબ આગ્રહ કર્યો. વર્ણીએ રાજભવનમાં જવાની વિનયપૂર્વક ના કહી. ત્યારે રાજાએ કહ્યું, “વર્ણી ! આપની મરજીમાં રહેવું એ જ અમારા સેવકોનો ધર્મ છે. આપ જેમ રાજી રહો એમ જ અમારે કરવું રહ્યું. તેમ છતાં મારી વિનંતી છે કે આપ અમારે ત્યાં નિત્ય જમવા પધારો. આટલી અમારી સેવાને અંગીકાર કરો. આપને જે અનુકૂળ આવે, જે પસંદ પડે તેવી રસોઈ બનાવી જમાડીશું. અમે શુદ્ધ અને પવિત્રતાથી સ્વહસ્તે રસોઈ બનાવી આપને ભાવથી જમાડશું. આટલી

અમારી સેવાને અંગીકાર કરશો તો આપને અર્થે અમે કંઈક કરી શક્યા એવી કૃતકૃત્યતા અનુભવી શકીશું.''

વર્ણીએ તેમનો આગ્રહ તથા શુદ્ધભાવ જોઈ રાજભવનમાં નિત્ય જમવા જવાનું સ્વીકાર્યું ને એટલી સેવાનો મોકો આપ્યો. વર્ણીનાં નિત્ય દર્શન-સમાગમથી તથા ભાવપૂર્વક રસોઈ જમાડતા તેથી સહુનાં અંતઃકરણ શુદ્ધ ને પવિત્ર થયાં અને વર્ણી પ્રત્યે વિશેષ ગાઢ સ્નેહ થયો. રાજા મહાદત્ત તથા બહેન માયારાણી તે બંને નીલકંઠ વર્ણી વિશેષ ને વિશેષ અહીં રહે, અહીંથી ક્યાંય જતા ન રહે તેની કાળજી રાખતાં. તેમની સેવામાં કોઈ કસર ન રહે તેનો પણ ખ્યાલ કરતાં.

બુટોલપુરના આ રાજવી કુટુંબ પર સર્વોપરી પ્રભુએ કેટલી બધી મહેર કરી કહેવાય ! સ્વયં પુરુષોત્તમ નારાયણ એમને ત્યાં ચાર માસ રહ્યા. નિત્ય સેવા અંગીકાર કરતા, દર્શન-સેવા-સમાગમનું સુખ આપતા. અનેક જોગી-જતિઓ, વાયુભક્ષણ કરનારાઓ, અષ્ટાંગયોગ સિદ્ધ કરનારાઓ, વર્ષોથી ધ્યાનમગ્ન ધ્યાનીઓને પણ આ સુભગ અવસર પ્રાપ્ત થાય નહીં. અવરભાવમાં જ્યારે એ સર્વોપરી મહાપ્રભુ વિચરતા હોય, મનુષ્યને મનુષ્ય જેવાં દર્શન આપતા હોય ત્યારે એમની અકારણ કરુણા વરસતી હોય છે. તેમાં જેનો નિર્દોષભાવ હોય, નિષ્કપટી હોય, ખરેખરા મુમુક્ષુ હોય તેને સહેજે આવી તક સાંપડતી હોય છે. એ સિવાય પામર જીવોને પણ આ તક તેમજ દર્શન-સેવાનો મોકો સાંપડતો હોય છે. અને એવી અનાયાસે જીવે કરેલી કાંઈ પણ સેવાથી સ્વયં પ્રભુ પ્રસન્ન થઈ તેમને મોક્ષભાગી કરતા હોય છે. જેના પર આવી કરુણા વરસે તેને મહાપ્રભુ પોતાના સર્વોપરી સ્વરૂપનો નિશ્ચય કરાવી તેનો છેલ્લો જન્મ કરે છે. આવી જ તક બુટોલપુરના મહાદત્ત રાજાને સાંપડી ગઈ હતી. તે તેમણે સુપેરે ઝડપીને ખૂબ સેવા બજાવી અને વર્ણીને ખૂબ પ્રસન્ન કર્યા.

નીલકંઠ વર્ણીને હવે વધુ સમય ત્યાં રહેવું નહોતું. આગળ વિચરણ કરવાનું હતું. અનેક મુમુક્ષુઓને પોતાનાં દર્શન-સેવા આપવાં હતાં. તેથી તેઓ ત્યાંથી જવા ઉત્સુક થયા. વર્ણીએ જોયું કે રાજા તથા એમનો પરિવાર સ્નેહપાશથી બંધાયો છે, ખૂબ હેત થયું છે. તેથી જવા દેશે નહીં. તેથી તેઓ કહ્યા વગર જ છાનામાના નીકળી ગયા.

રાજાને ખબર પડી એટલે તમામ માર્ગો પર વર્ણી પાછળ ઘોડેસવારો દોડાવ્યા. દશ ગાઉ સુધી પહોંચેલા વર્ણીને જોયા. ઘોડેસવારો વર્ણીને પાછા મહેલમાં લઈ

આવ્યા. રાજા મહાદત્ત તથા તેમની બહેનને વર્ણીને વિષે ભગવાનપણાની પ્રતીતિ થયેલી તેથી તેમને જવા દેવા માગતાં નહોતાં. સઘળું રાજપાટ વર્ણીને ચરણે ધરી દીધું. યેનકેન પ્રકારેણ વર્ણીને અહીં જ રોકી લેવા તેવો તેમનો ભાવ હતો. પણ વર્ણી ક્યાં કોઈના બંધનમાં આવતા હતા ! તેઓને જ્યારે બંધન જેવું કોઈ કરતા તો ત્યાંથી તત્કાળ ચાલી નીકળતા. વર્ણી વિશેષ એક માસ ત્યાં રહી રાત્રિના સમયે નીકળી ગયા. હવે તેમને પકડવા કે પાછા લાવવા અશક્ય હતું. જે હેતુ માટે તેઓ વિચરતા તેમાં તેમને કોણ રોકી શકે તેમ હતું ? વર્ણી ત્યાંથી ઘણે જ દૂર નીકળી ગયા હતા. બુટોલપુરમાં વર્ણી ચાર માસ તથા પછીથી એક માસ એમ કુલ પાંચ માસ રોકાયા હતા.

## માનના આધારે જીવતા ગુરુ

નીલકંઠ વર્ણી નેપાળ પ્રદેશમાં વિચરણ કરતાં અનેક સ્થાનો પર જઈ મુમુક્ષુઓને મોક્ષ વાટ દેખાડતા. એ સમયે ઘણે ઠેકાણે અધર્મી, સ્વાર્થી ને ધુતારા ગુરુઓની પકડ રાજા-રજવાડાંઓ પર હતી. તેવા ઢોંગી-અધર્મી ગુરુઓનું પોકળ વર્ણી જ્યાં જતા ત્યાં ખુલ્લું પડી જતું.

વર્ણી બુટોલપુરથી પોખરા તરફ વિચરતાં વિચરતાં માતારીપુર નગરને વિષે પધાર્યા. ત્યાંના રાજા ધનના અતિ લોભી ને લાલચુ હતા. તેમને વર્ણીનાં દર્શન કરતાં થયું કે આ કોઈ મોટાપુરુષ છે. સાધારણ મનુષ્ય જેવા જણાતા નથી. નક્કી કોઈ સિદ્ધપુરુષ છે. તેમણે પોતાની સુવર્ણ સિદ્ધિની લાલસા તુરત પ્રદર્શિત કરી. વર્ણીને કહ્યું, “આપ મને સુવર્ણ સિદ્ધિનો ઉપાય બતાવો. આપ સમર્થ છો. આપને સર્વે સિદ્ધિ વશ છે તેવું આપનાં દર્શન કરતાં જ પ્રતીતિ થઈ આવે છે.”

વર્ણીને આ લોભી તેમજ સુવર્ણ સિદ્ધિઈચ્છુક રાજા પ્રત્યે દયા ઊપજી. જીવો આટલા બધા ધનલાલસાથી પિડાતા હશે ? અમારી સમક્ષ પણ તેની લાલસા રોકી શક્યો નહીં ! શું મહારાજ અને મોટાપુરુષનો જીવો આના માટે જ ઉપયોગ કરતા હોય છે ? એટલા માટે જ સેવા કરતા હોય છે ? એવા લોભી સ્વભાવ ધરાવતા હોય તેમણે સમાગમ કરી સ્વભાવ ટાળવા જોઈએ.

નીલકંઠ વર્ણીએ રાજાને ઉપદેશ આપ્યો. વળી, નાશવંત પદાર્થમાંથી મોહ મૂકી પ્રભુના સ્વરૂપમાં પ્રીતિ કરવાનો રાહ ચીંધ્યો. લોભી રાજાને ઘડી-બેઘડીનો ઉપદેશ શું અસર કરે ? આખરે વર્ણીની કરુણા જ તેમના પર રેલાઈ. વર્ણી ત્યાં બે

માસ રહ્યા. નિત્ય સમાગમ કરાવવા લાગ્યા, જેથી તેમના સ્વભાવ ખરવા લાગ્યા. આ દરમ્યાન રાજાને વર્ણીને વિષે હેત થયું તથા દિવ્યભાવ પણ પ્રગટ્યો.

આસો સુદ એકાદશીને દિવસે રાજાએ નીલકંઠ વર્ણીને વાત કરી કે, "હે વર્ણીરાજ ! મારા ગુરુ છે તે વનમાં ભોંયરામાં રહે છે. ફક્ત બાર મહિને એક વખત - આસો સુદ પૂનમના દિવસે બહાર નીસરે છે. ને તે દિવસે તેમનું ખૂબ ધામધૂમથી સન્માન કરવામાં આવે છે. તે દિવસે નગરના બધા જ લોકો એકઠા થાય છે ને મોટો મેળો ભરાય છે. હજારો માણસો તેમનો જયજયકાર કરે છે. અને ગુરુજી તે એક દિવસ ફૂલાહાર કરે છે. પછી પાછા બાર મહિના કાંઈ ખાધા-પીધા વિના ભોંયરામાં રહે છે."

નીલકંઠ વર્ણીને આ જાણી ખૂબ નવાઈ લાગી. તેમણે કહ્યું, "આ કળિયુગ છે એટલે આવાં દંભ અને પાખંડ તો ચાલવાનાં જ." વર્ણીએ ગુરુજીનું પાખંડ ખુલ્લું કરવા નક્કી કર્યું. આસો સુદ પૂનમ નજીક હોવાથી ને રાજાનો ખૂબ આગ્રહ હોવાથી વર્ણી ત્યાં જ રોકાયા.

વર્ણીએ રાજાને સમજાવ્યું કે, "રાજન, તમે જાણો છો કે ગુરુજી ભોંયરામાં શું જમે છે ? ગુરુ ભલે બીજું કંઈ ન જમતા હોય પણ તે બાર મહિના માનના આધારે જીવી શકે છે. જો તમારે ખાતરી કરવી હોય તો આ વખતે જ્યારે ગુરુજી ગુફામાંથી બહાર આવે ત્યારે કોઈએ ત્યાં હાજર ન રહેવું એવું નક્કી કરો. અને પછી જુઓ શું થાય છે ?"

અને રાજાએ વર્ણીની ઇચ્છા મુજબ કોઈનેય ગુરુના સન્માન માટે આવવા ન દીધા. આસો સુદ પૂનમનો દિવસ આવી ગયો. ગુરુજી નક્કી કરેલા સમયે ગુફામાંથી બહાર નીકળ્યા. તેમણે કંઈક સંકલ્પો સેવેલા. પણ આ શું ? તેમણે બહાર કોઈને ન દીઠા. ન રાજાને કે ન પ્રજાને. તેમને થયું, "અરર... મારું કોઈ નહીં ! મારું સન્માન નહીં ! મારો જયજયકાર કરનાર કોઈ નથી ?" એમ કરતાં ગુરુનો દેહ પડી ગયો.

રાજાને માનના આધારે જીવતા ઢોંગી ગુરુની પોલ ખબર પડી ગઈ. જેથી વર્ણીને વિષે ભગવાનપણાની પ્રતીતિ વિશેષ દૃઢ થઈ અને એમના આશ્રિત થયા.

શ્રીજીમહારાજે ગઢડા મધ્યના ૪૧મા વચનામૃતમાં એટલે જ જણાવ્યું છે કે,

"માન વગર તો ભગવાનની ભક્તિ પણ થાતી નથી."

## ગોપાળયોગી પાસે

માતારીપુર નગરના ઢોંગી ધુતારા ગુરુનું પોકળ ખુલ્લું કરી ત્યાંના રાજાને પોતાનો આશ્રિત કરી, વર્ણી ત્યાંથી ચાલ્યા. ગીચ જંગલની ઝાડી વટાવી એક મોટા શહેરમાં પ્રવેશ્યા. ત્યાં થોડું રોકાયા. ત્યાંના રાજા ગુરખા હતા. શહેર ચારેબાજુ પર્વતોથી ઘેરાયેલું હતું. રાજા મુમુક્ષુ હશે અથવા વર્ણી તેમના પર અઢળક વરસી ગયા હશે તેથી સામે ચાલી રાજાને પોતાનાં દર્શન દઈ આવ્યા તેમજ એક માસ સુધી રોકાઈ તેમના સદાવ્રતમાં જમ્યા. રાજાનું આવી રીતે સ્વેચ્છાએ રૂડું કરવા જ વર્ણી સદાવ્રતમાં જમ્યા ને ત્યાં રહ્યા.

કેટલી બધી રાજા પર કરુણા થઈ ગઈ કહેવાય !

ત્યાંથી પર્વત પસાર કરીને ચીન દેશ તરફ આવ્યા. દૂરથી તેની પર પોતાની દૃષ્ટિ રેલાવી સંકલ્પોનાં વાવેતર કરી દીધાં. પછી ત્યાંથી પાછા વળી નેપાળ પધાર્યા. વિકરાળ વનમાં પ્રવેશ કર્યો. હજારો પશુઓ, પંખીઓ, ઝાડ-પહાડનો મોક્ષ કરતાં વર્ણી એક ઘટાદાર વડના વૃક્ષ નીચે પહોંચ્યા. જ્યાં એક ઋષિ ધ્યાન કરતાં બેઠા હતા. નિત્ય ધ્યાનાભ્યાસે આંખો ગહેરી બની ગઈ હતી. મૃગચર્મ પાથરી તે પર સ્વસ્તિક આસને બેઠા હતા. માથે મોટી જટા બાંધેલી ને યોગકળામાં નિપુણ એવા અષ્ટાંગયોગી તે હતા. વર્ણી જાણે એમને દર્શન આપવા માટે જ તથા તેમનું પૂરું કરવા જ પધાર્યા હતા. વર્ણીરાજની આ તો રીત હતી. મુમુક્ષુઓને શોધી શોધી સામે ચાલી દર્શન આપતા. કોઈની સેવા અંગીકાર કરતા તો કોઈને ઉપદેશ આપી પોતાના સ્વરૂપનો નિશ્ચય કરાવતા. એમ તેઓ વિચરણમાં કેવળ કરુણા જ વહાવતા હતા.

નીલકંઠ વર્ણીનું જ્યાં એ વૃક્ષ નીચે આગમન થયું એ જ વખતે આ ઋષિની વૃત્તિઓ ખેંચાવા માંડી અને વર્ષોથી ધ્યાનસ્થ અવસ્થામાં બિડાયેલી આંખો એની મેળે ખૂલી ગઈ.

ગોપાળયોગી ખરા મુમુક્ષુ હતા. તેમણે અષ્ટાંગયોગ સિદ્ધ કર્યો હતો. પ્રભુની પ્રાપ્તિ સિવાય એમને કોઈ બીજી અપેક્ષા નહોતી. તેઓ સંપૂર્ણ નિષ્કામ હતા. ગોપાળયોગીની આંખો ખૂલતાં જ વર્ણીની મનોહર મૂર્તિનાં દર્શન થયાં. ધ્યાનીઓના ધ્યાનમાં કદી ન આવે તે આજે પોતાની આંખ સમક્ષ ઊભા હતા. વર્ણીએ યોગી પર કૃપાદૃષ્ટિ કરતાં જ ગોપાળયોગીના અંતરમાં આનંદ ઊભરાવા લાગ્યો. એમનું હૈયું સુખથી ભરાઈ ગયું. તેઓ ઊભા થઈ વર્ણીને વળગી પડ્યા.

સાક્ષાત્ પુરુષોત્તમનારાયણને ભેટવા મળ્યું હતું. તેમના સમગ્ર ચૈતન્યમાં દિવ્યતાનો-દિવ્યાનંદનો સંચાર થયો, જે આંખોમાંથી અશ્રુ બની બહાર વહેવા લાગ્યો હતો.

ગોપાળયોગીએ પૃચ્છા કરી, "હે વર્ણીરાજ ! આપ અમારા જેવા અનંત યોગીઓના પણ યોગી જણાવ છો, પણ છતાં આપ કોણ છો ? આપના સ્વરૂપ સંબંધી વાત કરો !" નીલકંઠ વર્ણી પોતાના સર્વોપરી સ્વરૂપની સ્વરૂપનિષ્ઠા કરાવવા પ્રગટ્યા હતા. એટલા માટે જ વિચરણ હતું. કોઈ સામે ચાલી એમના સ્વરૂપસંબંધી પૃચ્છા કરે તો તેઓ કેમ ન કહે ? તેઓ તો સામે ચાલી પાત્રતાવાળા મુમુક્ષુને પોતાની ઓળખાણ કરાવતા ને પ્રાપ્તિ કરાવતા.

નીલકંઠ વર્ણીએ કહ્યું, "અમે વનવિચરણ દરમ્યાન અનેક મોક્ષભાગી મુમુક્ષુઓને દર્શન આપી એમની સેવા લઈ કૃતાર્થ કરીએ છીએ અને એના માટે જ અમારું પ્રાગટ્ય છે."

વર્ણીની વાત સાંભળી ગોપાળયોગી બોલ્યા, "આપ સાક્ષાત્ પરમેશ્વર છો. મને દર્શન આપવા માટે આવ્યા છો. આપ જગતના આધાર પરમેશ્વર છો. તે સિવાય અહીંયાં કોઈ આવે જ નહીં." પછી વર્ણીએ કહ્યું, "અમે આપની સેવા અંગીકાર કરવા જ પધાર્યા છીએ. આપ અમને અષ્ટાંગયોગ શિખવાડો." ગોપાળયોગી વર્ણીને અષ્ટાંગયોગ શિખવાડવાની સેવા મળવાથી હર્ષ પામ્યા.

નીલકંઠ વર્ણી ગોપાળયોગી પાસે એક વર્ષ સુધી રહ્યા. એક વર્ષ સુધી એમની પાસેથી નિત્ય અષ્ટાંગયોગ શીખતા. તો વર્ણીએ એમને એક વર્ષ સુધી પોતાના સર્વોપરી સ્વરૂપસંબંધી જ્ઞાનયોગ શિખવાડ્યો.

અનંત કળાના સ્વામી એવા નીલકંઠ વર્ણીને તો ક્યાં એમની પાસે શીખવાનું હતું ? જેમણે દેહ જ ધર્યો નથી, દેહભાવ જ નથી એમણે અષ્ટાંગયોગ શું શીખવાના ! અષ્ટાંગયોગની સાધના દેહધારી માટે છે. છતાં, એમની કંઈક સેવા અંગીકાર કરી એમને અભયદાનના અધિકારી કરવા માટે એમની પાસેથી અષ્ટાંગયોગ શીખ્યા.

નીલકંઠ વર્ણી તો દિવ્યાતિદિવ્ય સ્વરૂપ હતા. ગોપાળયોગીને એક વર્ષમાં કેવળ કૃપાથી પોતાના સ્વરૂપના નિશ્ચયની દૃઢતા કરાવી દીધી હતી.

"બહુ જીવનાં કરવાં કાજ, આપે પ્રગટ થયા મહારાજ;
એમ નિશ્ચે કર્યો નિરધાર, નારાયણ તે આ બ્રહ્મચાર,

એવા જાણી પછી ધર્યું ધ્યાન, ચોંટી વૃત્તિ મૂર્તિમાં એકતાન;
તેણે વીસરિયો નિજ દેહ, થયો મૂર્તિમાં અતિસનેહ,
જાણ્યું આપ મળ્યું સુખ મોટું, બીજું સરવે લાગ્યું છે ખોટું."[૨૧]

ગોપાળયોગી હવે સંપૂર્ણ કૃતાર્થ થયા હતા. હવે એમને કોઈ અપેક્ષા નહોતી. બસ, એક સર્વોપરી પ્રભુની મૂર્તિના સુખની વાંછના હતી. વર્ણીએ ગોપાળયોગીને પોતાની મૂર્તિનું ધ્યાન ધરવાનું કહ્યું. ગોપાળયોગીએ વર્ણીની પરભાવની તેજોમય મૂર્તિ સાથે રોમ રોમ પ્રત્યે એકતા કરી અનુલોમ ધ્યાન કર્યું. વર્ણીએ કૃપા કરતાં તેમના ચૈતન્યને દેહથી જુદો કરી પુરુષોત્તમરૂપ સાકાર કરી પોતાની દિવ્યાતિદિવ્ય મૂર્તિનો સુખભોક્તા કરી તેમનો દેહ મુકાવી દીધો. ગોપાળયોગીને દિવ્ય ગતિ આપી ત્યાંથી વર્ણી પોતે આગળ ગતિમાન થયા.

## નીલકંઠ વર્ણી બાંસી શહેરમાં

નીલકંઠ વર્ણી પૂર્વ દિશા તરફ ઝડપથી પ્રયાણ કરી રહ્યા હતા. જંગલોને વીંધતાં, નદી-સરોવરો વટાવતાં બાંસી શહેર આવ્યું. ત્યાંથી થોડે દૂર એક નદી વહેતી હતી. નદીકિનારા પર સઘન વૃક્ષોની ઝાડી હતી. પક્ષીઓનો મીઠો કલરવ, નદીનું ખળખળ વહેવું, સુંદર રળિયામણી જગ્યા વગેરે હતું. વળી સારું એવું એકાંત પણ હતું. ત્યાં વર્ણી નિત્ય સ્નાન કરવા પધારતા.

એક દિવસ તેઓ નદીમાં સ્નાન કરી કિનારા પર ધ્યાનસ્થ મુદ્રામાં વિરાજ્યા હતા. રાજાના બે નોકરો ત્યાં આવ્યા. તેઓ શિકાર કરવા આવ્યા હતા. નોકરોએ બંદૂક વડે ત્યાં કલરવ કરતાં પક્ષીઓ પર સન...ન...ન... બે ગોળીઓ છોડી. બે પક્ષીઓ ચીસો પાડી તરફડતાં તરફડતાં નીચે પડ્યાં. ને ઘડીકમાં તેમના પ્રાણ નીકળી ગયા. વર્ણીએ આ બધું જ દૃશ્ય જોયું. તેમની નજર સમક્ષ જ જીવહિંસા થઈ હતી. પક્ષીનું તરફડવું તેમજ ચીસો સાંભળીને તેઓ દ્રવી ગયા.

નીલકંઠ વર્ણી ત્યાંથી ઊઠી ઉદાસ થઈ ચાલ્યા ગયા. તેઓ બાંસી શહેરમાં ન ગયા. શહેર છોડી નદીકિનારા પર જ રહ્યા.

અતિ દયાળુ એવા વર્ણીથી આ હિંસા સહન ન થઈ. તેઓ રાત્રિએ સૂતા હતા ને અચાનક મધ્યરાત્રિએ જાગી ગયા. દિવસે બનેલી ઘટના નજર સમક્ષ તરવરવા લાગી. તેઓને સહેજ સંકલ્પ થયો 'આવા શહેરમાં રહેવાતું હશે ! બળ્યું

**૨૧.** ભક્તચિંતામણિ : પ્રકરણ-૩૧

આ શહેર...' એમ સંકલ્પ કર્યો ત્યાં તો બાંસી શહેર ભડકે બળવા લાગ્યું. પ્રથમ રાજમહેલ જ અગ્નિથી લપેટાયો. મોટી મોટી જ્વાળાઓ નીકળવા લાગી. માણસોનો કોલાહલ મચી ગયો. બધા નાસભાગ કરવા લાગ્યા. આગ બુઝાવવા બુમરાણ કરતા હતા પણ આગ શે શમે !

નીલકંઠ વર્ણીને પણ આ જોઈ બહુ ખેદ થયો. તેમને થયું આવું કોઈનું ભૂંડું થાય એવો સંકલ્પ શા માટે કરવો જોઈએ ? એમનો દયાળુ સ્વભાવ હોવાથી દયા ઊપજી ગઈ. તેઓ તત્કાળ નદીમાં કૂદી પડ્યા ને શહેરમાં આગ શમી ગઈ ને શહેર ભડકે બળતું બચી ગયું. માત્ર જે હિંસા કરનાર નોકરો હતા તે આગમાં બળી ગયા. તેમને તેમના કરેલા કૃત્યનું ફળ મળી ગયું હતું.

## નીલકંઠ વર્ણી પોખરા શહેરમાં

પૂર્વ દિશામાં ચાલતાં ચાલતાં વર્ણીએ એક વનમાં પ્રવેશ કર્યો. રસ્તામાં નદી આવી; તેના કિનારા પર રહ્યા. નિત્ય ફળ-ફૂલ જે કાંઈ મળે તેનો જમાડવામાં ઉપયોગ કરતા. એકાંત સ્થળ હતું. મનુષ્યની કોઈ વસ્તી કે અવરજવર નહોતી. પ્રકૃતિ સુંદર ખીલેલી હતી. વર્ણીનાં દર્શનથી, હાજરીથી ફૂલ, ઝાડ, વૃક્ષો, પર્વતો પણ ચેતનવંતાં થઈ જતાં. નદીમાં નવું જોમ આવતું. વૃક્ષો પલ્લવિત થઈ જતાં. પર્વતો પુલકિત જણાતા ને ફળ-ફૂલ રસાળાં થઈ જતાં. આવા સર્વોપરી પ્રભુના વ્યતિરેક સ્વરૂપની પ્રાપ્તિ હોય જ ક્યાંથી ? મળે ક્યાંથી ? વર્ણી જ્યાં પણ વિચરતા ત્યાં એમનો દિવ્ય પ્રભાવ પ્રસરી જતો. આ વનમાં કેટલાક દિવસ રહ્યા.

વર્ણી એક દિવસ ધ્યાનમાં બેઠા હતા. ત્યાં જંગલી સિંહ આવ્યો. એમના દર્શનમાત્રથી તેની હિંસકવૃત્તિ શમી ગઈ, બળી ગઈ. તે શાંત થઈ ગયો. ગરીબ ગાય જેવો થઈ ગયો. નજીક આવીને વર્ણીના ચરણ જીભ વડે ચાટવા માંડ્યો. સિંહને વર્ણીના ચરણની પ્રસાદી ક્યાંથી ? બહુ જ કૃપાવંત થયો હશે. તેથી આવો સુભગ અવસર તેને મળી ગયો.

વર્ણીએ નેત્રો ખોલ્યાં. સિંહ પર વર્ણીની દૃષ્ટિ પડી ગઈ. સિંહને હવે કશું કરવાનું નહોતું. સર્વોપરી પ્રભુની દૃષ્ટિમાં આવી ગયો હતો. હવે તેની સંપૂર્ણ જવાબદારી સર્વાવતારી પ્રભુની હતી. વર્ણીએ સિંહને ઝાલ્યો. સિંહ ગરીબડો બનીને ઊભો રહ્યો.

વર્ણીએ વિચાર્યું... 'આ ગરીબડા સિંહ પર જો અસવાર થઈ વિચરણ કર્યું હોય તો ! ગામોગામ સિદ્ધ માનીને પૂજશે. લોકો આશ્ચર્ય પામશે. લોકોનાં ટોળેટોળાં જોવા માટે ઊમટશે !' વળી પાછું એમણે જ સમજાવ્યું, 'આવી સિદ્ધાઈ દેખાડવી, મનાવું-પૂજાવું તે પાખંડ છે. સત્પુરુષ કે ભગવાનનું લક્ષણ નથી. લોકોને ઐશ્વર્યથી આંજી નાખવા, માનવમેદની જોઈ તેનાથી ખુશ થવું, જયજયકાર સાંભળી ગર્વ અનુભવવો તે સાચા સંતનું લક્ષણ પણ નથી.' આવી રીતે સિંહને નિમિત્ત બનાવી વર્ણીએ મિથ્યા આડંબર કરતા ઢોંગી ગુરુઓની રીત-રસમ ખુલ્લી કરી હતી. વર્ણીએ સિંહને પોતાની કૃપાદૃષ્ટિમાં સમાવી જંગલમાં છોડી મૂક્યો. સિંહ નમસ્કાર કરતો વર્ણીનાં છેલ્લાં દર્શન કરતો ચાલ્યો ગયો.

વર્ણી ત્યાંથી ચાલ્યા. કેટલાય દિવસ બાદ કોશી નદીના કિનારે પહોંચ્યા. તેને કોકા નદી પણ કહેવાય છે. અહીં પર્વત પર ચઢી ધવલગિરિ શિખર પર આદિ વારાહક્ષેત્રમાં આવ્યા. તેને પોતાના ચરણથી, દૃષ્ટિથી પ્રસાદીભૂત કરવા તેમજ ત્યાં વસતા ને આવતા મુમુક્ષુઓને પોતાના સંકલ્પોમાં ભેળવવા ત્યાં ત્રણ દિવસ રહ્યા હતા. આ ક્ષેત્રને કોકામુખ પણ કહે છે. ત્યાંથી નીકળી આગળ જતાં મોદીગંગા નદીને પોતાના સંબંધવાળી કરવા તેમાં સ્નાન કર્યું.

ત્યાંથી પૂર્વ તરફ પ્રયાણ કરીને બહુ દિવસો ચાલ્યા અને પોખરા શહેરમાં પ્રવેશ્યા. તેની ઉત્તર કાશી તરીકેની ખ્યાતિ હતી. ત્યાં વિદ્વાનો વસતા હતા. ત્યાંથી પૂર્વ દિશામાં નેપાળમાં શિવપુરીના શિખર પર એક સુંદર મોટું સરોવર હતું. ઊંચા પર્વતનાં ત્રણ શિખર પરથી ત્રણ ધારામાં પાણી વહ્યું જતું હતું. તે ત્રિશૂલ ધારામાં વર્ણીએ સ્નાન કરાવવાનો લાભ આપ્યો. તે તીર્થને ઉદ્ધાર્યું. તીર્થને સજીવન કરી, વર્ણી વળી પાછા વનની વાટે નીકળી ગયા.

## ધાર્યું ધણીનું થાય

ગાઢ જંગલમાં ગીચ ઝાડીઓ વચ્ચે વર્ણી કૃશ કાયે, નિર્ભય થકા વિચરી રહ્યા હતા. પોતાના સંબંધે જે આવે તેને પણ સંપૂર્ણ ભયથી રહિત કરતા. રસ્તામાં તેમને એક વૈરાગીની જમાત મળી. વર્ણી તેમની સાથે થઈ ગયા. વૈરાગીઓના મોક્ષનો વારો આવ્યો હશે. તેથી રસ્તામાં એમને આ સર્વોપરી મહાપ્રભુનો સંગાથ થઈ ગયો. એમ જ કહો કે કરુણામૂર્તિ વર્ણીએ જ વૈરાગીઓનું પૂરું કરવા, પોતાનાં દર્શન આપવા સામે ચાલી એ રસ્તે પ્રયાણ કરી વૈરાગીઓને શોધી પોતાનો સંગ

આપી દીધો.

વર્ણીના સંગમાં આવવાથી વૈરાગીઓના મનના ઘાટ શમી ગયા. વર્ણીને બહુ સમર્થ જાણ્યા. વર્ણી પ્રત્યે તેમને ખૂબ હેત થઈ ગયું. આગળ ચાલતાં એક શહેર આવ્યું તે નેપાળની રાજધાની કાઠમંડુ શહેર હતું. ત્યાંના રાજા રણબહાદુર ગાદી પર હતા. તેમને શરીરમાં કોઈ અસાધ્ય રોગ લાગુ પડેલો. અનેક પ્રકારની દવા-ઔષધો કરી પણ રોગ મટતો ન હતો. તેમને દવાને બદલે દુવા મળે તેવા હેતુથી શહેરમાં જે કોઈ સાધુ-સંતો કે વૈરાગીઓની જમાતો આવે તેને પોતાને ત્યાં બોલાવતા. યેનકેન પ્રકારેણ પોતાના અસાધ્ય રોગને મટાડવાનું કહેતા. તેઓ એવું માનતા હતા કે ભેખમાં ભગવાન હોય. ક્યારેક જો એવી રીતે ભગવાનની પ્રાપ્તિ થઈ જાય તો તેના રોગને દૂર કરી દે. તેથી સાધુ-સંતોની સરભરા કરી પોતાના મહેલમાં બોલાવી અસાધ્ય રોગનો ઈલાજ કરાવતા. અને જો કોઈ સાધુ-સંતો આ રોગ ન મટાડી શકે તો તેને બંદીખાને પૂરી દેતા. આવા પાંચસો જેટલા સાધુ-સંતોને આજ સુધીમાં બંદીખાને પૂર્યા હતા.

આ જાણતાં જ જમાતના ખાખી વૈરાગીઓ ગભરાઈ ગયા. અને જાણી-જોઈને મોતના મોંમાં શા માટે જવું એવું વિચારી તે શહેરમાં નહિ જવા કહેવા લાગ્યા.

પરંતુ જીવોને ક્ષણમાં કાળ, કર્મ ને માયાથી પર કરતા એવા નીલકંઠ વર્ણીને કોનો ડર લાગે ? તેમણે વૈરાગીઓને કહ્યું કે, "હે સાધુઓ ! આમ ડરો છો શા માટે ? ધાર્યું તો બધું ભગવાનનું થાય છે. રાજાના હાથમાં સૌનાં નાડીપ્રાણ થોડાં છે ? સૌના પ્રેરક અને નિયંતા તો એકમાત્ર સનાતન પુરુષોત્તમનારાયણ છે અને એ તો તમારી સાથે છે; પછી ડરો છો શા માટે ?"

બિચારા વૈરાગીઓ વર્ણીનો મનુષ્યભાવ જોઈ મનુષ્ય સ્વરૂપનાં દર્શન કરી પોતાની દૃષ્ટિથી જોતા હતા. તેમને આવો તેમનો મહિમા કેમ સમજાય ? છતાં વર્ણીએ પોતાના સ્વરૂપની ઓળખ આપી સૌને નિર્ભય કર્યા.

સૌ શહેરમાં પહોંચ્યા. રાજાને ખબર મળતાં જમાતને ઉતારા-પાણી કરાવ્યાં. જમવાની વ્યવસ્થા કરી આપી. પછી જમાતના મહંત તથા નીલકંઠ વર્ણીને પોતાની પાસે બોલાવ્યા.

રાજાએ સારી આગતા-સ્વાગતા કરી. પોતાના અસાધ્ય રોગની વાત કરી અને કહ્યું, "જો તમે મારું આ દુઃખ નહિ ટાળો તો બીજાની જેમ તમને પણ

બંદીખાને પૂરી દઈશ.''


નીલકંઠ વર્ણી આજે તેના અજ્ઞાન તથા અસાધ્ય રોગ એ બંનેને ટાળવા એટલે કે દેહના અને આત્માના રોગને ટાળવા પધાર્યા હતા. તેમણે કહ્યું કે, ''હે રાજન ! ધાર્યું બધું ભગવાનનું થાય છે. ભગવાન સામે હઠ કરવાથી કે ત્રાગું કરવાથી ભગવાન એવા ભોળા કે ડરપોક નથી તે આપી દે. એમની ઇચ્છા એ આપણું સુખ માનવું જોઈએ. છતાં લાવો જળ, આજે અમે તમને રોગથી રહિત કરીએ. એમ કહી શુદ્ધ જળ મગાવી તેનો સ્પર્શ કરી પ્રસાદીનું કર્યું. અને જેવું રાજાને પિવડાવ્યું કે એ જ મિનિટે રાજાનું તમામ કષ્ટ તત્કાળ દૂર થઈ ગયું.

રાજાએ વર્ણીના ચરણ પકડી લીધા અને દીન થઈ કગરવા લાગ્યા કે, ''વર્ણીરાજ ! મારી પર તમે અઢળક ઢળ્યા છો. હું તમારો ઋણી છું. તમે મારું અસાધ્ય કષ્ટ કાપ્યું છે. આપ મારી પાસે કાંઈક માગો. જેટલું માગશો તેટલું દ્રવ્ય આપીશ.''

પણ વર્ણીએ તો એટલું જ માગ્યું, ''હે રાજન ! અમારે દ્રવ્યાદિક કાંઈ જોઈતું નથી પણ તમે આ સાધુ-સંતોને બંદીખાને પૂર્યા છે તેમને છોડી મૂકો અને તેમની માફી માગી તેમને રાજી કરો. તો તમારી પર રાજી થઈશું.'' રાજાએ તુરત જ બંદીવાન કરેલા સાધુ-સંતોને મુક્ત કરવાનું ફરમાન કર્યું ને સર્વે બંદીવાન કરેલા સાધુ-વૈરાગીઓને છોડી મૂક્યા.

નીલકંઠ વર્ણી રાજાને પોતાના આશ્રિત કરી તેનું પૂરું કરવાનો સંકલ્પ કરી આગળ જવા માટે નીકળ્યા.

# નોંધ



આદ્ય સ્થાપક
ગુરુદેવ પ.પૂ. બાપજી



દિવ્ય પ્રેરક
ગુરુવર્ય પ.પૂ. સ્વામીશ્રી

## સંસ્થાપક ગુરુદેવ પ.પૂ. બાપજી

“સિદ્ધાંતમાં સમાધાન નહિ અને નિયમ-ધર્મમાં છૂટછાટ નહીં.” - આ સૂત્રને જીવન પર્યંત ધારણ કરીને ભગવાન શ્રી સ્વામિનારાયણની આજ્ઞા-ઉપાસના અને મહિમાનો સર્વજનના હિતમાં પ્રચાર કરનાર ગુરુદેવ પ.પૂ. બાપજી એક સિદ્ધાંતવાદી સત્પુરુષ છે.

ગુરુદેવ પ.પૂ. બાપજીનું સિદ્ધાંતવાદી જીવન, નિર્દંભ સાધુતા, ધર્મ-નિયમની અણીશુદ્ધતા, નિર્માનીપણું ને નિર્દોષભાવથી ભરેલું પારદર્શક જીવન, પોતાની અહમ્‌શૂન્યતા ને શ્રીજીનું જ કર્તાપણું આદિ ગુણોએ લાખોના જીવનમાં પ્રેરણાનાં પીયૂષ પાયાં છે. જેના પગલે પગલે સર્જાયો છે લાખો સંતો-હરિભક્તોનો અણીશુદ્ધ સમુદાય. આવા દિવ્ય સત્પુરુષના સંબંધમાં આવનાર હરેક વ્યક્તિના જીવનમાં જીવનપરિવર્તનના દીવડા પ્રકાશ્યા છે.

ગુરુદેવ પ.પૂ. બાપજીનું દિવ્ય અને વિરલ વ્યક્તિત્વ એવું અનોખું છે કે જેમના સાંનિધ્યમાં ભગવાન સ્વામિનારાયણના સ્વરૂપની યથાર્થ ઓળખાણ અને આત્યંતિક કલ્યાણની પ્રાપ્તિ થાય છે. મનને શાંતિનો અનુભવ થાય છે. આંતર પવિત્રતા પ્રગટે છે. પંચમહાલના ડુંગરાઓમાં વસતા ગરીબ, દલિત, પછાત ને અંધશ્રદ્ધામાં અટવાયેલાઓના બેલી બની તેમના જીવનમાં તેઓએ પ્રકાશ પાથર્યો છે ને તેમના અંધકારમય જીવનમાં આમૂલ પરિવર્તન આણ્યું છે. ૮૬ વર્ષની ઉંમર સુધી અસંખ્ય ગામડાંઓમાં તથા હજારો ભક્તોના ઘરોની વ્યક્તિગત મુલાકાત લઈ તેઓએ અવિરત વિચરણ કર્યું છે. તેમના આ વિચરણથી સર્વત્ર અનોખી આધ્યાત્મિક સુવાસ ફેલાઈ રહી છે.

દેશ-સમાજમાં આધ્યાત્મિક ઉન્નતિનું કાર્ય હોય કે પછી સમાજસેવા કરવાનું ભગીરથ કાર્ય હોય તેમાં ગુરુદેવ પ.પૂ. બાપજીની નિરંતર પ્રેરણા મળતી રહી છે. તેઓની પ્રેરણાથી જ દેશ-સમાજની આધ્યાત્મિક ઉન્નતિ માટે એસ.એમ.વી.એસ. સંસ્થાના સંતો-કાર્યકરો અવિરત વિચરણ કરી જીવનપરિવર્તન માટેનો દિવ્ય સંદેશ જન જન સુધી પહોંચાડી રહ્યા છે. વળી, શૈક્ષણિક સેવાઓ, તબીબી સેવાઓ, ભૂકંપપીડિતોને સહાય તેમજ પૂરગ્રસ્ત વિસ્તારોમાં રાહતકાર્યની સેવાઓ તેમજ રાજ્ય સરકાર તથા કેન્દ્ર સરકાર દ્વારા આવતાં રચનાત્મક આયોજનો જેવાં કે ‘વાંચે ગુજરાત’ તથા ‘સ્વચ્છતા અભિયાન’ આદિ આયોજનો પણ સંસ્થા દ્વારા ગુરુદેવ પ.પૂ. બાપજીની પ્રેરણાથી ચાલી રહ્યાં છે. વળી, સામાજિક સેવાકીય પ્રવૃત્તિઓને વધુ વેગવંતી બનાવવા ગુરુદેવ પ.પૂ. બાપજીની પ્રેરણાથી ‘એસ.એમ.વી.એસ. ચેરિટીઝ’ની સ્થાપના કરવામાં આવી છે.

એસ.એમ.વી.એસ. સંસ્થા દ્વારા થતા તમામ સેવાકાર્યોનું શ્રેય ગુરુદેવ પ.પૂ. બાપજીના ચરણે સમર્પિત છે. તેઓની જ દિવ્ય પ્રેરણાથી સંસ્થાની આન, બાન, શાન સમગ્ર વિશ્વમાં લહેરાઈ રહી છે. સંપ્રદાય તથા ઈતર સંપ્રદાયના મુમુક્ષુઓ, સંતો અને અગ્રેસરો પણ આ સત્પુરુષની આધ્યાત્મિક પ્રતિભાને વંદન કરી કૃતાર્થતા અનુભવી રહ્યા છે. તેઓની આ દિવ્યતાનું એક અને માત્ર એક કારણ તેઓ ગણાવે છે અને તે છે એકમાત્ર ભગવાન સ્વામિનારાયણનું કર્તાપણું ! તેઓના ક્રાંતિકારી કાર્યોને વધુ વેગ આપી જન જન સુધી તેમનો સંદેશો પહોંચાડવા ગુરુદેવ પ.પૂ. બાપજીની આજ્ઞાથી ગુરુવર્ય પ.પૂ. સત્યસંકલ્પદાસજી સ્વામીશ્રી સંસ્થાનું પ્રમુખપદ સંભાળી રહ્યા છે.

આપણા સૌના જ્ઞેય, ધ્યેય અને ઉપાસ્ય મૂર્તિ એવા શ્રી સ્વામિનારાયણ ભગવાન છે. જે સમગ્ર સંપ્રદાયના તમામ આશ્રિતગણનું લક્ષ્ય છે, નિશાન છે અને મુકામ છે. સૌએ એમના દિવ્ય સ્વરૂપમાં જોડાઈ છતે દેહે મૂર્તિસુખના અનુભવી થવું અર્થાત્ અનાદિમુક્તની સ્થિતિને પામવી એ જ અંતિમ લક્ષ્ય સેવવાનું છે.

છતાં શ્રીજીમહારાજના પ્રાગટ્યથી માંડીને આ લોકમાં દેખાતો ભાવ અદૃશ્ય કર્યો ત્યાં સુધીના તેઓના તમામ ચરિત્રો પણ અતિ દિવ્ય ને કલ્યાણકારી જ છે. એ ચરિત્રોનું વાંચન, મનન અને ચિંતન પણ અંતઃકરણને શુદ્ધ અને પવિત્ર કરનાર છે.

સદ્. મુક્તાનંદ સ્વામીએ જ્યારે જ્યારે પણ શ્રીજીમહારાજને પૂછ્યું કે, “હે મહારાજ ! અંતરે શાંતિ થાય, ઉદ્વેગ શમી જાય અને સદાય સુખિયા રહેવાય એવો ઉપાય બતાવો.” ત્યારે ત્યારે શ્રીજીમહારાજ પોતાનાં દિવ્ય ચરિત્રો જ સંભળાવતા. શ્રીજીમહારાજ એમના પ્રશ્નોના સ્થાને શા માટે પોતાનાં દિવ્ય ચરિત્રો સંભળાવતા હશે ? તો આ લીલા પાછળનું રહસ્ય પણ તેઓનું એ જ હતું કે આ બધા પ્રશ્નોનો ઉપાય એટલે અમારા દિવ્ય ચરિત્રોનું શ્રવણ, વાંચન અને મનન કરવું. આ ચરિત્રોમાં સર્વે વાત આવી જાય છે.

આ વાતને સમર્થન આપતાં શ્રીજીમહારાજે ગઢડા મધ્યના ૫૮મા વચનામૃતમાં કહ્યું છે, ‘અમે જે જે ચરિત્ર કર્યાં હોય અને જે જે આચરણ કર્યાં હોય તે આચરણને વિષે ધર્મ પણ સહેજે આવી જાય અને અમારો મહિમા પણ આવી જાય.’ આમ, શ્રીજીમહારાજના દિવ્યજીવનનું વૃત્તાંત સૌના માટે સદાય સુખિયા થવા પથદીપક સમાન છે. માટે આ પુસ્તકમાં રજૂ કરેલ સ્વામિનારાયણ ભગવાનના જીવનવૃત્તાંતના વાંચન-શ્રવણથી જરૂર સર્વે અંગે પૂર્ણ થશે અવી અપેક્ષા છે.

– ગુરુવર્ય પ.પૂ. સ્વામીશ્રી

SMVS

સ્વામિનારાયણ મંદિર વાસણા સંસ્થા